

પેજ-08
19 વર્ષ પછી ભારતમાં પરફોર્મ કરશે ગ્લોબલ સ્ટાર શકીરા : એપ્રિલમાં મુંબઈ અને દિલ્હીમાં...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
સિકંદર રઝા વર્લ્ડ રેકોર્ડ વિરાટ અને સૂર્યાને પછાડ્યા



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 34.00 | 20.00 |
| વડોદરા | 35.00 | 21.00 |
| સુરત | 34.00 | 22.00 |

પેજ 5

UPI પેમેન્ટ્સ બન્યું વધુ સિક્યોર: PhonePeએ લોન્ચ કર્યું બાયોમેટ્રિક...

21 FEBRUARY-2026 SATURDAY

ડોનાલ્ડ ટ્રમ્પ બોર્ડ ઓફ પીસ બેઠકમાં પાકિસ્તાન મંત્રણા

પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 82814.71 | ▲ 316.57 |
| નિફ્ટી | 25571.25 | ▲ 116.90 |
| સોનું | 156862.00 | ▼ 2043.00 |
| ચાંદી | 253149.00 | ▼ 11756.00 |

વર્ષ-15 । અંક-101 । વિક્રમ સંવત-2082 । ફાગણ સુદ-04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### સંગ્રહખોરીના ખેલ ખુલ્લા પડવાની શકયતા

## બીડી, સીગારેટ, તમાકુના ડીલરોની ભાવવધારા પહેલા જ નફાખોરી

■ કંપનીઓ પુરતો માલ આપે છે છતાં ડીલરોએ જાતે જ અછત સર્જી હોવાનો ઢોંગ

■ પાન - બીડીના વેપારીઓ નુકશાનીથી બચવા ભાવ વધારવા લાગ્યા

(એજન્સી) રાજકોટ, તા. 20

કેન્દ્ર-રાજ્ય સરકારનું બજેટ રજૂ થયા બાદ આગામી માર્ચ માસમાં બીડી-સીગારેટ- તમાકુ -ગુટખા પ્રોડકટમાં ભાવ વધવાની આશાએ રાજકોટ શહેરના મોટાભાગના ડીલરોએ નફાખોરી માટે માલની અછત દર્શાવી એજન્સીઓને પુરતો માલ નહી આપતા સરવાળે નાના છુટક પાન-બીડીના વેપારીઓને માલ નહી મળતા પ્રિન્ટ ભાવે માલ ખરીદવા મજબુર બન્યા છે. પરિણામે કંપનીઓએ ભાવ વધાર્યા નથી છતાં વેપારીઓને ભાવ વધારવાની ફરજ પડી છે. બીડી-સીગારેટ, તમાકુ, ગુટખા સહિતની કંપનીઓએ હાલ કોઈપણ પ્રકારનો ભાવ વધારો કર્યો નથી તેમ છતાં પાન-બીડીના વેપારીઓ ભાવ વધારવા લાગ્યા છે તેના કારણમાં જઈએ તો ડીલરોની નફાખોરી જોવા મળશે.



### પાન, સીગારેટ, ગુટખામાં રૂા.2થી 3નો વધારો કરતા ગ્રાહકો નારાજ

ડીલરો એજન્સીઓને પુરતો માલ નહી આપી 'પ્રિન્ટ ભાવે જ માલ હાજરમાં છે' તેવું જણાવતા એજન્સી માલીકો પોતાના વેપારીઓને પુરતો માલ આપવા નાછુટકે ઉંચા ભાવે ખરીદી કરે છે. ત્યારબાદ પાન બીડીના છુટક પાનના ગલ્લાઓના વેપારીઓ એજન્સી પાસેથી માલ ખરીદવા ઓર્ડર આપતા 6-7 દિવસે માલ મળી રહ્યો છે તે પણ પ્રિન્ટના ભાવે આથી પાનના ગલ્લાઓના વેપારીઓને આર્થીક રીતે નુકશાનીથી બચવા જાતે જ પાન, માવા, સીગારેટ, ફાકી, બીડી, ગુટખામાં રૂા.2થી 3નો વધારો કરતા ગ્રાહકો નારાજ થઈ રહ્યા છે.

### આંબા જંગલ ગામના નિર્દોષ લોકો કાળનો કોળિયો બન્યા

# વલસાડ : કપરાડામાં ટ્રક પાછળ ઈકો કાર ઘૂસી જતાં 7નાં મોત

### કુંભઘાટ નજીક ટ્રક સાથે થયેલી જોરદાર ટક્કરથી પંથકમાં હાહાકાર મચી ગયો

(એજન્સી) કપરાડા, તા. 20

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના કુંભઘાટ નજીક આજે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. કપરાડા-નાનાપોંઢા હાઈવે પર ઈકો કાર અને ટ્રક વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં બે મહિલા અને પાંચ પુરુષના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, અકસ્માતનો ભોગ બનેલા તમામ લોકો કપરાડા તાલુકાના આંબા જંગલ ગામના રહેવાસી હતા.



**સ્થાનિકોએ અને પોલીસે કારમાં ફસાયેલા લોકોને બહાર નીકાળ્યા? :** ઈકો કારમાં સવાર થઈને કપરાડાથી નાનાપોંઢા તરફ જઈ રહ્યા હતા, આ દરમિયાન કુંભઘાટ નજીક ટ્રક સાથે તેમની ઈકો કારની જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માતને પગલે આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. સ્થાનિકો અને પોલીસની મદદથી કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. આ દુર્ઘટનામાં 7 લોકોએ જીવ ગુમાવ્યા છે.

#### આંબા જંગલ ગામમાં માતમનો છાંયો

આ સમાચાર વાયુવેગે પ્રસરતા જ આંબા જંગલ ગામમાં જાણે આભ તૂટી પડ્યું છે. આ અકસ્માતમાં 72 વર્ષના વડીલ કિશનભાઈ મહાદુભાઈથી લઈને 29 વર્ષના જુવાનજોધ નરેશભાઈ પવાર સુધીના સભ્યોએ જીવ ગુમાવ્યા છે. વિનોદભાઈ રાઉત, ગણેશભાઈ મિસાલ અને રમીલાબેન માંગી જેવા પરિવારના સભ્યોના મોતના સમાચાર સાંભળતા જ ગામના રસોડામાં ચૂલા ઠરી ગયા છે. શિવરામભાઈ લાહનુબાઈ અને અન્ય એક વ્યક્તિની પણ આ કાળમુખા અકસ્માતે બલિ લીધી છે.



## દિલ્હીના ટ્રાફિક પર બ્રિટનના પૂર્વ PMનો મજાકિયો અંદાજ

**એઆઇ ઘણું બધું કરી શકે છે, પણ દિલ્હીનો ટ્રાફિક ખતમ ન કરી શકે! : ઋષિ સુનક**

(એજન્સી) નવી દિલ્હી, તા.20

દિલ્હીની ટ્રાફિક સમસ્યા આમ આદમીને તો પરેશાન કરે જ છે પણ ગઈકાલે તેનો ભોગ ભારતીય મુળના બ્રિટનના પૂર્વ વડાપ્રધાન ઋષિ સુનક પણ બન્યા હતા. ટ્રાફિકના કારણે તેઓ એઆઇ સમિટમાં મોડા પહોંચતા તેમણે મજાકના અંદાજમાં કહ્યું હતું કે એઆઇ ઘણું બધું કરી શકે છે. પણ દિલ્હીનો ટ્રાફિક ખતમ ન કરી શકે! તેમની આ કોમેન્ટથી હાજર સૌ કોઇ હસી પડ્યા હતા. હાલ દિલ્હીમાં ઈન્ડિયા એઆઇ ઈમ્પેક્ટ સમિટ ચાલી રહી છે. જેમાં બ્રિટનના પૂર્વ સીએમ ઋષિ સુનક પણ ભાગ લેવા આવ્યા છે. ટ્રાફિક જામના કારણે તેમને સમિટમાં પહોંચવામાં મોડું થયું હતું.

**સોરી હું કેટલીક મિનિટ લેટ થઇ ગયો :** ઋષિ સુનક જેવા સમિટમાં મોડા પહોંચ્યા કે તેમણે મજાકિયા અંદાજમાં માફી માગતા કહ્યું હતું - સોરી હું કેટલીક મિનિટ લેટ થઇ ગયો અને આ પૂરી રીતે મારી ભુલ છે. એઆઇ ઘણું બધુ કરી શકે છે, આપણે આ વીકમાં જોયું, પરંતુ પણ તે હજુ સુધી દિલ્હીનો ટ્રાફિક હલ નથી કરી શક્યો, એટલે હવે ઘણું કામ કરવાનું બાકી છે. ઋષિ સુનકની વાત સાંભળી હાજર સૌ કોઇ હસી પડ્યા હતા.

## જેને AIની સૌથી વધુ જરૂર છે તે જ ટીકા કરે છે ! : ફડણવીસનો રાહુલ પર પ્રહાર

### રાહુલ ગાંધીએ 'પીઆર સ્ટંટ' ગણાવીને વિવાદ મધપૂડો છંછેડ્યો



(એજન્સી) નવી દિલ્હી, તા. 20

દેશની રાજધાની દિલ્હીમાં અત્યારે 'એઆઇ ઈમ્પેક્ટ' ની ગુંજ સંભળાઈ રહીછે, પરંતુ ટેકનોલોજીના આ મંચ પર હવે રાજકારણનું 'ઈન્ટેલિજન્સ' પણ ઉમેરાયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ જ્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના માધ્યમથી નવી ઊંચાઈઓ આંબવાની તૈયારી કરી રહ્યો છે, ત્યારે વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ તેને માત્ર એક 'પીઆર સ્ટંટ' ગણાવીને વિવાદ મધપૂડો છંછેડ્યો છે. જોકે, આ ટીકાનો વળતો જવાબ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે એવા અંદાજમાં આપ્યો છે કે દિલ્હીથી મુંબઈ સુધીના રાજકીય ગલિયારામાં તેની જ ચર્ચા છે. સ્થાનિક સૂત્રો અને મીડિયા રિપોર્ટ્સ મુજબ, દેવેન્દ્ર ફડણવીસે રાહુલ ગાંધીની બૌદ્ધિક ક્ષમતા પર સીધો કટાક્ષ કરતા કહ્યું કે, "જો અત્યારે ભારતમાં કોઈને સૌથી વધુ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઇ ની જરૂર હોય, તો તે રાહુલ ગાંધી જ છે." ફડણવીસે ધારદાર શબ્દોમાં ઉમેર્યું હતું કે, જ્યારે કોઈ વ્યક્તિની પોતાની 'હ્યુમન ઈન્ટેલિજન્સ' એટલે કે માનવીય બુદ્ધિ નિષ્ક્રિય થઈ જાય છે અથવા કામ કરવાનું બંધ કરી દે છે, ત્યારે એઆઇ જ તેને મદદે આવે છે.

**■ પીઆર સ્ટંટ કે ભારતનું ભવિષ્ય?**

આ વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે રાહુલ ગાંધીએ વડાપ્રધાનના એઆઇ વિઝન પર ટીકા કરી હતી. રાહુલે કહ્યું હતું કે આ બધું માત્ર પ્રચારનું એક સાધન છે અને વડાપ્રધાન મોદી જનતાનું ધ્યાન અસલી મુદ્દાઓ પરથી ભટકાવવા માટે આવા 'પીઆર સ્ટંટ' કરે છે. જાણકારો માને છે કે રાહુલ ગાંધી હંમેશા સરકારના ટેકનોલોજીકલ પ્લેટફોર્મ્સને શંકાની નજરે જુએ છે, પરંતુ ફડણવીસે તેને "પોતાની અછત છુપાવવાનો પ્રયાસ" ગણાવ્યો છે.

**■ ચાની ચુસ્કી-ડિજિટલ ઈન્ડિયાની ચર્ચા**

દિલ્હીના બજારો અને રીક્ષા સ્ટેન્ડ પર પણ અત્યારે આ 'બુદ્ધિના યુદ્ધ'ની વાતો થઈ રહી છે. લોકો ચર્ચા કરી રહ્યા છે કે શું ખરેખર વિપક્ષ નવી ટેકનોલોજીનો વિરોધ કરીને પોતાનું જ નુકસાન કરી રહ્યો છે? ફડણવીસનો આ જવાબ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ભાજપના કાર્યકરો તેને માસ્ટરસ્ટ્રોક ગણાવી રહ્યા છે, જ્યારે કોંગ્રેસના ખેમામાં સન્નાટો છે. ઉત્તર ભારતના વાચકો માટે આ માત્ર સમાચાર નથી, પણ એ વાતનું પ્રમાણ છે કે આગામી સમયમાં રાજકારણ માત્ર રસ્તાઓ પર નહીં, પણ ઈન્ટેલિજન્સના મેદાનમાં ખેલાશે.

## બર્ફીલા પ્રદેશોમાં ફરવાના શોખીન ગુજરાતીઓને ઝટકો

### ઉત્તરાખંડ સરકારે કર્યો નિર્ણય




(એજન્સી) સિમલા,તા.20

આર્થિક સંકટનો સામનો કરી રહેલી હિમાચલ પ્રદેશની સુખવિંદર સિંહ સુખુ સરકારે રાજ્યની આવક વધારવા માટે મોટો નિર્ણય લીધો છે. હવે અન્ય રાજ્યોમાંથી હિમાચલ પ્રદેશમાં પ્રવેશતા વાહનો પર લેવામાં આવતા એન્ટ્રી ટેક્સમાં ધરખમ વધારો કરવામાં આવ્યો છે. સરકારની નવી બેરિયર નીતિ મુજબ, ટેક્સના દરમાં અઢી ગણા સુધીનો વધારો ઝીંકવામાં આવ્યો છે, જે 1 એપ્રિલથી અમલી બનશે. જોકે, હિમાચલ પાસિંગ ધરાવતા વાહનોને આ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી છે. સામાન્ય વાહનો: પહેલા 70 રૂપિયા લેવાતા હતા, જે હવે વધારીને 170 રૂપિયા કરી દેવાયા છે. હેવી વાહનો(ટ્રક વગેરે) : ટેક્સ 720 રૂપિયાથી વધારીને 900 રૂપિયા કરવામાં આવ્યો છે. જેસીબી અને કન્સ્ટ્રક્શન મશીનરી: 570 રૂપિયાથી વધારીને 800 રૂપિયા કરાયો છે. ટ્રેક્ટર: એન્ટ્રી ફી 70 રૂપિયાથી વધારીને 100 રૂપિયા કરવામાં આવી છે. ડબલ એક્સલ બસ અને ટ્રક: આમાં કોઈ ફેરફાર કરાયો નથી, તેનો દર 570 રૂપિયા યથાવત રાખવામાં આવ્યો છે.

### નવા કાયદા હેઠળ જાહેરાત, સુપ્રીમ કોર્ટે ટેરિફ રદ કર્યા હતા

# ડોનાલ્ડ ટ્રમ્પે દુનિયાના દેશો પર 10% વધારાનો ટેરિફ લગાવ્યો



(એજન્સી) નવી દિલ્હી, તા. 20

અમેરિકી સુપ્રીમ કોર્ટના ટેરિફ રદ કરવાના નિર્ણયના ૩ કલાકની અંદર જ ડોનાલ્ડ ટ્રમ્પે નવા ટેરિફની જાહેરાત કરી દીધી છે. ટ્રમ્પે સેક્શન 122 નો હવાલો આપીને તમામ દેશો પર ટેરિફની જાહેરાત કરી છે. આ નિયમ હેઠળ મહત્તમ 15% સુધી ગ્લોબલ ટેરિફ લગાવી શકાય છે, પરંતુ માત્ર 150 દિવસ માટે. તેનો ઉપયોગ મોટા વેપાર ખાધ (trade deficit) ને પહોંચી વળવા માટે કરી શકાય છે. આ અગાઉ શુક્રવારે સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ગ્લોબલ ટેરિફને રદ કર્યા હતા. કોર્ટે બીજા દેશો પર લાદવામાં આવેલા ટેરિફને ગેરકાયદેસર ગણાવ્યા છે. ભારત પર લગાવવામાં આવેલ 18% રેસિપ્રોકલ ટેરિફ પણ હવે ગેરકાયદેસર જાહેર થઈ ગયો છે. સુપ્રીમ કોર્ટે 6-3ના બહુમતીથી ચુકાદો આપતા કહ્યું કે બંધારણ હેઠળ ટેક્સ અને ટેરિફ લગાવવાનો અધિકાર રાષ્ટ્રપતિને નથી, માત્ર કોંગ્રેસ (અમેરિકી સંસદ) ને છે.

### આ ચુકાદાથી બધા ટેરિફ નાબૂદ નહીં થાય

1 કોર્ટના આદેશથી ટ્રમ્પના બધા ટેરિફ નાબૂદ થતા નથી. સ્ટીલ અને એલ્યુમિનિયમ પરના ટેરિફ અલગ કાયદા હેઠળ લાદવામાં આવ્યા હતા, તેથી તે અમલમાં રહેશે.

2 ટેરિફની બે મુખ્ય કેટેગરી સ્થગિત કરાઈ છે. પ્રથમ કેટેગરી પારસ્પરિક ટેરિફ છે જે ટ્રમ્પે વિવિધ દેશો પર લાદ્યા હતા. આમાં ચીન પર 34% બેઝલાઈન ટેરિફ, બાકીના વિશ્વ માટે 10% બેઝલાઈન ટેરિફનો સમાવેશ થાય છે.

3 ચુકાદા પર ટ્રમ્પે કહ્યું કે આ ખૂબ જ નિરાશાજનક છે. તેમને કોર્ટના કેટલાક સભ્યો પર શરમ આવી રહી છે કે તેમનામાં આપણા દેશ માટે સાચું કામ કરવાની હિંમત નથી.

4 આ પહેલા ટ્રમ્પે ટેરિફ પરની સુનાવણીને લઈને કહ્યું હતું કે જો તેઓ કેસ હારી જશે તો દેશ બરબાદ થઈ જશે. કોર્ટનો આ નિર્ણય ટ્રમ્પની આર્થિક નીતિઓ માટે મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે.

5 બીજી કેટેગરીમાં 25% ટેરિફ છે જે ટ્રમ્પે કેનેડા, ચીન અને મેક્સિકોથી અમુક માલ પર લાદ્યો. આ દેશોએ યુનાઈટેડ સ્ટેટ્સમાં ફેન્ટાનાઈલની દાણચોરી અટકાવવા માટે પૂરતા પગલાં લીધા નથી.

### ટ્રમ્પે 49 વર્ષ જૂના કાયદાનો ઉપયોગ કર્યો હતો

ટ્રમ્પના ટેરિફ વિવાદના કેન્દ્રમાં ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ (IEEPA) નામનો કાયદો છે. આ કાયદો 1977માં ઘડવામાં આવ્યો હતો. તેનો હેતુ દેશ માટે ગંભીર ખતરો, જેમ કે યુદ્ધ જેવી પરિસ્થિતિ, વિદેશી દુશ્મન તરફથી મોટો આર્થિક ખતરો, અથવા અસાધારણ આંતરરાષ્ટ્રીય કટોકટીની સ્થિતિમાં રાષ્ટ્રપતિને ચોક્કસ સત્તાઓ આપવાનો હતો.

### માર્ક ઝકરબર્ગે તેના પર લગાવ્યો મોટો દાવ; AI સમિટમાં બધાનું ધ્યાન ખેંચ્યું

# PM મોદી સાથે દેખાયો 29 વર્ષનો અબજોપતિ યુવાન એલેક્ઝાન્ડર વાંગ : AIની દુનિયા હચમચાવી દીધી

(એજન્સી) નવી દિલ્હી, તા. 20

AI Impact Summit 2026ના ચોથા દિવસે મોટી હલચલ રહી. દુનિયાના મોટા ટેક લીડર્સ એકઠા થયા છે. ગૂગલ સીઈઓ સુંદર પિચાઈ, ઓપન એઆઈ સીઈઓ સેમ ઓલ્ટમેન અને એન્થ્રોપિક સીઈઓ ડારિયો એમોડેઈની ચર્ચા ચારે બાજુ છે. પરંતુ એલેક્ઝાન્ડર વાંગ આ સમિટમાં એક એવી હસ્તી છે જેમના વિશે ઓછી વાત થઈ રહી છે. રસપ્રદ એ છે કે વાંગ ઉંમરમાં સૌથી નાના છે, પરંતુ કદમાં ઘણા મોટા છે. એલેક્ઝાન્ડર વાંગ ઉંમરમાં સૌથી નાના લીડર્સમાંથી એક છે જે આ સમિટમાં પહોંચ્યા. મંચ પર પીએમ નરેન્દ્ર મોદી સાથે તેમની હાજરીએ લોકોનું ધ્યાન ખેંચ્યું. એલેક્ઝાન્ડર વાંગ આજે મેટાની AI સ્ટ્રેટેજીને લીડ કરી રહ્યા છે અને તેઓ 29 વર્ષના છે.

નોંધનીય છે કે એલેક્ઝાન્ડર વાંગ ટોપ AI કંપની Scale AIના ફાઉન્ડર રહી ચૂક્યા છે. ખૂબ જ નાની ઉંમરે તેમણે AI ડેટા સાથે જોડાયેલી કંપની ઉભી કરી. બાદમાં Metaએ તેમને પોતાના સૌથી મહત્વપૂર્ણ AI મિશનની જવાબદારી સોંપી. એલેક્ઝાન્ડર વાંગ માત્ર એક સામાન્ય ટેક લીડર નથી, તેઓ AI ઈન્ડસ્ટ્રીના સૌથી યુવા અને હાઈ-પ્રોફાઈલ પ્રોફેશનલ્સમાંથી એક છે.



### Metaએ એલેક્ઝાન્ડર વાંગને કેવી રીતે હાયર કર્યા

Metaએ એલેક્ઝાન્ડર વાંગને હાયર કરવા માટે ખૂબ જ મોટું પગલું ભર્યું. 2025માં Metaએ Scale AIમાં અંદાજે $14.3 બિલિયન (આશરે 1,17,000 કરોડ)નું રોકાણ કર્યું અને કંપનીનો લગભગ 49% હિસ્સો લીધો. આ દરમિયાન વાંગને Metaમાં સુપરઈન્ટેલિજન્સ લેબ્સના ચીફ બનાવવામાં આવ્યા.

### વાંગ દુનિયાના સૌથી યુવા અબજોપતિ

દુનિયાની મોટી AI કંપનીઓ જેવી કે NVIDIA, Amazon અને Meta જેવી કંપનીઓ Scale AIના ક્લાયન્ટ રહ્યા છે. આ કામને કારણે તેમની કંપની જલ્દી જ યુનિકોર્ન બની અને ફોર્બ્સ મુજબ તેમની નેટવર્થ અંદાજે $3.2-$3.6 બિલિયન સુધી પહોંચી ગઈ. એટલે કે વાંગ દુનિયાના સૌથી યુવા અબજોપતિઓમાં સામેલ છે. વાંગ આ ડીલ હેઠળ Metaમાં જોડાયા, અને તેમને AI ડિવિઝનના લીડ બનાવી દેવામાં આવ્યા.

### ટીમ ઈન્ડિયાના વધુ એક ક્રિકેટરના ડિવોર્સ

# એનિવર્સરી પહેલાં રાહુલ ચહર-ઈશાની અલગ થયા, ભારે કિંમત ચૂકવવી પડી

(એજન્સી) નવી દિલ્હી, તા. 20

ઈન્ડિયન ક્રિકેટર રાહુલ ચહર અને ઈશાની જોહરના લગ્નનો અંત આવ્યો છે. આ કપલે પરસ્પર સંમતિથી અલગ થવાનો નિર્ણય લીધો અને ડિવોર્સ લીધા છે. બંનેના લગ્નના 4 વર્ષ પૂરા થવા પહેલાં જ રાહુલ અને ઈશાનીએ ડિવોર્સ લીધા છે. ઈન્ડિયન ક્રિકેટરે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ કરીને આ જાણકારી પોતાના ફેન્સ સાથે શેર કરી છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ટીમ ઈન્ડિયાની બહાર ચાલી રહેલા રાહુલ ચહરે જણાવ્યું કે તેણે તમામ પ્રકારની કાનૂની કાર્યવાહી પૂરી કરવાની સાથે જ તે પોતાની જિંદગીના આ ચેપ્ટરને બંધ કરી રહ્યો છે. ટીમ ઈન્ડિયા માટે 7 ઈન્ટરનેશનલ મેચમાં 10 વિકેટ લેનાર 26 વર્ષના લેગ સ્પિનર રાહુલ ચહરે શુક્રવાર 20 ફેબ્રુઆરીના રોજ પોતાના સોશિયલ મીડિયા પોસ્ટ પર ખુલાસો કર્યો કે છેલ્લા 15 મહિનાથી આ પ્રક્રિયા ચાલી રહી હતી. માત્ર 22 વર્ષની ઉંમરે લગ્નના બંધનમાં બંધાનારા રાહુલે



પોતાના નિવેદનમાં કહ્યું કે તેણે નાની ઉંમરે જ લગ્ન કરી લીધા હતા અને તે સમય સુધી તેઓ પોતાનું મહત્વ અને પોતાના જીવનની પૂરી રીતે સમજ પણ ધરાવતો નહોતો. પરંતુ ત્યારબાદ તેને એવા પાઠ શીખવા મળ્યા જેની તેણે ક્યારેય અપેક્ષા નહોતી કરી. રાહુલ ચાહર અને ઈશાની જોહરે 9 માર્ચ 2022ના રોજ ગોવામાં લગ્ન કર્યા હતા.

# ગાંધીનગરમાં ઘરેલુ હિંસા અધિનિયમ-2005 વિષયક માર્ગદર્શક સેમિનાર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર જિલ્લાના મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ તાલીમ કેન્દ્ર, સાદરા ખાતે આંગણવાડી કાર્યકર્તા બહેનો માટે ઘરેલુ હિંસા અધિનિયમ-2005 અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન સત્રનું આયોજન કરવામાં આવ્યું. તાલીમ દરમિયાન યોજાયેલા આ સેમિનારે કાયદાકીય જાગૃતિ સાથે સામાજિક જવાબદારીનો સંદેશ પણ આપ્યો.

જિલ્લા દહેજ પ્રતિબંધક સહ-સંરક્ષણ અધિકારી શ્રી આર. એમ. જીંજાળાએ ઘરેલુ હિંસા અધિનિયમ-2005ની મુખ્ય જોગવાઈઓ, પીડિત મહિલાઓના અધિકારો અને દોષિતોને મળતી સજાની વ્યવસ્થા અંગે વિસ્તૃત માહિતી આપી. તેમણે આંગણવાડી કાર્યકર્તાઓને ગ્રામ્ય સ્તરે કાયદાની જાણકારી પહોંચાડવામાં સક્રિય ભૂમિકા નિભાવવા અનુરોધ કર્યો.

આ પ્રસંગે લીડ બેંક, ગાંધીનગરના પ્રતિનિધિ શ્રી અનિલ પુરોહિતે Reserve Bank of India દ્વારા વર્ષ 2025-26 માટે નિર્ધારિત થીમ "KYC - સુરક્ષિત બેન્કિંગ તરફ એક પગલું" વિષય પર માર્ગદર્શન આપ્યું. બેન્કિંગ



વ્યવહારોમાં સાવચેતી, છેતરપિંડીથી બચાવ અને KYC પ્રક્રિયાની અનિવાર્યતા અંગે તાલીમાર્થી બહેનોને સચોટ માહિતી આપવામાં આવી.અંતમાં અશ્વિન જાસકિયાએ મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માહિતગાર કરી લાભાર્થીઓ સુધી યોજનાઓ અસરકારક રીતે પહોંચાડવા પ્રેરણા આપી.આ સેમિનાર આંગણવાડી કાર્યકર્તાઓ માટે કાયદાકીય જાગૃતિ, નાણાકીય સાવચેતી અને સામાજિક સંવેદનશીલતા વધારતો માર્ગદર્શક કાર્યક્રમ સાબિત થયો. તાલીમ દરમિયાન જિલ્લા દહેજ પ્રતિબંધક સહ-સંરક્ષણ અધિકારી શ્રી આર. એમ. જીંજાળાએ ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ ની વિવિધ કલમો પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, પીડિત મહિલાઓના અધિકારો અને દોષિતોને મળતી કડક સજાની જોગવાઈઓ વિશે સમાજમાં જાગૃતિ લાવવી અનિવાર્ય છે. આંગણવાડી કાર્યકર્તાઓ ગ્રામ્ય સ્તરે મહિલાઓ સાથે સીધી જોડાયેલી હોવાથી, તેઓ આ કાયદાકીય જાણકારી છેવાડાના ઘર સુધી પહોંચાડવામાં સેતુ સમાન ભૂમિકા ભજવી શકે છે.

# ઓમ્નીટેક એન્જિનિયરિંગ લિમિટેડનો આઈપીઓ બુધવાર, 25 ફેબ્રુઆરી, 2026ના રોજ ખુલશે




અમદાવાદ | ઓમ્નીટેક એન્જિનિયરિંગ લિમિટેડ (the "Company") બુધવાર, 25 ફેબ્રુઆરી, 2026ના રોજ પ્રત્યેક રૂ. 5ની ફેસ વેલ્યુ ("Equity Shares") ના તેના ઈક્વિટી શેરનો આઈપીઓ ("Offer") ખોલવાની દરખાસ્ત કરે છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે મંગળવાર, 24 ફેબ્રુઆરી, 2026ના રોજ છે છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, 27 ફેબ્રુઆરી, 2026 છે.

ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂ. 5ની ફેસ વેલ્યુવાળા ઈક્વિટી શેર દીઠ રૂ. 216થી રૂ. 227 સુધી નક્કી કરવામાં આવ્યો છે. રૂ. 5ની ફેસ વેલ્યુવાળા ઓછામાં ઓછા 66 ઈક્વિટી શેર અને ત્યારબાદ રૂ. 5ની ફેસ વેલ્યુવાળા 66 ઈક્વિટી શેરના ગુણાંક માટે બિડ કરી શકાય છે.

# યાત્રા દરમિયાન ઓરલ હાઈજિન - સફર દરમિયાન સ્માઈલ રહેશે તરોતાજા

અમદાવાદ | સંશોધન દર્શાવે છે કે 40 ટકાથી વધુ પ્રવાસીઓ મુસાફરી દરમિયાન દિવસમાં ઓછામાં ઓછા એક વખત દાંત સાફ કરવાનું પણ છોડી દે છે. ફ્લાઈટ દરમિયાન ડિહાઈડ્રેશન થોડા કલાકોમાં લાળનું ઉત્પાદન નોંધપાત્ર રીતે ઘટાડે છે. આ નાની અનિયમિતતાઓ અપેક્ષા કરતાં વધુ ઝડપથી ઓરલ હાઈજિન (મોંની સ્વચ્છતા)ને વિક્ષેપિત કરી શકે છે. ડો. સોનિયા દત્તા, MDS, PhD, પ્રોફેસર, પબ્લિક હેલ્થ ડેન્ટિસ્ટ્રી જણાવે છે કે મુસાફરી દરમિયાન એક અલગ એક્સાઈટમેન્ટ (ઉત્સાહ-આનંદ) હોય છે, પરંતુ તે તમારી રોજિંદી દિનચર્યામાં પણ વિક્ષેપ લાવે છે. લાંબી ફ્લાઈટ્સ, બદલાતો ટાઈમઝોન, એરપોર્ટ પર મળતા નાસ્તા અને અપરિચિત પાણી - આ બધું તમારા શરીરને અસર કરે છે. ડિહાઈડ્રેશન અને અનિયમિત ખાવાની આદતો સૌ પ્રથમ અસર કરે છે.

આઈઆરઈએલ (ઇન્ડિયા) લિમિટેડ
IREL (India) Limited
(ભારત સરકારનું સાહસ, પરમાણુ ઉર્જા વિભાગ)
રેર અર્થ્સ ડિવિઝન, કોચી, કેરળ,
ટેલિફોન: 0484 - 2545064 એક્સટેન્શન: 211 / 259
ઈમેઈલ: hrm-red@irel.co.in
એન આઈએસઓ 9001:2015, આઈએસઓ 14001:2015 અને આઈએસઓ 45001:2018 પ્રમાણિત કંપની

**એપ્રેન્ટિસની નિમણૂક**

એપ્રેન્ટિસ એક્ટ, 1961 અને તેના પછીના સુધારાઓ હેઠળ રેર અર્થ્સ ડિવિઝન, ઉદ્યોગમંડલ, જિલ્લો: એરનાકુલમ, કેરળ - 683 501 ખાતે એપ્રેન્ટિસની નિમણૂક માટે પાત્ર ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

છેલ્લી તારીખ 15/03/2026 છે. વિગતવાર માહિતી માટે કૃપા કરીને www.irel.co.in ના 'Careers' પેજની મુલાકાત લો.

સહી/-
જનરલ મેનેજર અને હેડ, રેર અર્થ્સ ડિવિઝન

cbc48145/12/0010/2526

AXITA COTTON

**અક્ષીતા કોટન લિમિટેડ**

સીઆઈએન: એલ૧૭૨૦૦જીજે૨૦૧૩પીએલસી૦૭૬૦૫૯
રજીસ્ટર્ડ ઓફિસ: સર્વે નં. ૩૨૪, ૩૫૭, ૩૫૮, કડી,
થોલ રોડ, બોરીસાણા, કડી, મહેસાણા-૩૮૨૭૧૫, ગુજરાત, ભારત.
કોર્પોરેટ ઓફિસ: રન્નાડે હાઉસ, ફર્સ્ટ ફ્લોર, સંકલ્પ ગ્રેસ ૩ ની સામે,
ઈશાન બંગલોજ નજીક, શીલજ, અમદાવાદ- ૩૮૦૦૫૯, ગુજરાત, ભારત.
ટેલિફોન: +૯૧ ૬૩૫૮૭૪૭૫૧૪ || ઈ-મેઈલ: cs@axitacotton.com, investor.relations@axita.in || વેબસાઈટ: www.axitacotton.com

**પોસ્ટલ બેલોટની સૂચના અને ઈ-મતદાન બાબત**

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીસ એક્ટ, ૨૦૧૩ ("એક્ટ") ની ધારા ૧૦૮, ૧૧૦ અને અન્ય માન્ય ધારાઓ, જેમણે કંપનીઓ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ("નિયમો") ના નિયમો ૨૦ અને ૨૨ સાથે, સિક્યુરિટી એક્ઝચેંજ બોર્ડ ઑફ ઈન્ડિયા (લિસ્ટિંગ અને ડિસ્ક્લોઝર ની જરૂરિયાતો) ના નિયમો, ૨૦૧૫, ના નિયમન ૪૪ સાથે અને ભારતીય કંપની સક્રેટરીઝ દ્વારા જારી કરેલ કંપની ની સામાન્ય મીટિંગો માટે ના સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ (એસએસ-૨), અને મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ ("એમસીએ") દ્વારા સમય સમયમાં જારી કરેલ નિયમો (એકત્રિત "એમસીએ સર્ક્યુલર્સ") ના અનુસંધાન માં, અક્ષીતા કોટન લિમિટેડ ("ધ કંપની") ના સભ્યોની મંજૂરી, પોસ્ટલ બેલેટની પ્રક્રિયાને અનુસરીને ઈલેક્ટ્રોનિક માધ્યમથી સભ્યો દ્વારા મતદાન કરીને નીચે દર્શાવેલ વ્યવસાય માટે (વિગતવાર વ્યાપાર પોસ્ટલ બેલોટની નોટિસ તારીખ ફેબ્રુઆરી ૧૬, ૨૦૨૬ ની નોટિસમાં આપેલ છે) પોસ્ટલ બેલોટ પ્રક્રિયા માં રિમોટ ઈ-વોટિંગની પ્રક્રિયાને અનુસરીને મંજૂરી માંગવામાં આવી છે;

| અ. નં. | ઠરાવોનું સંક્ષિપ્ત વર્ણન | ઠરાવનો પ્રકાર |
|---|---|---|
| ૧ | કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસિએશનના મુખ્ય ઉદ્દેશ કલમમાં વધારો અને ફેરફાર મંજૂર કરવા માટે | વિશેષ ઠરાવ |
| ૨ | કંપની અધિનિયમ, ૨૦૧૩ અનુસાર નવા મેમોરેન્ડમ ઓફ એસોસિએશનને સ્વીકારવાની મંજૂરી આપવા માટે | વિશેષ ઠરાવ |
| ૩ | કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૨૦ હેઠળ સભ્યોને દસ્તાવેજોની સેવા માટે કંપનીને શુલ્ક વસૂલ કરવાની સત્તા આપવા માટે | સામાન્ય ઠરાવ |

કોર્પોરેટ અફેર્સ ના મંત્રાલય દ્વારા, તારીખ એપ્રિલ ૧૩, ૨૦૨૦ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૧૭/૨૦૨૦, તારીખ મેં ૫, ૨૦૨૦ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦, તારીખ જાન્યુઆરી ૧૩, ૨૦૨૧ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૦૨/૨૦૨૧, તારીખ ડીસેમ્બર ૧૪, ૨૦૨૧ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૨૧/૨૦૨૧ અને તારીખ મે ૦૫, ૨૦૨૨ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૦૨/૨૦૨૨, ૩/૨૦૨૨ તા. ૫ મી મે, ૨૦૨૨, તારીખ ડિસેમ્બર ૨૮, ૨૦૨૨ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૧૧/૨૦૨૨, તારીખ સપ્ટેમ્બર ૨૫, ૨૦૨૩ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૯/૨૦૨૩, તારીખ સપ્ટેમ્બર ૧૯, ૨૦૨૪ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૦૭/૨૦૨૪, અને તારીખ સપ્ટેમ્બર ૨૨, ૨૦૨૫ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૦૩/૨૦૨૫ (સંયુક્ત ધોરણે "એમસીએ પરિપત્રો") તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા લિમિટેડ દ્વારા તારીખ જાન્યુઆરી ૧૫, ૨૦૨૧ ના રોજ જારી કરાયેલ પરિપત્ર નંબર સેબી/એચઓ/સીએફડી/સીએમડીર/સીઆઈઆર/પી/૨૦૨૧/૧૧, તારીખ મે ૧૩, ૨૦૨૨ ના રોજ જારી કરાયેલ પરિપત્ર નંબર સેબી/એચઓ/ડીએચએસ/પી/સીઆઈઆર/૨૦૨૨/૦૦૬૩ અને તારીખ જાન્યુઆરી ૦૫, ૨૦૨૩ ના રોજ જારી કરાયેલ પરિપત્ર નંબર સેબી/એચઓ/સીઆરડી/પીઓડી-૨/પી/સીઆઈઆર/૨૦૨૩/૪ ના અનુસાર (સંયુક્ત ધોરણે "સેબી પરિપત્રો") અને સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ ઓન જનરલ મીટિંગ્સ ("SS-૨") અને અન્ય કોઈપણ લાગુ પડતા કાયદા, નિયમો અને નિયમો (કોઈપણ વૈધાનિક ફેરફારો અથવા તેનો પુનઃઅધિનિયમો, હાલ અમલમાં છે), ના અનુસાર પોસ્ટલ બેલોટની સૂચના સાથે એક્સ્પ્લેનેટરી સ્ટેટમેન્ટ અને ઈ-વોટિંગની સૂચના, ફક્ત તે સભ્યોને જ ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા મોકલવામાં આવી છે જેમના ઈમેલ એડ્રેસ સભ્યોના રજિસ્ટર / કંપની / ડિપોઝિટરીઝ માં તારીખ શુક્રવાર, ફેબ્રુઆરી ૧૩, ૨૦૨૬ ('કટ-ઓફ ડેટ') ના રોજ નોંધાયેલા છે. સભ્ય નોંધ લે કે પોસ્ટલ બેલોટની સૂચના સાથે એક્સ્પ્લેનેટરી સ્ટેટમેન્ટ અને ઈ-વોટિંગની સૂચના, કંપનીની વેબસાઈટ www.axitacotton.com પર, બીએસસી લિમિટેડની વેબસાઈટ www.bseindia.com પર, નેશનલ સ્ટોક એક્સચેંજ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઈટ www.nseindia.com તથા નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("એનએસડીએલ") (રિમોટ ઈ-મતદાનની સુવિધા પૂરી પાડતી સંસ્થા) ની વેબસાઈટ www.evoting.nsdl.com ઉપર ઉપલબ્ધ કરવામાં આવશે.
વધુમાં, એમસીએના પરિપત્રો અનુસાર, પોસ્ટલ બેલોટની સૂચનાની ફિઝિકલ નકલ, પોસ્ટલ બેલેટ ફોર્મ્સ અને પ્રી-પેઈડ બિઝનેસ રિપ્લાય પરબિડીયા મોકલવાની આવશ્યકતાને પણ દૂર કરવામાં આવી છે.
જે સભ્યોના નામ કટ ઓફ ડેટ પર સભ્યોના રજિસ્ટર અને રજિસ્ટર ઓફ બેનીફીશીય્લ ઓનર્સમાં નોંધાયેલા હોય તેઓ નોટિસમાં જણાવ્યા મુજબના ઠરાવ પર મત આપવા માટે હકદાર છે. કટ-ઓફ તારીખ સુધી સભ્ય ન હોય તેવી વ્યક્તિ માત્ર માહિતીના હેતુસર નોટિસની સારવાર કરવામાં આવશે. એમસીએના પરિપત્રો અનુસાર,
કંપનીએ ઈ-વોટિંગ દ્વારા ઠરાવો પર મત આપવા હેતુ માટે, કંપનીએ નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (હવેથી "એનએસડીએલ" અથવા "સર્વિસ પ્રોવાઈડર" તરીકે ઓળખાય છે) ની સેવાઓને ઈ-વોટિંગની સુવિધા આપવા માટે નિયુક્ત કરેલ છે, જેથી સભ્યો પોસ્ટલ બેલેટ ફોર્મ મોકલવાને બદલે ઈલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપી શકે. ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા અને સૂચનાઓ નોટિસમાં વર્ણવવામાં આવી છે.

**રીમોટ ઇ-વોટિંગ સુવિધા નીચે મુજબની સમય સીમામાં ઉપલબ્ધ છે**

| | |
|---|---|
| રિમોટ ઈ-વોટિંગ શરૂ | રવિવાર, ફેબ્રુઆરી ૨૨, ૨૦૨૬ ના રોજ સવારે ૦૯:૦૦ |
| રિમોટ ઈ-વોટિંગ સમાપ્ત | સોમવાર, માર્ચ ૨૩, ૨૦૨૬ ના રોજ સાંજે ૦૫:૦૦ વાગ્યે સમાપ્ત |
| ઈવિઈએન | ૧૩૮૬૫૦ |

સભ્યો નોંધ લે કે એનએસડીએલ દ્વારા રિમોટ ઈ-મતદાન મોડ્યુલને ઉપરોક્ત તારીખ સોમવાર, માર્ચ ૨૩, ૨૦૨૬ ના રોજ સાંજે ૦૫:૦૦ અક્ષમ કરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન, ફિઝિકલ સ્વરૂપમાં અથવા ડીમેટ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપી શકે છે.
એક વખત સભ્ય દ્વારા ઠરાવ પર મત આપવામાં આવ્યા, પછી સભ્યને તેને બદલવાની મંજૂરી આપવામાં આવશે નહીં.
કંપની ના બોર્ડે વાજબી અને પારદર્શક રીતે ઈ-વોટિંગ પ્રક્રિયા હાથ ધરવા માટે મેંસ. પી આર ટી એન્ડ એસોસીએશન, ના પ્રોપ્રાઈટર શ્રી પ્રેમનારાયણ આર. ત્રિપાઠી, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીને સ્કુટિનાઈઝર ("સ્કુટિનાઈઝર") તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
પોસ્ટલ બેલોટનું પરિણામ ઈ-વોટિંગની મુદત પૂર્ણ થયા બાદ ૨ (બે) કાર્યકારી દિવસોમાં સ્ટોક એક્સચેન્જોમાં સેબી ના લિસ્ટિંગ ના નિયમો અનુસાર ફાઈલ કરવામાં આવશે. પરિણામ કંપનીની વેબસાઈટ www.axitacotton.com, એનએસડીએલ ની વેબસાઈટ www.evoting.nsdl.com પર અપલોડ કરવામાં આવશે અને સ્ટોક એક્સચેંજ, બી.એસ.સી લીમીટેડ ની વેબસાઈટ્સ www.bseindia.com અને એન.એસ.સી લીમીટેડ ની વેબસાઈટ્સ www.nseindia.com પર પણ ઉપલબ્ધ રહેશે.
શેરધારકોને નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે કે લિસ્ટેડ કંપનીઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ ઈ-મતદાનની સુવિધા અંગેના સેબીના ડિસેમ્બર ૯, ૨૦૨૦ ના પરિપત્રના સંદર્ભમાં, ડીમેટ મોડમાં સિક્યોરિટીઝ ધરાવતા વ્યક્તિગત શેરધારકોને ડિપોઝિટરીઝ અને ડિપોઝિટરી પાર્ટિસિપેન્ટ્સ પાસે જાળવવામાં આવેલા તેમના ડીમેટ એકાઉન્ટ દ્વારા મતદાન કરવાની મંજૂરી છે. ઈ-મતદાન સુવિધા મેળવવા માટે શેરધારકોએ તેમના ડીમેટ ખાતામાં તેમના મોબાઈલ નંબર અને ઈ-મેઈલ સરનામાં યોગ્ય રીતે અપડેટ કરાવેલ હોવા અનિવાર્ય છે.
જે મૂળ શેરધારકોના નામ, કંપનીના સભ્યોના રજીસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવેલ લાભાર્થીઓના રજીસ્ટરમાં, રેકોર્ડ તારીખે રજીસ્ટર્ડ થયેલ હશે, તે જ ઈક્વિટી શેરધારકોને, કંપનીના દ્વારા બોનસ ઈક્વિટી શેર આપવામાં આવશે,
જો કોઈ શેરધારકો/સભ્યોને ઈ-મતદાન અંગે કોઈ પ્રશ્નો અથવા સમસ્યાઓ હોય તો, તેઓ, શેરધારકો માટેના વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) એન એસ ડી એલ (NSDL) ની વેબસાઈટ www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગ પર ઉપલબ્ધ છે તેનો નો ઉપયોગ કરી શકો છો અથવા તો તમે evoting@nsdl.co.in પર ઈ-મેઈલ લખી શકો છો અથવા અમને કૉલ કરો: - ટેલિફોન: ૧૮૦૦-૨૨૨-૯૯૦ અથવા સભ્યો કંપનીના રજિસ્ટર્ડ ઓફિસમાં કંપનીના કંપની સેક્રેટરી શ્રી શ્યામસુંદર પંચાલનો પણ સંપર્ક કરી શકે છે અથવા investor.relations@axita.in પર ઈ-મેલ લખી શકે છે અથવા વધુ સ્પષ્ટતા માટે ૬૩૫૮૭૪૭૫૧૪ પર કૉલ કરી શકે છે.

તારીખ: ફેબ્રુઆરી ૨૦, ૨૦૨૬
સ્થળ: કડી, મહેસાણા

**અક્ષીતા કોટન લિમિટેડ માટે**
**સહી/-**
**નિતિનભાઈ ગોવિંદભાઈ પટેલ**
**ચેરમેન અને મેનેજીંગ ડાઈરેક્ટર**
**ડીઆઈએન: ૦૬૬૨૬૬૪૬**

## PDEU ખાતે Chem-O-Clave 2.0

# ટેકનિકલ કોન્ક્લેવનું ભવ્ય આયોજન





ગાંધીનગર | પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી (PDEU) ના કેમિકલ એન્જિનિયરિંગ વિભાગે IIChE સ્ટુડન્ટ ચેપ્ટર સાથે મળીને Chem-O-Clave 2.0 નામનું બે દિવસીય ટેકનિકલ કોન્ક્લેવ સફળતાપૂર્વક આયોજિત કર્યું. આ કાર્યક્રમનો ઉદ્દેશ નવીનતા, ટકાઉ વિકાસ અને ઉદ્યોગ-અકાદમી સહકારને પ્રોત્સાહન આપવાનો હતો. આ કાર્યક્રમમાં શિક્ષણવિદો, ઉદ્યોગ નિષ્ણાતો, સંશોધકો અને વિદ્યાર્થીઓ એક જ મંચ પર ભેગા થયા હતા, જ્યાં જ્ઞાન વિનિમય અને વ્યાવસાયિક વિકાસ માટે મહત્વપૂર્ણ ચર્ચાઓ થઈ."સક્ષમ" થીમ હેઠળ આયોજિત આ કોન્ક્લેવનો હેતુ ભવિષ્ય માટે સક્ષમ અને કુશળ ઈજનેરો તૈયાર કરવાનો હતો, જે બદલાતા ઔદ્યોગિક અને પર્યાવરણીય પડકારોનો સામનો કરી શકે. કાર્યક્રમની શરૂઆત નોંધણી અને મહાનુભાવોના સ્વાગત સાથે થઈ, ત્યારબાદ જ્ઞાન અને પ્રબોધના પ્રતીક રૂપે દીપ પ્રજ્વલન સમારોહ યોજાયો. ઉદ્ઘાટન સત્ર દરમિયાન યુનિવર્સિટીના નેતૃત્વ અને ફેકલ્ટી સભ્યો દ્વારા પ્રતિષ્ઠિત મહેમાનોનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું. પ્રોફ. રાજેશ પટેલ અને રજિસ્ટ્રાર શ્રી રાકેશ શ્રીવાસ્તવે મુખ્ય મહેમાન ડૉ. રક્ષ વિર જસ્રા (સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ)નું સ્વાગત કર્યું. ડૉ. સ્વપ્નિલ ધારાસ્કરે શ્રી શ્રેયાન ગુપ્તા (ડિરેક્ટર, ગુજરાત અંબુજા એક્સપોર્ટ્સ લિમિટેડ)નું સ્વાગત કર્યું, જ્યારે કેમિકલ એન્જિનિયરિંગ વિભાગના વડા ડૉ. આશિષ ઉન્નારકટે શ્રી અલોક આર્યા (પ્રેસિડેન્ટ - લીગલ અને કોર્પોરેટ અફેર્સ, ગુજરાત અંબુજા એક્સપોર્ટ્સ લિમિટેડ)નું સ્વાગત કર્યું. ડૉ. શુભંકર રોયે શ્રી વિજુ વિશ્વનાથ (ચીફ મેનેજર, ઈન્ડિયન ઓઈલ લુબ્રિકન્ટ્સ વિભાગ, IOCL)નું સ્વાગત કર્યું.સમારોહને IIChE-PDEUના પ્રમુખ શ્રી મિલાપ જોગીદાસના સંબોધન દ્વારા વિશેષ સમૃદ્ધિ મળી, જેમાં તેમણે ટેકનિકલી સક્ષમ, નૈતિક રીતે જવાબદાર અને નવીનતા તરફ દોરી જનાર ઈજનેરો તૈયાર કરવામાં વ્યાવસાયિક સંસ્થાઓની ભૂમિકા વિશે પ્રકાશ પાડ્યો.

ઉદ્ઘાટન પ્રવચનોમાં આધુનિક કેમિકલ એન્જિનિયરિંગમાં ટકાઉ વિકાસ, ગ્રીન કેમિસ્ટ્રી અને ટેકનોલોજીકલ નવીનતા જેવી ઉદયમાન પ્રાથમિકતાઓ પર ભાર મૂકવામાં આવ્યો. વક્તાઓએ જણાવ્યું કે Chem-O-Clave જેવી પ્લેટફોર્મ્સ શૈક્ષણિક અભ્યાસ અને વાસ્તવિક ઔદ્યોગિક પ્રયોગ વચ્ચેનો અંતર ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# ગલ્ફ ઓઈલ અને મહિન્દ્રા ટ્રેક્ટર્સે અનેક વર્ષોના એગ્રીમેન્ટ રિન્યુઅલ કરવા સાથે દાયકા જૂના સંબંધોને વધુ મજબૂત કર્યાં



અમદાવાદ | ભારતની સૌથી ઝડપભેર વૃદ્ધિ પામેલી રહેલી લુબ્રિકેન્ટ કંપનીઓ પૈકીની એક ગલ્ફ ઓઈલ લુબ્રિકેન્ટ્સ ઈન્ડિયા લિમિટેડ(GOLIL) અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડ (કૃષિ ઉપકરણ બિઝનેસ- મહિન્દ્રા ટ્રેક્ટર્સ ડિવીઝન)એ ગઈકાલે તેની ભાગીદારીના વ્યૂહાત્મક મલ્ટી-યર રિન્યુઅલની જાહેરાત કરી છે, જેથી એક દાયકાથી વધારે સમયથી જે સહયોગ ચાલ્યો આવે છે તેને વધુ મજબૂતી મળી છે.રિન્યુઅલ અંગે ટિપ્પણી કરતાં ગલ્ફ ઓઈલ લુબ્રિકેન્ટ્સ ઈન્ડિયા લિમિટેડના મેનેજીંગ ડિરેક્ટર અને CEO શ્રી રવિ ચાવલાએ જણાવ્યું હતું કે, 'મહિન્દ્રા ટ્રેક્ટર્સની સાથે અમારી નવી ભાગીદારી અમારા જોડાણની મજબૂતી અને તેને ચલાવનાર શેર કરેલ વેલ્યુનો ઉત્તમ પૂરાવો છે. ગ્રોથ માટે ભાગીદારીની અમારી લાંબા ગાળાની ફિલસુફી પ્રમાણે અમે છેલ્લા દસ વર્ષથી સતત વિશ્વાસપાત્ર પર્ફોમન્સ અને સેવા સંબંધિત મંજૂરી આપી છે.

# ક્લબ મહિન્દ્રાએ પોર્ટફોલિયોનું વિસ્તરણ કરતાં જીમ કોર્બેટમાં બીજો રિસોર્ટ શરૂ કર્યો




અમદાવાદ | ભારતની અગ્રણી લેઝર હોસ્પિટાલિટી કંપની મહિન્દ્રા હોલિડેઝ એન્ડ રિસોર્ટ્સ ઈન્ડિયા લિમિટેડ (MHRIL) એ ઉત્તરાખંડમાં પોતાની હાજરીને વધુ મજબૂત બનાવતાં જીમ કોર્બેટમાં ક્લબ મહિન્દ્રા નાદિયા પરાવ રિસોર્ટ લોન્ચ કર્યો છે.આ લોન્ચ કંપનીની વિસ્તરણ વ્યૂહરચનાને વેગ આપે છે. જે કંપનીની ભારતની નંબર વન લેઝર હોસ્પિટાલિટી કંપની બનવાની મહત્ત્વાકાંક્ષા સાથે સંરેખિત છે, જે રિસોર્ટમાં વધારો, પોર્ટફોલિયોને પ્રીમિયમાઈઝેશન અને શિસ્તબદ્ધ મૂડી ફાળવણી દ્વારા સમર્થિત છે.આ લોન્ચ જીમ કોર્બેટમાં MHRILનો બીજો રિસોર્ટ છે. આ સાથે અદ્ભૂત, અને પ્રકૃત્તિના ખોળે આનંદ માણતી મુસાફરી માટે સૌથી પસંદગીના સ્થળો પૈકી એકમાં તેની ઉપસ્થિતિને વધુ મજબૂત બનાવે છે. આ ઉમેરો કંપનીની લાંબા ગાળાની 10,000 કી સુધીના વિસ્તરણની મહત્ત્વાકાંક્ષા સાથે સુસંગત છે.

# મિશન ઝીરો સ્ક્રેપ હેઠળ અમદાવાદ મંડળે સ્ક્રેપ વેચાણમાં 60 કરોડ રૂપિયાનો આંકડો પાર કર્યો.



અમદાવાદ | પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળે 'મિશન જીરો સ્ક્રેપ' અંતર્ગત નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરતાં નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન અત્યાર સુધી 61.53 કરોડ મૂલ્યની સ્ક્રેપ સામગ્રીનું નિપટાન કરવામાં આવ્યું છે. આ સિદ્ધિ 'મિશન જીરો સ્ક્રેપ' હેઠળ અમદાવાદ મંડળની તેની તમામ સ્થાપનાઓ અને એકમોને સ્ક્રેપ-મુક્ત બનાવવાની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ દર્શાવે છે.રેલવે પ્રશાસન દ્વારા બિનઉપયોગી, પરિત્યક્ત અને અપ્રચલિત સામગ્રીના સુવ્યવસ્થિત નિપટાન દ્વારા માત્ર આવક જ પ્રાપ્ત કરવામાં આવી રહી નથી, પરંતુ સંપત્તિઓનું અસરકારક સંચાલન તેમજ સ્વચ્છ પરિસર પણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.અમદાવાદ મંડળ દ્વારા વિવિધ પ્રકારની સ્ક્રેપ સામગ્રીની વેચાણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે, જેમાં સ્ક્રેપ રેલ, અન્ય પી-વે (P-Way) સામગ્રી/સ્લીપર, માઈલ્ડ સ્ટીલ અને કાસ્ટ આયર્ન સ્ક્રેપ, સ્ક્રેપ બેટરીઓ, પ્લાસ્ટિક સામગ્રી, કચરો કાગળ, સ્ક્રેપ લાકડું તેમજ તાંબુ, એલ્યુમિનિયમ અને પિત્તળ જેવી અલૌહ ધાતુ સ્ક્રેપનો સમાવેશ થાય છે.તે ઉપરાંત, પરિત્યક્ત કોચ, વેગન અને લોકોમોટિવ પણ નિયમો મુજબ વેચવામાં આવી રહ્યા છે.મિશન જીરો સ્ક્રેપ' અંતર્ગત પ્રાપ્ત આ સિદ્ધિ અમદાવાદ મંડળના કુશળ સંપત્તિ સંચાલન, સુધારેલી હાઉસકીપિંગ વ્યવસ્થા તેમજ સ્ક્રેપ સામગ્રીની સમયસર ઓળખ અને નિપટાન દ્વારા સંસાધનોના શ્રેષ્ઠ ઉપયોગ માટેના સતત પ્રયત્નોને દર્શાવે છે.

# સેમસંગ ઈન્ડિયાએ પોતાના આગામી AI સ્માર્ટફોનનું પ્રી-રિઝર્વેશન કરાવી શકે તે માટે એક્સક્લુસિવ લાભોની ઘોષણા કરી

અમદાવાદ | ભારતની સૌથી મોટી કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ સેમસંગએ આજે તેના આગામી AI સ્માર્ટફોનનું પ્રી-રિઝર્વેશન કરાવનારા ગ્રાહકો માટે એક્સક્લુસિવ લાભોની જાહેરાત કરી છે. જે ગ્રાહકો પ્રી-રિઝર્વેશન કરાવશે તેમને 256GB થી 512GB સુધી મફત મેમરી અપગ્રેડ મળશે.સેમસંગનો આગામી AI ફોન 25 ફેબ્રુઆરીએ કેલિફોર્નિયાના સાન ફ્રાન્સિસ્કોમાં ગેલેક્સી અનપેક્ડ ઈવેન્ટમાં રજૂ કરવામાં આવશે. ગ્રાહકો 25 ફેબ્રુઆરી સુધી 999 રૂપિયાની રિફંડપાત્ર ટોકન રકમ ચૂકવીને નવા Galaxy S શ્રેણીના ઉપકરણોનું પ્રી-રિઝર્વેશન કરાવી શકે છે. પ્રી-રિઝર્વેશન Samsung.com, Samsung Exclusive Stores, Amazon.in, Flipkart.com અને સમગ્ર ભારતમાં અગ્રણી રિટેલ આઉટલેટ્સ દ્વારા ઉપલબ્ધ છે.

# TATA.ev નવી Punch.ev સાથે મેઈનસ્ટ્રીમ EV અપનાવવાને વેગ આપે છે




મુંબઈ | EV મેઈનસ્ટ્રીમને વેગ આપવા તરફના નિર્ણાયક પગલામાં, TATA.ev, ભારતના શૂન્ય ઉત્સર્જન પર્સનલ મોબિલિટી સોલ્યુશન્સના અગ્રણી પ્રદાતા, એ આજે તેની લોકપ્રિય Punch.ev ના નવા અવતારને લોન્ચ કર્યો, જે ભારતમાં મોટા પાયે EV અપનાવવાની આગામી લહેરની શરૂઆત કરે છે. લોકો સુધી એન્ટ્રી-લેવલ ઈલેક્ટ્રિક મોબિલિટી લાવવા માટે રચાયેલ, નવી Punch.ev ગ્રાહકોને તેમની પહેલી ઈલેક્ટ્રિક કારમાં જ નહીં, પરંતુ તેમની પહેલી સ્વદેશી કારમાં પણ જે જોઈએ છે તે બધું જ પ્રદાન કરે છે. તે EV માલિકી માટેના મુખ્ય અવરોધો - ખરીદવાની ક્ષમતા, રેન્જ આત્મવિશ્વાસ, ચાર્જિંગમાં સરળતા અને બેટરી ખાતરી - ને સંપૂર્ણપણે દૂર કરે છે, જેનાથી મોટા પાયે મેઈનસ્ટ્રીમ EV અપનાવવાનો સમગ્ર માર્ગ ઉકેલાય છે.

માત્ર 9.69 લાખ (એક્સ-શોરૂમ, મુંબઈ) ની આકર્ષક શરૂઆતની કિંમતે લોન્ચ થયેલ, નવી Punch.ev એન્ટ્રી-લેવલ સ્મોલ કાર સેગમેન્ટમાં ICE ઓફરિંગ સાથે EV ની માલિકીને ઓન-રોડ પ્રાઈસ પેરિટીની નજીક લાવે છે.

# કોસ્મો ફિલ્મ્સે એડવાન્સ્ડ ફૂડ પેકેજિંગ એપ્લિકેશન્સ માટે એન્ટી-ફોગ ટ્રાન્સપરન્ટ BOPET લિડિંગ ફિલ્મ્સ લોન્ચ કરી




નવી દિલ્હી | સ્પેશિયાલિટી ફિલ્મોમાં વૈશ્વિક અગ્રણી કોસ્મો ફિલ્મ્સે તેની સીલેબલ પીલેબલ ટ્રાન્સપરન્ટ એન્ટી-ફોગ BOPET (PET) લિડિંગ ફિલ્મ લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે રેફ્રિજરેટેડ અને ફ્રેશ ફૂડ કેટેગરીઝમાં પ્રોડક્ટની દ્રશ્યતા વધારવા, શેલ્ફ લાઈફ વધારવા અને પેકેજિંગ કામગીરી સુધારવા માટે બનાવવામાં આવી છે.કન્ડેન્સેશન (ભેજના કારણે થતો ધુમ્મસ) ફૂડ પેકેજિંગમાં એક મહત્વપૂર્ણ પડકાર તરીકે યથાવત છે, ખાસ કરીને કોલ્ડ-ચેન પરિસ્થિતિઓમાં જ્યાં તાપમાનમાં થતા ફેરફારોને કારણે પેકની અંદર ભેજ એકત્રિત થાય છે. આ ફોગ અથવા ધુમ્મસ પ્રોડક્ટનો દેખાવ ઢાંકી શકે છે અને વેચાણ સમયે ગ્રાહકોની ધારણાને અસર કરી શકે છે. કોસ્મો ફિલ્મ્સની નવી એન્ટી-ફોગ પીઈટી લિડિંગ ફિલ્મમાં સીલ થતી બાજુ પર અદ્યતન કોટિંગ સામેલ છે, જે ઉત્તમ કોલ્ડ એન્ટી-ફોગિંગ અસર આપે છે, પાણીના ટીપાં બનતા અટકાવે છે અને સંગ્રહ તથા પ્રદર્શન દરમિયાન સતત સ્પષ્ટતા જાળવી રાખે છે.કાર્યક્ષમતા અને બહુમુખી ઉપયોગ માટે ડિઝાઈન કરાયેલી આ ફિલ્મમાં ઓછી સીલિંગ તાપમાનની જરૂર પડે છે.

# કિયા સેલ્ટોસ દ્વારા 6 લાખના સેલ્સનું માઈલસ્ટોન હાંસલ: સંપૂર્ણ નવી કિયા સેલ્ટોસ બ્રાન્ડના આગામી વૃદ્ધિના અધ્યાયની આગેવાની કરવા સુસજ્જ



નવી દિલ્હી | દેશની અગ્રણી માસ- પ્રીમિયમ ઓટોમેકરમાંથી એક કિયા ઈન્ડિયાએ 2019માં તેના લોન્ચથી ભારતમાં એકત્રિત 6 લાખના વેચાણના આંકને પાર કર્યો હોવાની સેલ્ટોસે ઘોષણા કરી છે. આ માઈલસ્ટોન વિવિધ પ્રકાર અને બજારોમાં સક્ષમ ગ્રાહક સ્વીકાર પ્રદર્શિત કરતાં મોડેલને મિડ- એસયુવી સેગમેન્ટમાં એકધારી ઉત્તમ કામગીરી કરનારમાંથી એક તરીકે સ્થાપિત કરે છે.

સેલ્ટોસે સ્પષ્ટ પ્રોડક્ટ પરિમાણ સાથે બજારમાં પ્રવેશ કર્યો હતો. તેણે અજોડ વૈશ્વિક ડિઝાઈન, પેટ્રોલ અને ડીઝલની પસંદગીઓ સહિત ઘણા બધા પાવરટ્રેન વિકલ્પો, ફ્યુઅલ પ્રકારોમાં ઓટોમેટિક ટ્રાન્સમિશન્સ અને ફીચર સમૃદ્ધ કેબિનને જોડે છે, જે લાર્જ- ફોર્મેટ ઈન્ફોટેઈનમેન્ટ, કનેક્ટેડ કાર ટેકનોલોજી અને પ્રીમિયમ ઈન્ટીરિયર ફિનિશીઝ પ્રદાન કરે છે. સેગમેન્ટ મોટે ભાગે યુટિલિટીને અગ્રતા આપે છે ત્યારે સેલ્ટોસે ઈન- કેબિન અનુભવ, ટેકનોલોજી ઈન્ટીગ્રેશન અને વિઝ્યુઅલ હાજરી પર મજબૂત એકાગ્રતા રજૂ કરી છે.

સુરક્ષા અને ટેકનોલોજી ડ્રાઈવિંગ સ્વીકારમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. લાગલગાટ અપડેટ્સમાં મોડેલે એડવાન્સ્ડ ડ્રાઈવર આસિસ્ટન્સ સિસ્ટમ્સ (એડીએએસ), બહેતર કનેક્ટિવિટી સમાધાન અને વ્યાપક સેફ્ટી પેકેજ સહિત તેની ઓફરને વિસ્તારી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ઈન્દ્રભારથી સામે ગંભીર આરોપથી ચકચાર

# ભવનાથ સાધુ વિવાદ એપસ્ટીન કરતા પણ ખતરનાક ખેલ, રુદ્રેશ્વર જાગીર આશ્રમ આક્ષેપ ગાજ્યો



(એજન્સી) જૂનાગઢ । તા. 20

ગિરનારની તળેટીમાં આવેલા પવિત્ર ભવનાથ ક્ષેત્રમાં છેલ્લા કેટલાક દિવસોથી સાધુ-સંતો વચ્ચેનો વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ભવનાથ મંદિરના પૂર્વ મહંત રઘુનાથગીરીના શિષ્ય અને વર્ષોથી મહંત પદના દાવેદાર અમરગીરી બાપુએ ગિરનાર સાધુ મંડળના પ્રમુખ ઈન્દ્રભારથી બાપુ સામે અત્યંત સ્ફોટક અને સનસનીખેજ આક્ષેપો કર્યા છે. અમરગીરીએ રૂદ્રેશ્વર જાગીર આશ્રમમાં ચાલતી ગતિવિધિઓની સરખામણી કુખ્યાત 'એપસ્ટીન ફાઈલ' સાથે કરીને સમગ્ર સાધુ સમાજ અને વહીવટી તંત્રમાં ફાળ પાડી દીધી છે.

### રજવાડી ઠાઠ, બે નંબરના ધંધાનો આક્ષેપ

અમરગીરી બાપુએ ઈન્દ્રભારથી પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, સાધુના વેશમાં કેટલાક શખ્સો રાજાઓની જેમ રજવાડી ઠાઠ ભોગવી રહ્યા છે. આ વૈભવી જીવન પાછળ 'બે નંબરના ધંધા' હોવાનો તેમણે દાવો કર્યો છે. આક્ષેપ મુજબ, આશ્રમના દરવાજા બંધ રાખીને અંદર નશાકારક પદાર્થો જેવા કે ચરસ, ગાંજો, અફીણ, હેરોઈન અને કોકેઈનનો ઉપયોગ કરવામાં આવે છે. એટલું જ નહીં, આશ્રમમાં છોકરીઓ લાવવામાં આવતી હોવાના અતિ ગંભીર આરોપ પણ લગાવવામાં આવ્યા છે, જે સાધુતાની મર્યાદા પર મોટા સવાલો ઊભા કરે છે.

### ભવનાથ પચાવી પાડવાનું કાવતરું

આ વિવાદમાં માત્ર ચારિત્યના જ નહીં પણ ગંભીર ગુનાખોરીના અંશો પણ બહાર આવી રહ્યા છે. અમરગીરીએ સનસનીખેજ ખુલાસો કર્યો છે કે તેમના ગુરૂભાઈ રમેશગીરી બાપુનું મૃત્યુ કુદરતી નહીં પણ શંકાસ્પદ હત્યા હોઈ શકે છે. તેમણે આક્ષેપ કર્યો છે કે ચોક્કસ તત્વો દ્વારા ભવનાથ મંદિર અને તેની મિલકતો પચાવી પાડવાના સંગઠિત પ્રયાસો થઈ રહ્યા છે. કીર્તિ પટેલના મૃગીકુંડ સ્નાન બાદ વકરેલો આ વિવાદ હવે જૂનાગઢના સાધુઓના આંતરિક ગજગ્રાહ અને સત્તાની લડાઈને જાહેરમાં લઈ આવ્યો છે.

અમરગીરીએ સરકારને વિનંતી કરી છે કે જેઓ સાધુના વેશમાં રહીને કુકર્મ કરે છે તેમની સામે તાત્કાલિક તપાસ કરી કડક પગલાં લેવામાં આવે. તેમણે જણાવ્યું હતું કે, "આવા તત્વોના કપડાં ઉતરી જવા જોઈએ." આ ઉપરાંત, તેમણે જૂનાગઢ કલેક્ટર અને પ્રાંત અધિકારીને ભવનાથ અને અંબાજી મંદિરના મહંતની નિમણૂક પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરવા અનુરોધ કર્યો છે. તેમના મતે, જો નિમણૂક ઓર્ડર જલ્દી જારી કરવામાં આવે તો જ ભવનાથના હિતમાં આ વિવાદોનો અંત આવી શકે તેમ છે.

### મર્યાદા લોપાતા સાધુ સમાજમાં રોષ

મૃગીકુંડમાં ગૃહસ્થીઓના સ્નાન મામલે ચાલી રહેલા વિવાદમાં પણ અમરગીરીએ સ્પષ્ટ કર્યું છે કે સાધુઓએ પોતાની ગરિમા જાળવવી જોઈએ. સાધુઓની આવી સંડોવણી શોભનીય નથી. મીડિયા અહેવાલ મુજબ, અત્યારે ભવનાથમાં ભારે તણાવની સ્થિતિ છે અને પોલીસ તંત્ર પણ આ ગંભીર આક્ષેપોને પગલે સતર્ક બન્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આગામી દિવસોમાં આ મામલે મોટા ઘટસ્ફોટ થવાની શક્યતા છે, જેનાથી ભવનાથની પરંપરા અને સુરક્ષા સામે નવા પડકારો ઊભા થઈ શકે છે.

## ઘઉંની નિકાસની છૂટ મળતા જ બજારમાં તેજી: ભાવ ₹600ને પાર



રાજકોટ | ગુજરાત સહિત સમગ્ર દેશમાં આ વર્ષે ઘઉંનું મબલખ ઉત્પાદન થવાના અંદાજ વચ્ચે ખેડૂતો માટે સારા સમાચાર આવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા ૨૫ લાખ ટન ઘઉંની નિકાસ કરવાની છૂટ આપ્યાના અહેવાલોના પગલે સ્થાનિક બજારમાં ઘઉંના ભાવમાં આંશિક વધારો જોવા મળ્યો છે. રાજકોટના બેડી માર્કેટ યાર્ડમાં સારી ગુણવત્તાના ટુકડા ઘઉંના ભાવ લાંબા સમય બાદ પ્રતિ મણ રૂ. ૬૦૦ની સપાટી વટાવી ગયા છે. ચાલુ રવી સીઝન ૨૦૨૬માં ગુજરાતમાં ઘઉંના વાવેતરમાં ૧૪ ટકાનો વધારો નોંધાયો છે. ફેબ્રુઆરીની શરૂઆત સુધીમાં રાજ્યમાં ૧૪.૮૩ લાખ હેક્ટરમાં વાવેતર પૂર્ણ થયું છે. ગત વર્ષે (૨૦૨૪-૨૫) પણ ગુજરાતમાં ૪૪.૯૮ લાખ ટન ઘઉંનો રેકોર્ડ પાક થયો હતો. સમગ્ર દેશની વાત કરીએ તો ચાલુ વર્ષે ૧૧૮૦ લાખ ટન ઉત્પાદનનો અંદાજ છે. આ વિપુલ જથ્થાને કારણે ભાવ ગગડવાની ભીતિ હતી, પરંતુ નિકાસની મંજૂરી મળતા બજારને મોટો ટેકો મળ્યો છે. રાજકોટ બેડી યાર્ડમાં ફેબ્રુઆરીના પ્રથમ પખવાડિયા સુધી ટુકડા ઘઉંના ભાવ રૂ. ૬૦૦ની નીચે રહ્યા હતા. ગત વર્ષે આ જ સમયગાળામાં ભાવ રૂ. ૭૦૦ સુધી પહોંચ્યા હતા. જોકે, ૧૪ ફેબ્રુઆરીથી બજારનું વલણ બદલાયું છે.

## વડોદરા આંતરરાષ્ટ્રીય ચોરી કેસમાં અઢી વર્ષે અયોધ્યાનો શખ્સ ઝડપાયો

(એજન્સી) વડોદરા । તા. 20

સંસ્કારી નગરીની પ્રતિષ્ઠિત બાન્કો કંપની સાથે થયેલી કરોડોની છેતરપિંડી અને ચોરીના મામલે વડોદરા ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. વડોદરા આંતરરાષ્ટ્રીય ચોરી કેસમાં છેલ્લા અઢી વર્ષથી પોલીસને થાપ આપી નાસતા ફરતા ઉત્તર પ્રદેશના શખ્સને સુરતથી દબોચી લેવામાં આવ્યો છે. જર્મની મોકલવામાં આવતા કીમતી એલ્યુમિનિયમના સાધનોની ચોરી કરી આંતરરાષ્ટ્રીય સ્તરે કંપનીની શાખને નુકસાન પહોંચાડવાનું આ મોટું કૌભાંડ હતું.



જુલાઈ ૨૦૨૩માં બાન્કો કંપની દ્વારા સાત કન્ટેનરો ભરીને એલ્યુમિનિયમનો જથ્થો જર્મની નિકાસ કરવા માટે મોકલવામાં આવ્યો હતો. આ માલ હજીરા પોર્ટ પરથી રવાના થવાનો હતો, પરંતુ મધરાતે રસ્તામાં જ કન્ટેનરના સીલ તોડીને ૧.૪૨ લાખ કિલો જેટલા કીમતી માલની ચોરી કરવામાં આવી હતી. શાતિર તસ્કરોએ વજન જાળવી રાખવા માટે કન્ટેનરમાં એલ્યુમિનિયમને બદલે રેતીની ગુણો ભરી દીધી હતી. જ્યારે આ માલ વિદેશ પહોંચ્યો ત્યારે ૪ કરોડથી વધુની આ ચોરીનો ભાંડો ફૂટ્યો હતો. વડોદરા ક્રાઈમ બ્રાન્ચે અગાઉ આ કેસમાં કન્ટેનરના ડ્રાઈવરો સહિત અનેક સાગરીતોની ધરપકડ કરી હતી. જોકે, અયોધ્યાના રુદોલીનો વતની સુધીરકુમાર ગયાપ્રસાદ સિંહ સતત પોલીસને હાથતાળી આપતો હતો. સૂત્રો દ્વારા મળેલી ચોક્કસ માહિતીના આધારે પોલીસ ટીમોએ સુરતના ઓલપાડ વિસ્તારની સેલિબ્રેશન હોમ્સ સોસાયટીમાં વોચ ગોઠવી હતી.

## જૂનાગઢની 19 વસાહતોમાં 5 વર્ષ માટે અશાંત ધારો લાગુ, જોષીપરા અને ખામધ્રોળ રોડની સોસાયટીઓ 'અશાંત ક્ષેત્ર' જાહેર

(એજન્સી) જૂનાગઢ । તા. 20

જૂનાગઢ શહેરમાં લાંબા સમયની પ્રતીક્ષા અને અનેક રજૂઆતો બાદ આખરે રાજ્ય સરકાર દ્વારા 'અશાંત ધારો' લાગુ કરવામાં આવ્યો છે. સરકારના નવા જાહેરનામા મુજબ, શહેરના જોષીપરા અને ખામધ્રોળ રોડ વિસ્તારની કુલ ૧૯ વસાહતોને આગામી પાંચ વર્ષ માટે 'અશાંત ક્ષેત્ર' જાહેર કરવામાં આવી છે. જોકે, આ નિર્ણયમાં શહેરના અતિ સંવેદનશીલ અને જૂના વિસ્તારો બાકાત રહેતા મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, જોષીપરા વિસ્તારની ૫ સોસાયટીઓ અને ખામધ્રોળ રોડ પરની ૧૪ સોસાયટીઓ મળીને કુલ ૧૯ વસાહતોમાં આ કાયદો લાગુ થયો છે. આ જાહેરનામું તા. ૧૮-૦૨-૨૦૨૬ થી ૧૭-૦૨-૨૦૩૧ સુધી એટલે કે પૂરા પાંચ વર્ષ માટે અમલી રહેશે. આ વિસ્તારોમાં હવે મિલકતની ખરીદ-વેચાણ કે ટ્રાન્સફર માટે કલેક્ટરની પૂર્વ મંજૂરી લેવી અનિવાર્ય બનશે.

સરકારના આ નિર્ણયથી હિન્દુ સંગઠનો, ભાજપના આગેવાનો અને જૈન સમાજમાં આંશિક સંતોષ છે, પરંતુ મુખ્ય વિસ્તારો બાકાત રહેતા નારાજગી પણ છે. સ્થાનકવાસી જૈન સમાજના પ્રમુખ હિતેષ સંઘવીએ જણાવ્યું કે, "જગમાલ ચોક અને ઉપરકોટ જેવા વિસ્તારો જ્યાં પૌરાણિક દેરાસરો અને મંદિરો આવેલા છે, ત્યાં છેલ્લા ૧૪ વર્ષથી અશાંત ધારાની માંગ કરવામાં આવી રહી છે. તેમ છતાં આ વિસ્તારોને બાકાત રાખવામાં આવ્યા છે તે દુર્ભાગ્યપૂર્ણ છે."

ભવનાથ, દોલતપરા, મીરાનગર, સુખનાથ ચોક અને વિધાતાનગર જેવા વિસ્તારોમાં પણ અશાંત ધારો લાગુ કરવા માટે દબાણ વધી રહ્યું છે. ભાજપના અગ્રણીઓએ આ નિર્ણયને પ્રથમ તબક્કો ગણાવ્યો છે અને વિશ્વાસ અપાવ્યો છે કે આગામી સમયમાં અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં પણ આ કાયદો અમલી કરાવવા માટે પ્રયત્નો ચાલુ રહેશે. અત્યારે તો આ ૧૯ વસાહતોમાં વહીવટી પ્રક્રિયા વધુ કડક બનશે, જેની સીધી અસર રિયલ એસ્ટેટના સોદાઓ પર જોવા મળશે.

## જેતપુરની બ્લડ બેન્કમાં દારૂની મહેફિલ: PRO નશાની હાલતમાં ઝડપાયો

(એજન્સી) જેતપુર । તા. 20

જેતપુર શહેરમાં માનવતાનું મંદિર ગણાતી બ્લડ બેન્કને કલંકિત કરતી એક શરમજનક ઘટના સામે આવી છે. શહેરની 'દેવ લાઈફ બ્લડ સેન્ટર' માં જનસંપર્ક અધિકારી (PRO) તરીકે ફરજ બજાવતો શખ્સ નશાની હાલતમાં ઝડપાયો છે. લોહીની જરૂરિયાત માટે આવેલી એક મહિલા સાથે ગેરવર્તન કર્યા બાદ સમગ્ર મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો, જેના પગલે પોલીસે દરોડા પાડી દારૂનો જથ્થો અને સપ્લાયરોને ઝડપી પાડ્યા છે.



બનાવની વિગતો મુજબ, એક મહિલા પોતાના સ્વજનની સારવાર માટે લોહી લેવા બ્લડ બેન્ક પહોંચી હતી. આ સમયે ત્યાં હાજર પી.આર.ઓ. રોહિત ઉર્ફે કાળુ દિલીપભાઈ રૈયાણી નશામાં ધૂત હતો. તેણે મહિલા સાથે લોહી બાબતે અસભ્ય વર્તન અને રકઝક શરૂ કરી હતી. મામલો ગંભીર બનતા મહિલાએ તેના પરિવારને જાણ કરી અને અંતે જેતપુર સિટી પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે તપાસ કરતા રોહિત રૈયાણી નશાની હાલતમાં જ મળી આવ્યો હતો.

પોલીસે બ્લડ બેન્કની ઓફિસમાં સર્ચ ઓપરેશન હાથ ધરતા ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. ઓફિસમાંથી વિદેશી બ્રાન્ડની ૧૦૦ મિલી અને ૩૦૦ મિલીની ભરેલી બે બોટલો, ત્રણ ખાલી બોટલો અને કાચનો ગ્લાસ મળી આવ્યો હતો. આ જોઈને પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ હતી કે જ્યાં લોકોના જીવ બચાવવા માટે લોહીનો સંગ્રહ થાય છે, ત્યાં દારૂની મહેફિલ જામતી હતી. પોલીસે તમામ મુદ્દામાલ કબજે કરી આરોપીની અટકાયત કરી છે.

## અમરેલી પાલિકાનું ₹113 કરોડનું પુરાંતવાળું બજેટ મંજૂર



અમરેલી | અમરેલી નગરપાલિકાની કારોબારી સમિતિ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું રૂ. ૧૧૩ કરોડનું મહત્વકાંક્ષી બજેટ રજૂ કરવામાં આવ્યું છે. રૂ. ૯.૩૧ લાખની પુરાંત ધરાવતા આ બજેટમાં શહેરના આધુનિકીકરણ, આરોગ્ય સુખાકારી અને રસ્તાઓના વિકાસને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યા છે. કારોબારી સમિતિના ચેરમેન અને સભ્યોની ઉપસ્થિતિમાં મળેલી બેઠકમાં આ બજેટને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. બજેટમાં શહેરના મુખ્ય રસ્તાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. ગૌરવપથ ગ્રાન્ટ હેઠળ અંદાજે રૂ. ૫ કરોડના ખર્ચે સિવિલ હોસ્પિટલ રોડ, સેન્ટર પોઈન્ટથી મણીનગર રોડ અને ભીડભંજન મહાદેવ મંદિરથી ચક્કરગઢ રોડ બાયપાસને 'આઈકોનિક રોડ' તરીકે વિકસાવવામાં આવશે. આ ઉપરાંત, મુખ્યમંત્રી શહેરી સડક યોજના અને ઓ.જી. ગ્રાન્ટ હેઠળ શહેરના અંદરના અને બહારના વિસ્તારોમાં નવા સી.સી. રોડ અને સ્ટોર્મ વોટર ડ્રેનેજની કામગીરી હાથ ધરાશે. અમરેલીના લાઠી રોડ પર એક નવો અદ્યતન ટાઉન હોલ બનાવવાનું આયોજન આ બજેટમાં કરવામાં આવ્યું છે.

### ગેરકાયદેસર બોર્ડ પર કાર્યવાહીની માંગ સાથે કાર્યકર્તાનો કટાક્ષ

## વડોદરા વોર્ડ 8 બોર્ડ વિવાદમાં કાઉન્સિલરની પોલીસ ફરિયાદ, કાઉન્સિલર મીનાબા ચૌહાણ પોલીસ ફરિયાદ નોંધાઈ

(એજન્સી) વડોદરા । તા. 20

શહેરના વોર્ડ નંબર 8 માં સ્થાનિક રાજકારણ હવે રસ્તા પરના બોર્ડ સુધી આવી ગયું છે. કાઉન્સિલરના નામ અને સરનામા ધરાવતા દિશાસૂચક બોર્ડને એંગલથી કાપીને હટાવી દેવાના મામલે ભારે હોબાળો મચ્યો છે. વડોદરા વોર્ડ ૮ બોર્ડ વિવાદ હવે પોલીસ સ્ટેશનના ઉંબરે પહોંચ્યો છે, જેમાં સત્તાધારી પક્ષના કાઉન્સિલર અને એક સામાજિક કાર્યકર્તા સામસામે આવી ગયા છે. વોર્ડ નંબર 8 ના કાઉન્સિલર મીનાબા ચૌહાણે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે તેમના નિવાસસ્થાનની બહાર જનતાની સુવિધા માટે લગાવાયેલું લોખંડનું બોર્ડ કોઈ અજાણ્યા શખ્સે પાઈપ કાપીને ચોરી લીધું છે. મીનાબાએ શંકા વ્યક્ત કરી છે કે સામાજિક કાર્યકર્તા સ્વેજલ વ્યાસે સોશિયલ મીડિયા પર આ બોર્ડ ઉતારવાની ધમકી આપી હતી અને ત્યારબાદ જ આ ઘટના બની છે.

બીજી તરફ, સામાજિક કાર્યકર્તા સ્વેજલ વ્યાસે સોશિયલ મીડિયાના માધ્યમથી આડકતરી રીતે આ કૃત્યની જવાબદારી સ્વીકારતા કટાક્ષ કર્યો છે. સ્વેજલ વ્યાસના જણાવ્યા અનુસાર, તેમના ધાર્મિક પ્રસંગના હોર્ડિંગ્સ કોર્પોરેશન દ્વારા ઉતારી લેવામાં આવ્યા હતા, જ્યારે કાઉન્સિલરનું ગેરકાયદેસર બોર્ડ યથાવત હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે પરવાનગી વગર લગાવાયેલા આ



દિશાસૂચક બોર્ડને હટાવવા માટે તેમણે તંત્રને અગાઉ પણ જાણ કરી હતી. તેમણે સવાલ ઉઠાવ્યો છે કે ગેરકાયદેસર દબાણ કરનાર સામે પગલાં લેવાને બદલે ફરિયાદ કરનાર સામે કેસ કરવો એ કેટલે અંશે વ્યાજબી છે?

આ વિવાદના મૂળમાં હોર્ડિંગ્સ હટાવવાની પક્ષપાતી કાર્યવાહી જવાબદાર હોવાનું મનાય છે. કાઉન્સિલરે પોતાની ફરિયાદમાં નુકસાન અને માનસિક ત્રાસનો ઉલ્લેખ કર્યો છે, જ્યારે કાર્યકર્તાએ તેને કાયદાનું પાલન ગણાવ્યું છે. હાલમાં જવાહરનગર પોલીસે ફરિયાદ નોંધીને સીસીટીવી ફૂટેજ અને સોશિયલ મીડિયા પોસ્ટના આધારે તપાસ શરૂ કરી છે. આ કિસ્સાએ શહેરમાં ગેરકાયદેસર બોર્ડ અને હોર્ડિંગ્સના મુદ્દે ફરી એકવાર ચર્ચા જગાડી છે.

### બાવન લાખની ઉઘરાણી ધમકી આપી પિતા પુત્ર ફરાર

## વડોદરા આંગડિયા પેઢી છેતરપિંડી કેસમાં પિતા પુત્ર સામે ગુનો

(એજન્સી) વડોદરા । તા. 20

શહેરમાં વેપારના નામે વિશ્વાસઘાત કરી આંગડિયા પેઢીને લાખોનો ચૂનો લગાવવાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વડોદરા આંગડિયા પેઢી છેતરપિંડીના આ બનાવમાં વાડી પોલીસે પિતા અને તેના બે પુત્રો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓએ આંગડિયા પેઢીના વિશ્વાસનો દુરુપયોગ કરી ૫૨.૩૩ લાખ રૂપિયા ઓળવી લીધા હોવાનું બહાર આવ્યું છે.

માંજલપુર વિસ્તારમાં રહેતા જગદીશભાઈ પટેલ છેલ્લા ઘણા સમયથી આંગડિયા પેઢી ચલાવે છે. તેમની પેઢીમાં અગાઉ નોકરી કરી ચુકેલા અમૃતજી વિહોલ અને તેમના પુત્ર રાજેશ ઉર્ફે રાજુ વિહોલ પર ભરોસો રાખીને લાખોનો વહીવટ કરવામાં આવતો હતો. નવેમ્બર-૨૦૨૫ દરમિયાન, આરોપી રાજેશના કહેવા પ્રમાણે પેઢીએ અલગ-અલગ સ્થળોએ ગ્રાહકોને ૫૨.૩૩ લાખ રૂપિયા મોકલી આપ્યા હતા. જોકે, કામ પતી ગયા બાદ આ રકમ પેઢીને પરત ચૂકવવામાં આરોપીઓએ આનાકાની શરૂ કરી હતી.

જ્યારે આંગડિયા પેઢીના સંચાલક અને સ્ટાફ આરોપીના ઘરે ઉઘરાણી કરવા પહોંચ્યા, ત્યારે મામલો વધુ બિચક્યો હતો. આરોપીઓએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું અને રૂબરૂ મુલાકાતમાં ગર્ભિત ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, આરોપી રાજેશે ઉદ્ધતાઈપૂર્વક જણાવ્યું હતું કે, "તમારાથી થાય તે કરી લેજો, અત્યારે રૂપિયા મળવાના નથી." એટલું જ નહીં, જો ફરીથી ઉઘરાણી માટે ઘરે આવશે તો મહિલાના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપી હતી.

સમગ્ર મામલે વેપારીએ વાડી પોલીસ સ્ટેશનમાં ઢાલ બનાવીને રાજેશ વિહોલ, તેના ભાઈ ઉપેન અને પિતા અમૃતજી વિહોલ સામે ફરિયાદ નોંધાવી છે.

## લાંચ કેસમાં કાર્યપાલક ઇજનેર અને પત્રકાર સામે ગુનો નોંધાયો




સુરત | દક્ષિણ ગુજરાતના આર્થિક પાટનગર ગણાતા સુરત શહેરમાં ભ્રષ્ટાચારનો વધુ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનમાં કાર્યરત એક ઉચ્ચ અધિકારી અને સ્થાનિક પત્રકારના મેળાપીપણામાં આચરાયેલા સુરત પાલિકા લાંચ કેસમાં એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ લાલ આંખ કરી છે. બાંધકામ પરનું ડિમોલિશન અટકાવવાના બહાને લાખો રૂપિયાની માંગણી કરનાર કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલા અને પત્રકાર મહંમદ ઈસ્માઈલ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદીના બાંધકામ પર પાલિકા દ્વારા ડિમોલિશનની નોટિસ આપવામાં આવી હતી. આ કાર્યવાહી અટકાવવા માટે લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર (વર્ગ-1) વિપુલ શશીકાંત ગણેશવાલા અને પત્રકાર મહંમદ ઈસ્માઈલ ઉર્ફે પરવાના પઠાણે ખેલ પાડ્યો હતો. શરૂઆતમાં આરોપીઓ દ્વારા 21 લાખ રૂપિયાની જંગી રકમ માંગવામાં આવી હતી.

### ભરથાણા ટોલ પ્લાઝા કમાણીમાં રાજ્યમાં મોખરે, કરોડોનો ટોલ છતાં ખાડાનું રાજ યથાવત રહ્યું છે

## વડોદરા ટોલ વસૂલાત જનતાના ખિસ્સામાંથી 922 કરોડ સાફ

(એજન્સી) વડોદરા । તા. 20

વડોદરા જિલ્લામાંથી પસાર થતા વાહનચાલકો માટે મુસાફરી મોંઘીદાટ સાબિત થઈ રહી છે. નેશનલ હાઈવે અને એક્સપ્રેસ હાઈવે પર આવેલા ત્રણ મુખ્ય ટોલ પ્લાઝા પરથી પસાર થતા લોકોએ વર્ષ ૨૦૨૪-૨૫ના નાણાંકીય વર્ષમાં કુલ ૯૨૨.૨૪ કરોડ રૂપિયાનો તોતિંગ ટોલ ચૂકવ્યો છે. ચોંકાવનારી બાબત એ છે કે છેલ્લા પાંચ વર્ષમાં આ ટોલની રકમમાં ૭૦ ટકા જેટલો જંગી વધારો ઝીંકાયો છે. જોકે, કરોડો રૂપિયાની આ વસૂલાત સામે વાહનચાલકોને સુવિધાના નામે માત્ર ખાડા અને ટ્રાફિકજામ જ નસીબ થયા હોય તેવું ચિત્ર ચોમાસા દરમિયાન ઉપસી આવ્યું છે.

કરજણ પાસે નેશનલ હાઈવે ૪૮ પર આવેલું ભરથાણા ટોલનાકુ સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌથી વધુ કમાણી કરી આપતું નાકુ બની ગયું છે. વર્ષ ૨૦૨૦-૨૧માં અહીંથી ૩૩૮.૫૪ કરોડ



રૂપિયાની વસૂલાત થઈ હતી, જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૪૭૨.૫૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. આ જ રીતે વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર આસોજ ટોલ પ્લાઝાની આવક ૧૦૨ કરોડથી વધીને ૧૬૪.૫૩ કરોડ થઈ છે. જ્યારે વાસદ ટોલ પ્લાઝા પર વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૨૪.૫૧ કરોડની ઊઘરાણી સામે ૨૦૨૪-૨૫માં ૨૮૫.૨૧ કરોડ રૂપિયા વસૂલવામાં આવ્યા છે.

એક તરફ ટોલના દરોમાં દર વર્ષે વધારો કરવામાં આવે છે અને વાહનોની સંખ્યા વધતા વસૂલાતનો આંકડો કરોડોને પાર કરી રહ્યો છે, બીજી તરફ રસ્તાઓની હાલત દયનીય છે. નેશનલ હાઈવે ૪૮ પર ચોમાસા દરમિયાન અગણિત ખાડાઓના કારણે વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. કરોડોનો ટેક્સ આપવા છતાં વાહનચાલકો પોતાના નિયત સ્થળે સમયસર પહોંચી શકતા નથી. મીડિયા અહેવાલ મુજબ, રસ્તા પરના ખાડાઓને કારણે અનેક વાહનોને નુકસાન થયું છે અને અકસ્માતોનું જોખમ પણ વધ્યું છે.

વડોદરા નજીકના જાંબુવા, પોર તેમજ બામણગામ પાસે કલાકો સુધી લાંબો ટ્રાફિક જામ થવો હવે રોજની સમસ્યા બની ગઈ છે. શહેરના છેડે આવેલા વાઘોડિયા, આજવા, દેણા, દુમાડ અને તરસાલી ચોકડી પરના બ્રિજ પર પણ મોટા ખાડા પડી ગયા છે. આટલી જંગી આવક હોવા છતાં નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા રસ્તાઓના સમારકામમાં ગંભીર બેદરકારી દાખવવામાં આવતી હોવાનો સુર ઉઠ્યો છે. વાહનચાલકોમાં રોષ છે કે જો સુવિધા જ આપવાની ન હોય તો આટલી મોટી રકમ ટોલ પેટે શા માટે વસૂલવી જોઈએ? ટોલની આવકમાં સતત થઈ રહેલા વધારા પાછળ મુખ્યત્વે બે કારણો જવાબદાર છે. પ્રથમ તો દર વર્ષે ટોલના દરોમાં કરવામાં આવતો ક્રમશઃ વધારો અને બીજું, ઔદ્યોગિક પરિવહનને કારણે હાઈવે પર વધતી વાહનોની સંખ્યા. જોકે, વિકાસના નામે વસૂલાતા આ નાણાંનો ઉપયોગ રસ્તાઓના યોગ્ય જાળવણી માટે કરવામાં આવતો નથી તેવું સ્પષ્ટ દેખાય છે.

### સારો રસ્તો શોધો ઈનામ જીતોની અનોખી જાહેરાત

## વડોદરા ખાડા રાજ સારો રસ્તો બતાવો અને ઈનામ મેળવો

(એજન્સી) વડોદરા । તા. 20

સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા વડોદરા શહેરના રસ્તાઓની હાલત અત્યારે એટલી હદે બદતર બની છે કે સામાન્ય જનતા અને વિપક્ષમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શહેરના વોર્ડ નંબર ૧૨ માં એક કોંગ્રેસ કાર્યકરે તંત્રની ઊંઘ ઉડાડવા માટે 'ગાંધીગીરી'નો માર્ગ અપનાવી એક અનોખો પડકાર ફેંક્યો છે. રસ્તા પરના ખાડાઓ અને ઠેર-ઠેર મારેલા થીગડાઓથી કંટાળીને આ કાર્યકરે 'સારો રસ્તો શોધો અને રૂ. ૧,૦૦૦ જીતો' નામની યોજના જાહેર કરી છે, જે સમગ્ર વડોદરામાં ચર્ચાનો વિષય બની છે. વોર્ડ નંબર ૧૨ ના આ કોંગ્રેસ કાર્યકરે પોતાની કારને જ વિરોધનું માધ્યમ બનાવ્યું છે. તેણે કાર પર તૂટેલા રસ્તાઓ, ખુલ્લી ગટરના ઢાંકણા અને પેચવર્ક કરેલા માર્ગોના ફોટા



સાથેના બેનરો લગાવીને અનોખી રીતે પ્રચાર કર્યો હતો. કાર્યકરે જાહેરમાં એવી જાહેરાત કરી છે કે, "જો વોર્ડમાં કોઈ પણ વ્યક્તિ એક થી દોઢ કિલોમીટર સુધીનો પેચવર્ક વગરનો નવો નકોર રસ્તો બતાવશે, તો તેને રોકડ ૧,૦૦૦ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે." આ અનોખા વિરોધે મહાનગરપાલિકાના અધિકારીઓની કામગીરી સામે મોટા સવાલો ઊભા કર્યા છે.

**21મી સદીનું ભારત વિકાસ અને વિરાસત સાથે આગળ વધી રહ્યું છે**

# ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનજી ગુજરાતની મુલાકાતે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન ત્રણ દિવસના પ્રથમ ગુજરાત પ્રવાસે અમદાવાદ પહોંચતા સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક ખાતે તેમનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સહિત અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા. સંબોધનમાં નીતિન નવીનજીએ જણાવ્યું કે ૨૧મી સદીમાં ભારત વિકાસની દિશામાં



વિરાસતને સાથમાં લઈ આગળ વધી રહ્યું છે અને તેનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વને જાય છે. તેમણે ગુજરાતને મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવી મહાન વિભૂતિઓની ધરતી ગણાવી ગૌરવ વ્યક્ત કર્યું.

તેમણે ઉમેર્યું કે કાર્યકર્તાઓના પરિશ્રમ અને સંગઠનશક્તિના બળે ગુજરાત "વિકસિત ગુજરાત" તરફ દ્રુત ગતિએ આગળ વધી રહ્યું છે અને આજે રાજ્ય દેશ જ નહીં, વિશ્વને પણ દિશા આપી રહ્યું છે. નીતિન નવીનજીએ કાર્યકર્તાઓને 2027 અને 2029ના રાજકીય લક્ષ્યો ધ્યાનમાં રાખી સંગઠન મજબૂત બનાવવા આહ્વાન કર્યું. તેમણે જણાવ્યું કે ભાજપાના કાર્યકર્તાઓ સતત જનતા વચ્ચે રહે છે, જ્યારે કેટલાક પક્ષો ચૂંટણી સમયે જ સક્રિય બને છે.

## કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અમદાવાદ અને સુરેન્દ્રનગર ખાતે આયોજિત વિવિધ લગ્ન પ્રસંગોમાં ઉપસ્થિત



ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અમદાવાદ અને સુરેન્દ્રનગર ખાતે આયોજિત વિવિધ લગ્ન પ્રસંગોમાં ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ લગ્ન સમારોહમાં પરિવારજનોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી અને નવદંપતીને સુખી, સમૃદ્ધ અને સફળ દાંપત્યજીવન માટે આશીર્વાદ આપ્યા. તેમના આગમનથી પ્રસંગોમાં આનંદ અને ઉમંગનો માહોલ સર્જાયો હતો. (ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ)

**લગ્ન નોંધણી માટે વિશેષ પોર્ટલ બનાવાશે, 30 દિવસમાં સૂચનો આમંત્રિત**

# લગ્ન નોંધણીમાં ઐતિહાસિક સુધારા: હવે માતા-પિતાને ફરજિયાત જાણ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત વિધાનસભાના ગૃહમાં નિયમ ૪૪ હેઠળ નાયબ મુખ્યમંત્રીએ લગ્ન નોંધણી પ્રક્રિયામાં ધરખમ સુધારા અંગે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું. રાજ્ય સરકાર હવે 'ગુજરાત મેરેજ રજિસ્ટ્રેશન એક્ટ-૨૦૦૬'ના નિયમોમાં ફેરફાર કરીને લગ્ન નોંધણી સમયે માતા-પિતાને પ્રક્રિયામાં સમાવવા જઈ રહી છે. આ માટે વિશેષ પોર્ટલ બનાવાશે, જેથી નોંધણી સમયે માતા-પિતાને સત્તાવાર જાણ થઈ શકે. શ્રી સંઘવીએ જણાવ્યું કે, લગ્ન નોંધણીની હાલની પ્રક્રિયામાં કેટલીક છટકબારીના કારણે ગેરઉપયોગ થતો હોવાના કેસો સામે આવ્યા છે. ખાસ કરીને પંચમહાલ જિલ્લામાં બોગસ 'નિકાહ' પ્રમાણપત્રો ઈશ્યૂ થયાના મુદ્દે ઊંડાણપૂર્વક તપાસ કરીને કડક કાર્યવાહી હાથ ધરાઈ છે. કેટલીક જગ્યાએ ઓળખ છુપાવીને થયેલા લગ્નોની ઘટનાઓને સરકાર ગંભીરતાથી લઈ રહી છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ લાવવામાં આવતા આ સુધારા દીકરીઓની સુરક્ષા અને સામાજિક માળખાની રક્ષા માટે મહત્વપૂર્ણ પગલું ગણાવાયું છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ કર્યું કે લવ-મેરેજનો વિરોધ નથી, પરંતુ 'છેતરપિંડી' અને 'બળજબરી' સામે સરકાર શૂન્ય સહનશીલતા અપનાવશે. પ્રસ્તાવિત સુધારાઓ અંગે રાજ્યના નાગરિકો પાસેથી ૩૦ દિવસ સુધી વાંધા-સૂચનો મંગાવવામાં આવ્યા છે. સૂચનોના આધારે એક સમિતિ બંધારણીય મર્યાદામાં રહીને અંતિમ અમલ માટે ભલામણ કરશે. સરકારના મતે, આ સુધારા દીકરીઓના સન્માન, પારદર્શિતા અને કાનૂની પ્રક્રિયાની મજબૂતી તરફનું ઐતિહાસિક પગલું છે.

# ધોલેરા SIRમાં 25 હજાર કરોડનું ગ્રીન AI ડેટા સેન્ટર, ગુજરાતે ભરી મોટી ઝંપલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

નવી દિલ્હીમાં યોજાયેલી ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ દરમિયાન ગુજરાતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે ઐતિહાસિક પગલું ભર્યું છે. રાજ્યના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને Larsen & Toubro Vyoma વચ્ચે ધોલેરા SIR ખાતે 250 મેગાવોટ ક્ષમતા ધરાવતા ગ્રીન AI રેડી હાઈપરસ્કેલ ડેટા સેન્ટર કેમ્પસની સ્થાપના માટે એમ.ઓ.યુ. થયા છે. વન, પર્યાવરણ અને વિજ્ઞાન-ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં થયેલા આ કરાર મુજબ પ્રોજેક્ટમાં અંદાજે 25 હજાર કરોડનું રોકાણ થશે અને સંભવતઃ 2028 સુધીમાં પ્રોજેક્ટ કાર્યરત થશે. ધોલેરા SIRમાં ઊભું થનાર આ ગ્રીન ડેટા સેન્ટર



ગુજરાતને AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને એડવાન્સ્ડ એનાલિટિક્સ ક્ષેત્રે અગ્રેસર બનાવશે. પ્રોજેક્ટ રાજ્યની IT/ITeS નીતિ સાથે સુસંગત રહીને ગ્લોબલ ક્લાઉડ અને AI કંપનીઓને આકર્ષવાનો માર્ગ મોકળો કરશે. કન્સ્ટ્રક્શનથી લઈને લાંબા ગાળાના ઓપરેશન્સ સુધી સીધી તેમજ પરોક્ષ રોજગારીની નોંધપાત્ર તકો ઊભી થશે. સાથે જ સંલગ્ન ઈકોસિસ્ટમનો વિકાસ રાજ્યના ડિજિટલ ટ્રાન્સફોર્મેશનને નવી ગતિ આપશે.

## રાહતદરે ફાળવેલા પ્લોટ પરના મકાન વેચાણ મુદ્દે નિવૃત્ત કર્મીઓની CMને અપીલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગરમાં સરકારી કર્મચારીઓને વર્ષો અગાઉ રાહતદરે ફાળવાયેલા પ્લોટ પર બનેલા મકાનોના વેચાણ મુદ્દે નિવૃત્ત કર્મચારીઓએ રાજ્ય સરકાર સમક્ષ માનવીય દૃષ્ટિકોણથી નિર્ણય લેવા માંગ કરી છે. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ મુખ્યમંત્રીને પાઠવેલી રજૂઆતમાં જણાવ્યું છે કે આશરે ૨૫-૩૦ વર્ષ પહેલાં રહેણાંક માટે ફાળવાયેલા પ્લોટ પર મકાન બાંધી વસવાટ કરનાર મોટા ભાગના કર્મચારીઓ આજે નિવૃત્ત થઈ ચૂક્યા છે. હાલમાં અનેક નિવૃત્ત કર્મચારીઓ આર્થિક સંજોગો, સંતાનોની વ્યવસ્થા અથવા વતનમાં સ્થાયી થવા જેવી પરિસ્થિતિને કારણે મકાન વેચવા ઈચ્છે છે.

# STP ટ્રીટેડ પાણીથી 3 લાખથી વધુ વૃક્ષોને જીવનદાન: જળ સંચયમાં ગાંધીનગર મનપાની આગવી પહેલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

પર્યાવરણ સંરક્ષણ અને જળ સંચય તરફ સકારાત્મક પગલું ભરીને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનએ શહેરમાં 'વેસ્ટ ટુ રિસોર્સ' મોડલને સાકાર બનાવ્યું છે. ભાટ, કોલવડા અને પેથાપુર ખાતે કાર્યરત આધુનિક સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP)માંથી શુદ્ધ થયેલા પાણીનો ઉપયોગ શહેરના બગીચાઓ અને વૃક્ષારોપણ માટે કરવામાં આવી રહ્યો છે. દૈનિક ૯૦ હજાર લિટરથી વધુ ટ્રીટેડ પાણી હરિયાળી જાળવવા વપરાઈ રહ્યું છે. કુલ ૪૩ MLD ક્ષમતા ધરાવતા ત્રણ STP દ્વારા ગંદા પાણીને પ્રક્રિયા કરીને સિંચનયોગ્ય બનાવવામાં આવે છે, જે ભૂગર્ભ જળ પરનો ભાર





ઘટાડવામાં સહાયક બની રહ્યું છે. હાલમાં ભાટ, કોટેશ્વર, નભોઈ, સુઘડ, વાવોલ, કોલવડા, રાંધેજા અને પેથાપુર સહિતના વિસ્તારોમાં આવેલા ૧૫થી વધુ જાહેર બગીચાઓમાં આ પાણીથી સિંચન થાય છે. સાથે જ શહેરમાં વાવવામાં આવેલા ૩ લાખથી વધુ વૃક્ષોને પણ આ પ્રયોગથી નિયમિત પાણી મળી રહ્યું છે. જળ સંકટની પડકારજનક પરિસ્થિતિમાં આ પહેલ ટેકનોલોજી આધારિત સસ્ટેનેબલ અર્બન મેનેજમેન્ટનું ઉત્તમ ઉદાહરણ બની રહી છે. ટ્રીટેડ પાણીના પુનઃઉપયોગ દ્વારા મહાનગરપાલિકાએ પર્યાવરણ જાળવણી અને સંસાધનોના સંવર્ધન માટે નવી દિશા દર્શાવી છે.

# આણંદમાં LCBનો લાંચ ટ્રેપ રેવન્યુ તલાટી સહિત બે ઝડપાયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

આણંદ જિલ્લામાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB) દ્વારા સફળ લાંચ ટ્રેપ ગોઠવી રેવન્યુ તલાટી સહિત બે વ્યક્તિઓને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે. આ કેસમાં આરોપી તરીકે ગૌરવ રાજેશકુમાર રાજપુત, રેવન્યુ તલાટી, મામલતદાર કચેરી આણંદ ગ્રામ્ય તથા પ્રજાજન બદરૂદીન શરફુભાઈ મલેકની ધરપકડ કરવામાં આવી છે. ટ્રેપની કાર્યવાહી તા. 20 ફેબ્રુઆરી, 2026ના રોજ હાથ ધરવામાં આવી હતી. ફરિયાદી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, બાકરોલ ખાતે આવેલી વડીલોપાર્જિત સંયુક્ત માલિકીની જમીનની વારસાઈ નોંધ નામંજૂર થતા તેની અપીલ



પ્રક્રિયા શરૂ કરાવવા આરોપી તલાટીએ કુલ રૂ. 1,20,000ની લાંચ માગી હતી. તેમાંના રૂ. 30,000 અગાઉ ગૂગલ પે મારફતે લઈ લેવાયા હતા અને વધુ રૂ. 10,000ની માંગણી કરવામાં આવી હતી. ફરિયાદી લાંચ આપવા ઈચ્છુક ન હોવાથી તેમણે આણંદ ACB કચેરીનો સંપર્ક કર્યો. સુનિયોજિત ટ્રેપ દરમિયાન આરોપી તલાટીએ પૈસા તેના સાથીદારે સ્વીકારવા સૂચન કર્યું.

## રવિ-2026: ટેકાના ભાવે ચણા-રાયડાની ખરીદી માટે 5 માર્ચ સુધી નોંધણી ફરજિયાત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ભારત સરકાર દ્વારા વર્ષ 2025-26 (રવિ-2026) માટે પ્રાઈઝ સપોર્ટ સ્કીમ (PSS) હેઠળ ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવી છે. રવિ સીઝનમાં ખેડૂતોને વાજબી વળતર મળે તે માટે ચણાનો ટેકો ભાવ પ્રતિ ક્વિન્ટલ 5,875 અને રાયડાનો 6,200 નક્કી કરવામાં આવ્યો છે. રાજ્યના તમામ જિલ્લાઓમાં આ ખરીદી પ્રક્રિયા અમલમાં મુકવામાં આવશે. તેમાં ભાગ લેવા ઈચ્છુક ખેડૂતો માટે તા. 05 માર્ચ, 2026 સુધી "ઈ-સમૃદ્ધિ" પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત રહેશે. નોંધણી ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્ર ખાતે VCE મારફતે વિનામૂલ્યે કરવામાં આવી રહી છે. ખેડૂતોની પારદર્શક ઓળખ અને પ્રામાણિકતા માટે આધાર આધારિત બાયોમેટ્રિક (થમ્બ ઈમ્પ્રેશન) ઓથેન્ટિકેશન પ્રક્રિયા અમલમાં છે. વધુ માહિતી માટે ખેડૂતોને પોતાની ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી/ગ્રામ સેવક અથવા તાલુકા કક્ષાના વિસ્તરણ અધિકારીનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીએ અનુરોધ કર્યો છે.

# ચૌધરી કોલેજ સંકુલમાં માતૃભાષા મહોત્સવની ગૌરવભેર ઉજવણી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર સ્થિત ચૌધરી મહિલા અધ્યાપન કોલેજમાં ગુજરાત સાહિત્ય અકાદમી અને હિન્દી દલિત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા મહોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં માતૃભાષાના ગૌરવ, સંસ્કૃતિક વારસો અને નવી પેઢી માટે ભાષાની દિશા વિશે ઉંડાણપૂર્વક વિચારવિમર્શ થયો. પ્રસંગે ડો. કેશુભાઈ દેસાઈ અને ડો. કલ્યાણ વૈષ્ણવે ગુજરાતી ભાષાની સમૃદ્ધ પરંપરા અને તેની વૈચારિક શક્તિ પર પ્રેરક વ્યાખ્યાન આપ્યા. હિન્દી દલિત સાહિત્ય અકાદમીના પ્રમુખ ડો. નરસિંહદાસ વણકરે સંસ્થાની પ્રવૃત્તિઓનો પરિચય આપતાં ભાષા અને સાહિત્ય દ્વારા સામાજિક જાગૃતિનું મહત્વ ઉજાગર કર્યું. ડો. મેધાબેન ત્રિવેદીએ સ્વાગત



પ્રવચન દ્વારા કાર્યક્રમને ઉષ્માભેર આવકાર્યો. આ અવસરે પી.ટી.સી. કોલેજના આચાર્ય ડો. મૃણાલિની ચૌહાણ, બી.એડ. કોલેજના આચાર્ય ડો. દિનેશભાઈ પટેલ, સંકુલના ઉપપ્રમુખ શ્રી રણછોડભાઈ ચૌધરી તથા એસ. આર. ચૌધરી, સાહિત્યકાર શ્રી રમણભાઈ વાઘેલા અને કવિ મુલાન્કી સહિત અનેક અધ્યાપકો અને સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન માતૃભાષા પ્રત્યે ગૌરવની ભાવના મજબૂત બને અને નવી પેઢી ભાષા-સંસ્કૃતિ સાથે જોડાય તેવો સંદેશ પ્રતિધ્વનિત થયો.

## સુરતમાં 15 લાખની લાંચ માંગણી મામલે LCBનો છટકો: કાર્યપાલક ઈજનેર અને પત્રકાર સામે ગુનો નોંધાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સુરત શહેરમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (એ.સી.બી.) દ્વારા સફળ ટ્રેપ ગોઠવી ૧૫ લાખની લાંચ માંગણીના કેસમાં બે આરોપીઓ સામે ગુનો નોંધાયો છે. જેમાં Surat Municipal Corporationના લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર વિપુલ શશીકાંતભાઈ ગણેશવાલા તથા 'નિષ્પક્ષ ગુજરાત' દૈનિક સાથે સંકળાયેલા મહંમદઈસ્માઈલ ઉર્ફે પરવાના જમીલખાન પઠાણનો સમાવેશ થાય છે. ફરીયાદી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, સંતોષ સબ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નં. ૧૩૪-૧૩૫ પરના બાંધકામ મુદ્દે મહાનગરપાલિકા દ્વારા અગાઉ મનાઈનો નોટિસ આપવામાં આવ્યો હતો અને ૧૩ ફેબ્રુઆરીએ ડિમોલિશન કામગીરી શરૂ કરી ૧.૭૦ લાખ વસુલાયા હતા. ત્યારબાદ બાંધકામ ન તોડવાના બહાને આરોપીઓએ પ્રથમ ૨૧ લાખની માંગણી કરી, જે બાદ ટેલિફોનિક ચર્ચા પછી રકમ ૧૫ લાખ પર નક્કી કરવામાં આવી.

## માતૃભાષા દિવસ: 'મને વ્હાલી મારી ગુજરાતી'- 5 દીકરીઓનું અનોખું સ્ટાર્ટઅપ 'GUJiPEDiA'

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

"જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત" – પરંતુ આધુનિક યુગમાં, ખાસ કરીને મેટ્રો શહેરોમાં, માતૃભાષાથી દૂર થતી નવી પેઢી ચિંતાનો વિષય બની રહી છે. આવી જ ચિંતા દિલ્હીમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત ઋચા પંડયાના મનમાં ઊભી થઈ અને જન્મ લીધો એક અનોખા સ્ટાર્ટઅપનો– 'GUJiPEDiA'. દિલ્હીમાં આકર્ષક પેકેજ અને સુખાકારી જીવન હોવા છતાં ઋચા પંડયાએ અનુભવ્યું કે અનેક ગુજરાતી પરિવારોમાં બાળકો માતૃભાષા બોલવામાં સંકોચ અનુભવે છે. આ હકીકતે તેમને ઝંઝોડીને રાખી. પરિણામે તેમણે ઊંચી નોકરીનો ત્યાગ કરી



માતૃભાષાના સંવર્ધન માટે 'GUJiPEDiA'ની સ્થાપના કરી– એક એવો પ્રયાસ જે ભાષાને માત્ર વિષય નહીં, પરંતુ ગૌરવ તરીકે રજૂ કરે છે. ઋચા પંડયા સાથે આર્ચી શેઠ, રાજવી શેઠ, અંશુ શેઠ અને અનુષ્કા શેઠ– આવી પાંચ દીકરીઓની ટીમ આ સ્ટાર્ટઅપ સંચાલિત કરે છે. તેમની પહેલ પર ગુજરાતના ૫૦થી વધુ દિગ્ગજ સાહિત્યકારોનો અતૂટ વિશ્વાસ છે. ભાષા અને સંસ્કૃતિને જીવંત રાખવા માટે આ પ્લેટફોર્મ માર્ગદર્શક અને સેતુરૂપ બન્યું છે.

## આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ: "મારી ભાષા ગુજરાતી, મારું ગર્વ"

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીએ ઉજવાતા ઈન્ટરનેશનલ મધર લેંગ્વેજ ડેના અવસરે ગુજરાતીઓ માટે પોતાની માતૃભાષા પ્રત્યે ગર્વ વ્યક્ત કરવાનો વિશેષ દિવસ બની રહે છે. માતૃભાષા માત્ર સંવાદનું સાધન નથી, પરંતુ સંસ્કાર, સંસ્કૃતિ અને સંવેદનાઓનું જીવંત ભાથું છે. 'A for Apple' અને 'B for Ball' સાથે બાળકોને 'ક' કમળનો અને 'ખ' ખલનો પણ શિખવાડીએ – કારણ કે માતૃભાષાનો પ્રેમ જ તેમના સંસ્કારમાં ઊંડે ઉતરે છે. માતૃભાષા એ માતાના ધાવણ સમાન છે; જેમ માં વગર જીવન અધૂરું છે, તેમ માતૃભાષા વગર ઓળખ અધૂરી છે. ગુજરાતી ભાષાની મીઠાશ અને મક્કમતા બંને અનોખી છે. નરસિંહ મહેતાના પ્રભાતિયાંથી લઈને નર્મદના 'જય જય ગરવી ગુજરાત' સુધી અને મહાત્મા ગાંધી તથા Sardar વલ્લભભાઈ પટેલના વિચારોથી સમૃદ્ધ આ ભાષા માત્ર સાહિત્યની જ નહીં, પરંતુ વિશ્વવ્યાપી વેપાર-વ્યવહારની ભાષા બની છે.

# વટવાના મહાલક્ષ્મી તળાવ પરથી દબાણો હટાવ્યાં, 840 ચો.મી. જમીન મુક્ત કરાઈ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ડે. મ્યુનિ. કમિશનરના માર્ગદર્શન હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ ઝોન એસ્ટેટ તથા નગર વિકાસ ખાતા દ્વારા અનધિકૃત બાંધકામો સામે કડક ઝુંબેશ હાથ ધરાઈ છે. દક્ષિણ ઝોનના ઈલે. વોર્ડ વટવા વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૮૬ (વટવા-૩)ના ફાઈનલ પ્લોટ નં. ૫૭, જે 'મહાલક્ષ્મી તળાવ' તરીકે ઓળખાય છે, ત્યાં લાંબા સમયથી રહેલા કાચા-પાકા દબાણો સામે નોટિસ બાદ આજે સવારે ૧૧ વાગ્યાથી સંયુક્ત કામગીરી હાથ ધરાઈ. એસ્ટેટ વિભાગે જેસીબી



મશીનો, દબાણ વાન અને મજૂરોની મદદથી આશરે ૧૪ રહેણાંક અને ૩ કોમર્શિયલ દબાણો દૂર કર્યા. આ કાર્યવાહીથી તળાવની આશરે ૮૪૦ ચોરસ મીટર જમીન મુક્ત થઈ છે. ઉપરાંત ટી.પી. સ્કીમ હેઠળ બગીચા માટે અનામત ફાઈનલ પ્લોટ નં. ૭૮ની ૨૬૧ ચો.મી. જગ્યા પણ દબાણમુક્ત કરાઈ. મહાલક્ષ્મી તળાવની ફરતે આવેલ ૨૪ મીટર પહોળા ટી.પી. રોડ પરથી દબાણો દૂર કરીને અંદાજે ૬૦ મીટર રોડ ફરીથી જનતા માટે ખુલ્લો મુકાયો છે.

## ટ્રેક્ટર સહાયમાં ગુજરાત અગ્રેસર: 5 વર્ષમાં 2 લાખથી વધુ ખેડૂતોને ₹૧,૧૯૧ કરોડની મદદ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યમાં કૃષિ યાંત્રીકીકરણને વેગ આપવા ગુજરાત સરકારે ટ્રેક્ટર સહાય યોજનામાં દેશભરમાં આગવું સ્થાન મેળવ્યું છે. વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં કૃષિ મંત્રી Jitu Vaghaniએ જણાવ્યું કે, છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના ૨,૦૧,૯૦૫થી વધુ ખેડૂતોને ટ્રેક્ટર ખરીદી માટે કુલ ૧,૧૯૧.૯૪ કરોડની સહાય સીધી બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, એજીઆર-૫૦ (ટ્રેક્ટર સહાય યોજના)નો પાયો વર્ષ ૨૦૧૧-૧૨માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન Narendra Modi દ્વારા નાખવામાં આવ્યો હતો. શરૂઆતમાં ૫૫ કરોડની જોગવાઈથી શરૂ થયેલી આ યોજના આજે મુખ્યમંત્રી Bhupendra Patelના નેતૃત્વમાં ઐતિહાસિક સ્તરે વિસ્તરી છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે ટ્રેક્ટર સહાય હેઠળ ૮૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**એ.સી.બી.ની સફળ ડીકોય કામગીરી**

# કલોલ સિટી સર્વે કચેરીમાં લાંચ લેતા બે સર્વેયર રંગેહાથ ઝડપાયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

કલોલ સ્થિત સિટી સર્વે કચેરીમાં જમીનની નોંધ દાખલ કરવા બદલ લાંચ લેવાની પ્રથા સામે ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (એ.સી.બી.)એ કડક કાર્યવાહી હાથ ધરી બે સર્વેયરને રંગેહાથ ઝડપી લીધા છે. આ કેસમાં પંકજકુમાર ગોવિંદભાઈ પરમાર (સીનીયર સર્વેયર) અને રાજકુમાર હર્ષદકુમાર જયસ્વાલ (સર્વેયર), બન્ને City Survey Office Kalol સાથે સંકળાયેલા છે. એ.સી.બી.ને મળેલી માહિતી મુજબ, જમીનની એક નોંધ માટે રૂ.૫,૦૦૦ના દરે લાંચ વસૂલાતી હતી. ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ગોઠવાયેલ ડીકોય ઓપરેશન દરમિયાન આરોપીઓએ ૧૦ નોંધ માટે કુલ રૂ.૫૦,૦૦૦ની



લાંચની માંગણી કરી અને રકમ સ્વીકારી. એ.સી.બી.ની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી બંનેને રંગેહાથ ઝડપી લઈ સંપૂર્ણ રકમ જપ્ત કરી. આ કામગીરી ફીલ્ડ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.બી. ચાવડાના નેતૃત્વ હેઠળ હાથ ધરાઈ હતી, જ્યારે સહાયક નિયામક એ. કે. પરમારના માર્ગદર્શન અને નાયબ નિયામક હરીશ મેવાડાની સુપરવિઝનમાં સમગ્ર ઓપરેશન પાર પાડવામાં આવ્યું.

# વિધાનસભામાં વિકાસનો દૃઢ સંકલ્પ: વિકસિત ગુજરાતથી વિકસિત ભારત તરફ દ્રુત પગલા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વિધાનસભામાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધન પર આભાર પ્રસ્તાવની ચર્ચા દરમિયાન આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલએ રાજ્ય સરકારનો વિકાસ પ્રત્યેનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં "વિકસિત ગુજરાતથી વિકસિત ભારત"ના મંત્રને સાકાર કરવા સર્વસમાવેશી અને સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે ગુજરાતને વૈશ્વિક ફલક પર મળેલી ઓળખ રાજ્યની પ્રગતિશીલ વિચારસરણી અને વિકાસને રાષ્ટ્રીય આંદોલનનું સ્વરૂપ આપનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વનું પ્રતિબિંબ છે. "સર્વજન હિતાય, સર્વજન સુખાય"ના ભાવ સાથે યુવા, મહિલા, ખેડૂત અને ગરીબોના કલ્યાણને કેન્દ્રમાં રાખીને ગુજરાત વ્યથા નહીં પરંતુ વ્યવસ્થાના માર્ગે આગળ વધી રહ્યું છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે સોમનાથ મંદિર માત્ર ગુજરાત નહીં, પરંતુ સમગ્ર ભારતના સ્વાભિમાનનું પ્રતિક છે. ૧૨ જ્યોતિર્લિંગમાં પ્રથમ સ્થાન ધરાવતા આ પવિત્ર ધામે ૧૦૨૬થી ૨૦૨૬ સુધીના હજાર વર્ષના સંઘર્ષ અને પુનરુત્થાનની ગાથા રચી છે. આ ઐતિહાસિક અવસરને "સ્વાભિમાન પર્વ" તરીકે ઉજવી નવી પેઢીને સંસ્કૃતિ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ અને આદિવાસી જનનાયક બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ વર્ષને ઐતિહાસિક ગણાવતા મંત્રીશ્રીએ જણાવ્યું કે ૧૫ નવેમ્બરને 'જનજાતિય ગૌરવ દિવસ' તરીકે મનાવવાનો નિર્ણય દેશના આદિવાસી સમાજ માટે ગૌરવપૂર્ણ છે.

## ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા માતૃભાષા દિવસની અનોખી ઉજવણી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વિજ્ઞાનને વૈશ્વિક ભાષા ગણવામાં આવે છે, પરંતુ તે માતૃભાષામાં વ્યક્ત થાય ત્યારે જ સાચા અર્થમાં લોકો સુધી પહોંચે છે. આ વિચારને કેન્દ્રમાં રાખીને ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ હેઠળ કાર્યરત Gujarat Council on Science and Technology દ્વારા 21-22 ફેબ્રુઆરી, 2026 દરમિયાન ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની વિશેષ ઉજવણી યોજાઈ રહી છે. "યુથ વોઈસીસ ઑન મલ્ટીલિંગ્યુઅલ સાયન્સ એજ્યુકેશન" થીમ હેઠળ યોજાનારા આ કાર્યક્રમમાં અંદાજે 200 જેટલા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંશોધકો વર્કશોપ, પેનલ ચર્ચાઓ અને સ્પર્ધાઓમાં ભાગ લેશે.

## અમદાવાદ એશોસિએશનમાં 'ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી સમિટ-2026'નું સફળ આયોજન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મેનેજમેન્ટ ફેસ્ટ-2026ની ઉજવણીના ભાગરૂપે Ahmedabad Management Association (એએમએ) દ્વારા "ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી એઝ અ બિઝનેસ એસેટ" વિષય પર ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી સમિટ-2026નું આયોજન કરવામાં આવ્યું. "વાય.જે. ત્રિવેદી-એએમએ એકેડેમી ફોર ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ" અંતર્ગત યોજાયેલ આ સમિટમાં ઉદ્યોગજગત, કાનૂની નિષ્ણાતો અને નવીનતા ક્ષેત્રના અગ્રણીઓએ ભાગ લીધો. એએમએના ઉપપ્રમુખ મોહલ સારાભાઈએ સ્વાગત પ્રવચનમાં બિઝનેસ લીડરશિપમાં ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટીના વધતા વ્યૂહાત્મક મહત્ત્વ પર ભાર મૂક્યો.

## ગાંધીનગરમાં 'બજેટ મીટ 2026' યોજાઈ: વિકસિત ભારતના વિઝન પર ભાર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર ખાતે ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન અને પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં પ્રબુદ્ધ નાગરિકો સાથે 'બજેટ મીટ 2026' કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમમાં કેન્દ્ર સરકારના બજેટને વિકાસમુખી અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ ગણાવી "વિકસિત ભારત 2047"ના સંકલ્પને પુનરોચ્ચાર કરવામાં આવ્યો. રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને જણાવ્યું કે ગુજરાતીઓ "રાષ્ટ્ર અને બિઝનેસ સાથે કોમ્પ્રોમાઈઝ નથી કરતા" અને ભાજપા કાર્યકર્તાઓ હંમેશા "નેશન ફર્સ્ટ, પાર્ટી નેક્સ્ટ"ના સિદ્ધાંત પર કાર્ય કરે છે. તેમણે બજેટને માત્ર નાણાકીય દસ્તાવેજ નહીં પરંતુ છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડવાનું માર્ગદર્શક પત્ર ગણાવ્યું.

## GMERS મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે 'વિશ્વ સ્વસ્થ જીવનશૈલી દિવસ' નિમિત્તે જાગૃતિ અભિયાન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વિશ્વ સ્વસ્થ જીવનશૈલી દિવસ નિમિત્તે GMERS Medical College and Hospital, Gandhinagarના મેડિસિન વિભાગ દ્વારા વ્યાપક જાગૃતિ કાર્યક્રમો યોજાયા. સમાજમાં તંદુરસ્ત અને નિરોગી જીવનપદ્ધતિ પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસે તે હેતુસર આયોજિત આ કાર્યક્રમમાં "સ્વસ્થ શરીર સાથે સ્વસ્થ મન"નો સંદેશ પ્રબળ રીતે પ્રસારિત કરવામાં આવ્યો. કાર્યક્રમ દરમિયાન ફેકલ્ટી અને મેડિકલ વિદ્યાર્થીઓએ કસરત પ્રદર્શન, રંગોળી અને પોસ્ટર પ્રસ્તુતિઓ દ્વારા સ્વસ્થ જીવનશૈલીના મહત્વને સર્જનાત્મક રીતે રજૂ કર્યું. સ્કીપિંગ સહિતની વિવિધ કસરતો દ્વારા શરીરની સહનશક્તિ અને ફિટનેસનું પ્રદર્શન કરાયું, જ્યારે રંગોળી અને પોસ્ટર માધ્યમથી સંતુલિત આહાર, નિયમિત વ્યાયામ અને માનસિક આરોગ્ય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

## ભારતીય જનતા પાર્ટીની સંસદીય-વિધાનસભા બેઠક અમદાવાદમાં યોજાઈ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ ખાતે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનની ગરિમામય ઉપસ્થિતિમાં રાજ્યના સાંસદો અને ધારાસભ્યોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી. એલ. સંતોષ, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તથા કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનજીએ સંબોધનમાં જણાવ્યું કે ગુજરાત ભાજપાની કાર્યપ્રણાલી વર્ષોથી સુવ્યવસ્થિત, સમયબદ્ધ અને દેશ માટે ઉદાહરણરૂપ રહી છે. નરેન્દ્ર મોદી દ્વારા વિકસાવવામાં આવેલી કાર્યસંસ્કૃતિએ ભારતને વૈશ્વિક આર્થિક શક્તિ તરીકે મજબૂત બનાવ્યું હોવાનું તેમણે જણાવ્યું. મજબૂત નેતૃત્વ, સ્પષ્ટ નીતિ અને વિકાસકેન્દ્રિત રાજનીતિને કારણે જનતા ભાજપા પ્રત્યે વિશ્વાસ વ્યક્ત કરી રહી છે, એમ તેમણે ઉમેર્યું.

## 'સ્વસ્થ ગુજરાત' પહેલને બળ: સોલા સિવિલમાં 46 બાળકોને રૂ. 1.26 કરોડના કોકલીયર સ્પીચ પ્રોસેસર વિનામૂલ્યે વિતરણ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારની 'સ્વસ્થ ગુજરાત' પહેલ અંતર્ગત અમદાવાદની GMERS Medical College & Hospital, Sola ખાતે 'શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK)' હેઠળ વિશેષ હિયરિંગ એડ ફિટિંગ કેમ્પ યોજાયો હતો. તા. ૧૯ ફેબ્રુઆરીએ યોજાયેલા આ એકદિવસીય કેમ્પમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા ૪૬ બાળકોને કુલ રૂ. ૧.૨૬ કરોડના ખર્ચે અદ્યતન કોકલીયર એક્સટર્નલ સ્પીચ પ્રોસેસર વિનામૂલ્યે આપવામાં આવ્યા. કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરી બાદ ટેક્નિકલ ખામીના કારણે બગડેલા જૂના પ્રોસેસર બદલવાની જરૂરિયાત ધરાવતા બાળકોને નવીનતમ મશીનો ફિટિંગ અને મેપિંગ સાથે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા.

# માતૃભાષાનું ગૌરવ અને અન્ય ભાષાઓ પ્રત્યે આદર – એ જ સંસ્કૃતિની ઓળખ: CM

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વિશ્વ માતૃભાષા દિવસની પૂર્વ સંધ્યાએ યોજાયેલા 'માતૃભાષા મહોત્સવ'માં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માતૃભાષાના ગૌરવ સાથે અન્ય ભાષાઓ પ્રત્યે આદર રાખવો એ જ ભારતીય સંસ્કૃતિની સાચી અભિવ્યક્તિ હોવાનું જણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, "અ"થી "જ્ઞ" સુધી વિસ્તરતી માતૃભાષા જ જ્ઞાન, સંવેદના અને સંસ્કારનો આધાર છે. ભાષા અને સંસ્કૃતિનું જતન કરીને તેને નવી પેઢી સુધી પહોંચાડવું સમયની માંગ હોવાનું તેમણે ઉમેર્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના "મા, માતૃભૂમિ અને માતૃભાષાનો કોઈ જોટો નથી" આ ઉક્તિનો ઉલ્લેખ





કરતાં મુખ્યમંત્રીએ માતૃભાષા પ્રત્યે ગૌરવભાવ જાળવવાનો સંદેશ આપ્યો. આ અવસરે 2024ના વર્ષ માટેનો 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' ગુજરાતી ભાષા માટે પ્રવીણ દરજી અને કચ્છી ભાષા માટે માવજી મહેશ્વરીને એનાયત થયો હતો. ઉપરાંત, 'યુવા ગૌરવ પુરસ્કાર' ગુજરાતી માટે અજય સોની તથા કચ્છી માટે દીપક નંદાને અર્પણ કરવામાં આવ્યો. મુખ્યમંત્રીએ વિકસિત ભારત-2047ના વિઝનમાં ભાષા અને સંસ્કૃતિના મહત્વનો ઉલ્લેખ કરીને વિકસિત ગુજરાતના નિર્માણમાં માતૃભાષાના સંવર્ધન દ્વારા યોગદાન આપવા સાહિત્યકારો અને ભાષાપ્રેમીઓને આહવાન કર્યું. કાર્યક્રમ દરમિયાન અકાદમી દ્વારા એકસાથે 51 પુસ્તકોનું પ્રકાશન પણ કરવામાં આવ્યું હતું.

### 20 ફેબ્રુઆરીના રોજ સેન્સેક્સ 316 પોઈન્ટ (0.38%) વધીને 82,814 પર બંધ થયો

# સેન્સેક્સ 316 પોઈન્ટ વધીને 82,814 પર બંધ : નિફ્ટી 117 પોઈન્ટ વધીને 25,571 પર બંધ; મેટલ અને બેંક શેરોમાં ખરીદી

મુંબઈ | શુક્રવાર, 20 ફેબ્રુઆરીના રોજ સેન્સેક્સ 316 પોઈન્ટ (0.38%) વધીને 82,814 પર બંધ થયો. નિફ્ટી પણ 117 પોઈન્ટ (0.46%) વધીને 25,571 પર પહોંચ્યો. આજના ટ્રેડિંગમાં મેટલ અને જાહેર ક્ષેત્રના બેંક શેરોમાં ખરીદીનો રસ જોવા મળ્યો. IT શેરોમાં ઘટાડો જોવા મળ્યો. નિફ્ટીના એ લેવલ જેના પર નજર રહેશે નિફ્ટી 2026ની શરૂઆતથી તેના સૌથી નીચા સ્તરે આવી ગયો છે. નિષ્ણાતોના મતે, 25,300 સ્તર ઈન્ડેક્સ માટે સપોર્ટ છે. નિફ્ટી માટે પ્રતિકાર 25,600-25,700ની રેન્જમાં છે, જે 50-દિવસની મૂવિંગ એવરેજની નજીક છે. જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સના ચીફ માર્કેટ સ્ટ્રેટેજિસ્ટ આનંદ જેમ્સે જણાવ્યું હતું કે જો બજાર 25,500ને પાર કરે છે, તો તેજી 25,650 સુધી લંબાઈ શકે છે. આ ફિબોનાકી રીટ્રેસમેન્ટ સ્તર છે. આ ઈન્ડેક્સ માટે એક મજબૂત અને નિર્ણાયક વળાંક બની ગયો છે.



## એશિયન બજારોમાં મિશ્ર કારોબાર

- જાપાનનો નિક્કી ઈન્ડેક્સ 1.30% ઘટીને 56,730 પર આવી ગયો છે.
- દક્ષિણ કોરિયાનો કોસ્પી 1.62% વધીને 5,769 પર કારોબાર કરી રહ્યો છે.
- હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ 0.61% ઘટીને 26,544 પર પહોંચ્યો.
- ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 1.26% વધીને 4,082 પર પહોંચ્યો.
- 19 ફેબ્રુઆરીના રોજ યુએસ બજારોમાં ઘટાડો થયો.
- ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 267 પોઈન્ટ (0.54%) ઘટીને 49,395 પર બંધ થયો.
- ટેક-આધારિત નેસ્ડેક કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.31% ઘટીને 22,682 પર બંધ થયો.
- S&P 500 ઈન્ડેક્સ 19 પોઈન્ટ (0.28%) ઘટીને 6,861 પર બંધ થયો.

## વિદેશી રોકાણકારોએ ₹1,154 કરોડના શેર ખરીદ્યા

19 ફેબ્રુઆરીના રોજ વિદેશી રોકાણકારો (FII) એ 880 કરોડના શેર વેચ્યા હતા. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ 596 કરોડના શેર વેચ્યા હતા. આ મહિનામાં અત્યાર સુધીમાં FII એ 1,076 કરોડના શેર વેચ્યા છે. આ સમયગાળા દરમિયાન DII એ 11,474 કરોડના શેર ખરીદ્યા હતા. જાન્યુઆરી 2026માં FIIsએ 41,435 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન DIIએ 69,220 કરોડના શેર ખરીદ્યા. રિન્યુએબલ એનર્જી કંપની ક્લીન મેક્સ એનવાયરો એનર્જી સોલ્યુશન્સનો ઈનિશિયલ પબ્લિક ઓફર (IPO) 23 ફેબ્રુઆરીએ ખુલશે. રોકાણકારો 25 ફેબ્રુઆરી સુધી તેમાં બોલી લગાવી શકશે. કંપની આ IPO દ્વારા 3,100 રૂપિયા એકત્ર કરવા માંગે છે.

## News Brief

### ટેરિફના પડકારો વચ્ચે એન્જિનિયરિંગ નિકાસમાં 10 ટકાથી વધુ વધારો




મુંબઈ | અમેરિકા દ્વારા ઊંચા ટેરિફ અને સતત વૈશ્વિક અનિશ્ચિતતા છતાં છેલ્લા કેટલાક મહિનાથી દેશની એન્જિનિયરિંગ માલસામાનની નિકાસમાં નોંધપાત્ર સ્થિતિસ્થાપકતા જોવા મળી રહી છે.

ઉદ્યોગ સંસ્થા એન્જિનિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના જણાવ્યા પ્રમાણે, વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં એન્જિનિયરિંગ માલસામાનની નિકાસમાં નોંધપાત્ર વૃદ્ધિ રહી છે.

જાન્યુઆરીમાં નિકાસ ૧૦.૪૦ ટકા વધી ૧૦.૪૦ અબજ ડોલર રહી છે જે ૨૦૨૫ના જાન્યુઆરીમાં ૯.૨૪ અબજ ડોલર રહી હતી. વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી જાન્યુઆરીમાં નિકાસ ૪.૫૨ ટકા વધી ૧૦૧.૧૩ અબજ ડોલર રહી છે જે ગયા વર્ષના સમાન ગાળામાં ૯૬.૭૬ અબજ ડોલર રહેવા પામી હતી.

એન્જિનિયરિંગ માલસામાનના નિકાસકારો દ્વારા વૈશ્વિક સ્તરે અનેક પડકારોના કરાઈ રહેલા સામના વચ્ચે પણ નિકાસમાં પ્રોત્સાહક વધારો જોવા મળ્યો છે એમ કાઉન્સિલના એક ઉચ્ચ હોદેદારે એક નિવેદનમાં જણાવ્યું હતું.

## કંપનીઓને વિદેશી ભંડોળ એકત્ર કરવું હવે સરળ, ECB ના નિયમો હળવા કરવામાં આવ્યાં...

અમદાવાદ : ભારતીય રિઝર્વ બેંક દ્વારા બાહ્ય વાણિજ્યિક ઉધાર (ઈસીબી) ના નિયમોમાં છૂટછાટ આપવાથી ભારતીય કંપનીઓ માટે વિદેશમાંથી મૂડી એકત્ર કરવાનું સરળ બનશે તેવી અપેક્ષા છે. બજાર નિષ્ણાતો માને છે કે આ ફેરફારો કંપનીઓના વિદેશી ભંડોળમાં નોંધપાત્ર વધારો કરી શકે છે.
સુધારેલા માળખા હેઠળ, વધુ કંપનીઓ અને માન્ય ધિરાણકર્તાઓ હવે ઈસીબી દ્વારા ઉધાર લઈ શકશે. ઉધાર મર્યાદા વધારવામાં આવી છે, પરિપક્વતા સંબંધિત નિયમો હળવા કરવામાં આવ્યા છે, અને ચોક્કસ શ્રેણીઓ માટે કુલ ખર્ચ મર્યાદા દૂર કરવામાં આવી છે. આ પગલાં સિસ્ટમને વધુ લવચીક બનાવવા અને વૈશ્વિક નાણાકીય પરિસ્થિતિઓને અનુરૂપ બનાવવા માટે છે.
સુધારેલા નિયમો હેઠળ, કંપનીઓ હવે વિદેશી મૂડી બજારોમાંથી ૧ બિલિયન ડોલર અથવા તેમની નેટવર્થના ૩૦૦ ટકા સુધી ઉધાર લઈ શકે છે. આ મોટી કંપનીઓને વિદેશી મૂડી બજારોમાંથી વધુ ભંડોળ એકત્ર કરવાની તક પૂરી પાડશે. લાંબા ગાળાના ઉધાર પર વ્યાજ દર મર્યાદા દૂર કરવાથી, કંપનીઓ હવે બજારની સ્થિતિના આધારે દર નક્કી કરી શકશે, જેનાથી સોદાઓને અંતિમ સ્વરૂપ આપવામાં સુગમતા વધશે.
ફાઈનાન્સ ક્ષેત્રના નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે, નવા ઈસીબી નિયમો રિઝર્વ બેંક દ્વારા સિસ્ટમ ખોલવાની દિશામાં એક મોટું પગલું છે. પહેલાં, ભંડોળના ઉપયોગ પર અનેક નિયંત્રણો હતા, પરંતુ હવે તેનો વ્યાપ વધારવામાં આવ્યો છે, જે એક સકારાત્મક સંકેત છે. આનાથી લોનનું પ્રમાણ અને જારી કરાયેલી રકમમાં વધારો થઈ શકે છે.
ડેટા અનુસાર, એપ્રિલ અને ડિસેમ્બર ૨૦૨૫ વચ્ચે ઈસીબી માં કુલ ૨૭.૫ બિલિયન ડોલર એકત્ર કરવામાં આવ્યા હતા. નવા નિયમો હેઠળ, ઈસીબીનો ઉપયોગ હવે સંપાદન ભંડોળ માટે પણ થઈ શકે છે.

## IT ક્ષેત્રમાં FPIની રૂ.11,000 કરોડની વેચવાલી

### આ સેક્ટરમાં વિદેશી હોલ્ડિંગ ચાર વર્ષના નીચલા સ્તરે પહોંચી ગયું : આઈટી શેરોમાં ઘટાડાથી મ્યુચ્યુઅલ ફંડોને પણ નુકસાન : છેલ્લા ૧૫ દિવસમાં વિદેશી રોકાણકારોએ એકધાર્યું રોકાણ પાછું ખેંચ્યું

અમદાવાદ : ભારતીય આઈટી સેક્ટરમાં વિદેશી રોકાણકારોનો વિશ્વાસ ઘટી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. ફેબ્રુઆરીના પ્રથમ ૧૫ દિવસમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) એ આઈટી શેરોમાં ભારે વેચાણ કર્યું હતું. ડિપોઝિટરી ડેટા અનુસાર, આ સમયગાળા દરમિયાન આશરે ૧૦,૯૫૬ કરોડનો ઉપાડ માત્ર આઈટી સેક્ટરમાં જ જોવા મળ્યો છે અને તેના કારણે આ સેક્ટરમાં વિદેશી હોલ્ડિંગ ચાર વર્ષના નીચલા સ્તરે પહોંચી ગયું છે.
અહેવાલ મુજબ, આઈટી કંપનીઓમાં કુલ એફઆઈઆઈ હોલ્ડિંગ ઘટીને ૪.૪૯ લાખ કરોડ થયું છે. જાન્યુઆરી ૨૦૨૬ના અંતે આ આંકડો ૫.૩૪ લાખ કરોડ હતો, જે ફક્ત બે અઠવાડિયામાં આશરે ૧૬ ટકાનો ઘટાડો દર્શાવે છે.
અત્રે નોંધનીય છે કે ૨૦૨૫ની શરૂઆતમાં આ રોકાણ ૭.૩ લાખ કરોડના રેકોર્ડ સ્તરે હતું. 'જનરેટિવ AI' ને કારણે અનિશ્ચિતતા વધતા આવેલા આ કડાકાએ રોકાણકારોની ચિંતા વધારી છે. બજારના નિષ્ણાતોના મતે કોડિંગ, ઓટોમેશન અને સોફ્ટવેર ડેવલપમેન્ટમાં એઆઈ ઝડપથી વધુ કાર્યક્ષમ બની રહ્યું છે. રોકાણકારોને ડર છે કે આ ભવિષ્યમાં પરંપરાગત આઈટી સેવાઓની માંગને અસર કરી શકે છે.
ભારતની અગ્રણી આઈટી કંપનીઓ ઈન્ફોસિસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, વિપ્રો, એચસીએલ ટેક્નોલોજીસ અને ટેક મહિન્દ્રા મુખ્યત્વે માનવશક્તિ આધારિત સર્વિસિસમાંથી આવક ઉત્પન્ન કરે છે. આ જ કારણ છે કે ફેબ્રુઆરી દરમિયાન આ શેરોમાં ૧૦થી ૧૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. આ સમયગાળા દરમિયાન નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં પણ મસમોટો ૧૪ ટકાનો ઘટાડો થયો છે.
માત્ર વિદેશી રોકાણકારો જ નહીં, પરંતુ સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડોને પણ નુકસાન થયું છે. ૧૩ ફેબ્રુઆરી સુધીમાં, ટોચના ૧૦ આઈટી શેરોમાં જાન્યુઆરીના અંતના ૩.૫૬ લાખ કરોડના મ્યુચ્યુઅલ ફંડના રોકાણથી ઘટીને ૩.૦૪ લાખ કરોડ થયું છે. એવો અંદાજ છે કે આ ઘટાડાથી રોકાણકારોની વેલ્થમાં આશરે ૫૦,૦૦૦ કરોડનો ઘટાડો થયો છે.
આઈટીમાંથી પરત ખેંચાઈ રહેલા પૈસા હવે અન્ય ક્ષેત્રોમાં ડાયવર્ટ થઈ રહ્યાં છે. ફેબ્રુઆરીના પ્રથમ પખવાડિયામાં, એફઆઈઆઈએ કેપિટલ ગુડ્સમાં ૮૦૩૨ કરોડ અને ફાઈનાન્શિયલ સર્વિસિસમાં ૬૧૭૫ કરોડનું રોકાણ કર્યું હતું. આ ઉપરાંત, મેટલ અને માઈનિંગ સેક્ટરમાં પણ રૂ. ૩૨૭૯ કરોડની ખરીદી નોંધાઈ હતી. આ ટ્રેન્ડ રોકાણકારો હાલમાં માળખાગત સુવિધાઓ અને ઉત્પાદન સંબંધિત ક્ષેત્રોને પ્રમાણમાં સલામત માનતા હોય તેવો સંકેત આપે છે.
રોકાણકારો આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ ના વધતા હાઉથી ચિંતિત છે. આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સની બોલબાલા વધતા ભારતીય આઈટી કંપનીઓ તેમની કમાણી અને ઉત્પાદકતા જાળવી શકશે કે કેમ તે પ્રશ્નાર્થ ઉદભવ્યો છે.

## UPI પેમેન્ટ્સ બન્યું વધુ સિક્યોર: PhonePeએ લોન્ચ કર્યું બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન




મુંબઈ | PhonePe દ્વારા હવે Unified Payments Interface (UPI) ટ્રાન્ઝેક્શન માટે બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન સર્વિસ શરૂ કરવામાં આવી છે. આ નવા ફીચર દ્વારા યુઝર્સ ફિંગરપ્રિન્ટ સ્કેનર અથવા ફેશિયલ રિકગ્નિશન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પેમેન્ટને મંજૂરી આપી શકે છે. નાના ટ્રાન્ઝેક્શન માટે હવે PIN દાખલ કરવાની જરૂર નહીં રહે. આ ફીચર હાલમાં માત્ર એન્ડ્રોઈડ ડિવાઈસ પર ઉપલબ્ધ છે, જ્યારે iOS વર્ઝન માટે પણ ટૂંક સમયમાં આવશે.
PhonePeની નવી સિસ્ટમ સ્માર્ટફોનના ફિંગરપ્રિન્ટ સ્કેનર અથવા ફેશિયલ રિકગ્નિશનનો ઉપયોગ કરે છે. 5,000 સુધીના પેમેન્ટ માટે યુઝર્સ PIN નાખ્યા વગર બાયોમેટ્રિક વેરિફિકેશનથી ટ્રાન્ઝેક્શન કરી શકશે. 5,000થી વધુના પેમેન્ટ માટે PIN જરૂરી રહેશે. કંપનીએ જણાવ્યું છે કે આ ડિવાઈસ ટૂ-ફેક્ટર સિક્યોરિટી પર કામ કરે છે. તેમાં બાયોમેટ્રિક ડેટા ફોનમાં જ સુરક્ષિત રીતે સ્ટોર કરવામાં આવે છે. પિયર-ટુ-પિયર ટ્રાન્સફર, QR કોડ પેમેન્ટ, ઑનલાઈન ખરીદી અને બેંક બેલેન્સ ચેક જેવી રોજિંદી પરિસ્થિતિઓમાં આ ફીચરનો ઉપયોગ કરી શકાય છે.
જો બાયોમેટ્રિક વેરિફિકેશન નિષ્ફળ જાય એટલે કે બની શકે કોઈ સમયે લાઈટિંગની સમસ્યા આવે અથવા તો ફિંગરપ્રિન્ટ સેન્સર પર પરસેવો અથવા તો મોઈસ્ચર લાગી ગયું હોય અને કામ ન કરે એ સમયે યુઝર્સ તરત જ PIN આધારિત ઓથેન્ટિકેશનનો ઉપયોગ કરી શકે છે. આથી બાયોમેટ્રિકની સાથે PINનો પણ ઉપયોગ કરી શકાશે. તેમ જ 5,000થી વધુના પેમેન્ટ માટે PIN જરૂરી છે.
PhonePeના હેડ ઓફ પેમેન્ટ્સ દીપ અગ્રવાલે કહ્યું કે આ ફીચર પેમેન્ટની પ્રક્રિયાને સરળ બનાવવા માટે લોન્ચ કરવામાં આવ્યું છે. તેમ જ પેમેન્ટને સરળ બનાવવાની સાથે સિક્યોરિટી સાથે કોઈ સમાધાન કરવામાં નથી આવ્યું. પાસવર્ડ ભૂલથી ખોટો નાખવાથી થતા ટ્રાન્ઝેક્શન નિષ્ફળ થતા ઘટાડવાનો પણ હેતુ છે.

### સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે ડીપફેક ફોટો-વીડિયો 3 કલાકમાં હટાવવા પડશે; મેટાડેટા સાથે ચેડાં કરશો તો પોસ્ટ ડિલીટ થશે

## AI કન્ટેન્ટ પર લેબલ ફરજિયાત, નવા નિયમો લાગુ...

નવી દિલ્હી | જો કોઈ ફોટો, વીડિયો કે ઑડિયો AIની મદદથી બનાવવામાં આવ્યો હોય, તો તેના પર 'લેબલ' લગાવવું ફરજિયાત કરવામાં આવ્યું છે. સાથે જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે કોઈપણ વાંધાજનક કન્ટેન્ટને ફરિયાદ મળ્યાના માત્ર 3 કલાકની અંદર હટાવવું પડશે. આ નવા નિયમો આજથી એટલે કે 20 ફેબ્રુઆરી 2026થી લાગુ થઈ ગયા છે. 10 ફેબ્રુઆરીએ તેનું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું.
આ નિયમો લાગુ થવાના એક દિવસ પહેલા એટલે કે, 19 ફેબ્રુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ AI સમિટમાં પણ લેબલને લઈને સૂચન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે- જેમ ખાવાના સામાન પર 'ન્યુટ્રિશન લેબલ' હોય છે, તેમ જ ડિજિટલ કન્ટેન્ટ પર પણ લેબલ હોવું જોઈએ. આનાથી લોકોને ખબર પડશે કે શું અસલી છે અને શું ફેબ્રિકેટેડ, એટલે કે AIથી બનાવવામાં આવ્યું છે.

### મેટાડેટા સાથે ચેડાં કરશો તો પોસ્ટ ડિલીટ થશે...

**1. AI લેબલ: વીડિયો પર 'ડિજિટલ સ્ટેમ્પ'**
જેમ ખાવાના પેકેટ પર લખેલું હોય છે કે તે 'શાકાહારી' છે કે 'માંસાહારી', તેવી જ રીતે હવે દરેક AI વીડિયો, ફોટો કે ઓડિયો પર એક લેબલ લાગેલું હશે.
ધારો કે તમે AIથી એક વીડિયો બનાવ્યો જેમાં કોઈ નેતા ભાષણ આપી રહ્યા છે, તો તે વીડિયોના ખૂણામાં સ્પષ્ટ લખેલું હોવું જોઈએ- 'AI જનરેટેડ'.

**2. ટેકનિકલ માર્કર: ડિજિટલ DNA**
મેટાડેટાને તમે તે ફાઈલનો 'ડિજિટલ DNA' માની શકો છો. તે સ્ક્રીન પર દેખાતો નથી, પરંતુ ફાઈલના કોડિંગની અંદર છુપાયેલો હોય છે.
તેમાં આ માહિતી નોંધાયેલી હશે કે આ ફોટો કે વીડિયો કઈ તારીખે બન્યો, કયા AI ટૂલથી બન્યો અને કયા પ્લેટફોર્મ પર પહેલીવાર અપલોડ થયો. જો કોઈ AI નો ઉપયોગ કરીને ગુનો કરે છે, તો પોલીસ આ 'ટેકનિકલ માર્કર' દ્વારા તેના અસલી સ્રોત સુધી પહોંચી શકશે.

**3. છેડછાડ પર રોક: લેબલ ભૂંસી શકાશે નહીં**
પહેલા લોકો AI દ્વારા બનાવેલા ફોટાનો ખૂણો કાપીને અથવા એડિટ કરીને તેનો 'વોટરમાર્ક' હટાવી દેતા હતા જેથી તે અસલી લાગે. હવે સરકારે તેને ગેરકાયદેસર બનાવી દીધું છે.
સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને એવી ટેકનોલોજી અપનાવવી પડશે કે જો કોઈ તે લેબલ અથવા મેટાડેટાને હટાવવાનો પ્રયાસ કરે, તો કાં તો તે કન્ટેન્ટ જ ડિલીટ થઈ જાય.

**ચાઈલ્ડ પોર્નોગ્રાફી અને ડીપફેક પર કડક કાર્યવાહી**
જો AI નો ઉપયોગ ચાઈલ્ડ પોર્નોગ્રાફી, અશ્લીલતા, છેતરપિંડી, હથિયારો સંબંધિત માહિતી અથવા કોઈની નકલ કરવા માટે કરવામાં આવે છે, તો તેને ગંભીર ગુનો ગણવામાં આવશે.

## બાબા રામદેવની પતંજલિએ નોંધાવ્યો બમ્પર નફો, રોકાણકારો બન્યા ધનવાન ! હવે આવી છે એક મોટી યોજના

નવી દિલ્હી | ડિસેમ્બર મહિનાના ક્વાર્ટરમાં પતંજલિ ફૂડ્સે ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો છે. તેનો નફો 60% વધીને 593 કરોડ થયો. કંપનીની કુલ આવકમાં પણ 16.5%નો જંગી વધારો થયો છે, જે રૂપિયા 10,000 કરોડને વટાવી ગઈ છે. આ પ્રભાવશાળી પરિણામોને પગલે, સ્વામી રામદેવે આગામી ત્રણ વર્ષમાં રૂપિયા 1 લાખ કરોડ સુધી પહોંચવાનું લક્ષ્ય રાખ્યું છે. ઝડપથી નફા સાથે સામાન્ય માણસના રસોડામાં પહોંચવાનું કામ અગ્રણી FMCG કંપની પતંજલિ ફૂડ્સે કર્યું છે. ડિસેમ્બર ક્વાર્ટરમાં FMCG કંપની પતંજલિ ફૂડ્સે ઐતિહાસિક અને પ્રભાવશાળી પ્રદર્શન કર્યું છે. તાજેતરમાં જાહેર થયેલા પરિણામો અનુસાર, કંપનીની કુલ આવક રૂપિયા 10,000 કરોડને વટાવી ગઈ છે, જે 16.5 ટકાનો મજબૂત વધારો છે. આ કોઈપણ ક્વાર્ટર માટેનો ઉચ્ચતમ સ્તર છે. નફામાં પણ 60 ટકાનો જંગી વધારો થયો છે. ગ્રાહક માલ બજારમાં પતંજલિ હવે આપણા રોજિંદા જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગઈ છે.

### AI સમિટમાં ભારત-અમેરિકાનો 'પેક્સ સિલિકા' સમજુતી

## ચિપ સેક્ટરમાં 10 લાખ નોકરીઓ આવશે, મોદી-ટ્રમ્પ મુલાકાત ટૂંક સમયમાં થશે

નવી દિલ્હી | 'ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ 2026'ના છેલ્લા દિવસે ભારત અને અમેરિકાએ 'પેક્સ સિલિકા' ડિક્લેરેશન પર સહી કરી છે. આ સમજુતીનો હેતુ વિશ્વભરમાં સેમિકન્ડક્ટર અને AIની સપ્લાય ચેઈનને સુરક્ષિત બનાવવાનો અને બિન-મિત્ર દેશો પર નિર્ભરતા ઘટાડવાનો છે.
કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ અને અમેરિકી આર્થિક બાબતોના સચિવ જેકબ હેલબર્ગે આના પર સહી કરી. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ભારત હવે પેક્સ સિલિકાનો ભાગ બની ગયું છે, જેનાથી દેશના ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર સેક્ટરને મોટો ફાયદો થશે.
તેમણે જણાવ્યું- ભારતમાં પહેલાથી જ 10 પ્લાન્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. ખૂબ જ જલ્દી દેશના પહેલા સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં ચિપનું કોમર્શિયલ પ્રોડક્શન શરૂ થઈ જશે. વૈષ્ણવે એ પણ શેર કર્યું કે ભારતીય એન્જિનિયરો હવે દેશમાં જ એડવાન્સ '2-નેનોમીટર' ચિપ ડિઝાઈન કરી રહ્યા છે.
અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે સેમિકન્ડક્ટર ઉદ્યોગને આવનારા સમયમાં લગભગ 10 લાખ વધારાના સ્કિલ્ડ પ્રોફેશનલ્સની જરૂર પડશે અને દુનિયાની આ અપેક્ષા ભારત પાસેથી જ છે. તેમણે કહ્યું, 'દેશ પાસે હવે એક સ્પષ્ટ દિશા અને લક્ષ્ય છે. આપણે સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગમાં વૈશ્વિક નેતૃત્વ લેવાનું છે.'
સમિટમાં સામેલ અમેરિકી રાજદૂત સર્જિયો ગોરે આ ગઠબંધનમાં ભારતની એન્ટ્રીને વ્યૂહાત્મક રીતે અનિવાર્ય ગણાવી. તેમણે કહ્યું, 'ભારત પાસે એવું ટેલેન્ટ છે જે કોઈપણ પડકારનો સામનો કરી શકે છે. ભારતની એન્જિનિયરિંગ મજબુતાઈ આ ગઠબંધન માટે ખૂબ જ જરૂરી છે.'
સર્જિયો ગોરે ભારતમાં થઈ રહેલી આ સમિટને ખૂબ જ પ્રભાવશાળી ગણાવી. જ્યારે તેમને પીએમ મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે સંકેત આપતા કહ્યું- જોડાયેલા રહો. મને ખાતરી છે કે યોગ્ય સમયે આ મુલાકાત ચોક્કસ થશે.
ભારત અને અમેરિકા વચ્ચે થયેલા 'પેક્સ સિલિકા' કરાર દરમિયાન ગૂગલ અને આલ્ફાબેટના સીઈઓ સુંદર પિચાઈએ કહ્યું કે આ કરારનો હેતુ સુરક્ષા અને ભરોસાપાત્ર સપ્લાય ચેઈન સુનિશ્ચિત કરવાનો છે. સાથે જ, તેનાથી મહત્વપૂર્ણ ટેકનોલોજીના ક્ષેત્રમાં બિઝનેસના નવા રસ્તા ખુલશે.

### સોનું 22 દિવસમાં ₹21,683નો ઘટાડો, ચાંદી ₹792 ઘટીને ₹2.45 પર આવી

## સોનું ₹132 સસ્તું થયું, ₹1.54 લાખ પર આવ્યું


નવી દિલ્હી | સોના-ચાંદીની કિંમતમાં આજે 20 ફેબ્રુઆરીએ નજીવો ઘટાડો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 132 રૂપિયા સસ્તું થઈને 1.54 લાખ પર આવી ગયું છે. જ્યારે, એક કિલો ચાંદી 792 રૂપિયા ઘટીને 2.45 લાખ પર આવી ગઈ છે.

ટ્રાન્સપોર્ટેશન અને સિક્યોરિટી: સોનું એક શહેરથી બીજા શહેરમાં લઈ જવામાં ઈંધણ અને ભારે સુરક્ષાનો ખર્ચ આવે છે. આયાત કેન્દ્રોથી અંતર વધવા પર ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ વધી જાય છે, જેનાથી સ્થાનિક ભાવ વધી જાય છે.

ખરીદીનો જથ્થો: દક્ષિણ ભારત જેવા વિસ્તારોમાં વપરાશ વધુ (લગભગ 40%) હોવાને કારણે જ્વેલર્સ મોટા પ્રમાણમાં સોનું ખરીદે છે. બલ્ક ખરીદી પર મળતી છૂટનો ફાયદો ગ્રાહકોને ઓછા ભાવના રૂપમાં મળે છે.

સ્થાનિક જ્વેલરી એસોસિએશન: દરેક રાજ્ય અને શહેરના પોતાના જ્વેલરી એસોસિએશન (જેમ કે તમિલનાડુમાં મદ્રાસ જ્વેલર્સ એસોસિએશન) હોય છે. આ સંસ્થાઓ સ્થાનિક માંગ અને પુરવઠાના આધારે તેમના વિસ્તાર માટે સોનાનો ભાવ નક્કી કરે છે.

જૂનો સ્ટોક અને ખરીદ કિંમત: જ્વેલર્સે પોતાનો સ્ટોક કયા ભાવે ખરીદ્યો છે, તે પણ મહત્વનું છે. જે જ્વેલર્સ પાસે જૂનો અને સસ્તા ભાવે ખરીદેલો સ્ટોક હોય છે, તેઓ ગ્રાહકો પાસેથી ઓછી કિંમત વસૂલી શકે છે.



1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.
2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ફાગણ સુદ-04

# ટ્રમ્પની આક્રમક યુરોપ નીતિનું પરિણામ : ચીન-બ્રિટનના સંબંધો સુધર્યાં

અમેરિકા-બ્રિટન એકબીજાને 'સ્પેશિયલ ફ્રેન્ડ' ગણાવે છે. પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધના સમયથી અમેરિકા-બ્રિટન એકબીજાને સાથ આપતા આવ્યા છે. પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં અને પછી છેક બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું ત્યાં સુધી બ્રિટન મોટાભાઈની ભૂમિકામાં હતું. તે અરસામાં બ્રિટનનો અડધી દુનિયામાં દબદબો હતો. કેટલાય દેશો એના તાબામાં હતા. બ્રિટન સુપરપાવર હતું. બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકા નિર્ણાયક ભૂમિકામાં હતું. એ પછી અમેરિકાનું પ્રભુત્વ જામ્યું. અમેરિકાએ જગત જમાદારી શરૂ કરી એ પછી બ્રિટને તેની પાછળ પાછળ ચાલવાની પૉલિસી અપનાવી. વિશ્વયુદ્ધ પછી બ્રિટને નાણાકીય ભીડ અનુભવી ત્યારે અમેરિકાએ મદદ કરી. અમેરિકાને વિશ્વના રાજકારણમાં જ્યારે જ્યારે બ્રિટનના સાથની જરૂર પડી ત્યારે ત્યારે બ્રિટને સાથ આપ્યો.એક સદીથી કરતાં વધુ સમયથી અમેરિકા-બ્રિટન એકબીજાને સહકાર આપે છે. અમેરિકા-રશિયા વચ્ચે કોલ્ડ વોરની સ્થિતિ દાયકાઓ સુધી રહી ત્યારેય બ્રિટનનો સાથ અમેરિકાને મળ્યો. ડિફેન્સ ડીલથી લઈને વેપારી કરારો સુધી અમેરિકા-બ્રિટનનાં હિતો જોડાયેલા રહ્યાં. ગુપ્તચર એજન્સીઓની જાણકારી ભાગ્યે જ કોઈ દેશ બીજા દેશને આપે છે, પરંતુ બ્રિટન-અમેરિકા એકબીજાને લગતી ગુપ્તચર વિગતો શેર કરે છે. અમેરિકા-બ્રિટનમાં સરકારો બદલાય છતાં એકબીજાના દેશ માટેની પૉલિસી બદલાતી નથી, પરંતુ છેલ્લાં થોડાં વર્ષોમાં સમીકરણો ધીમે ધીમે બદલાઈ રહ્યાં છે. એમાંય ૨૦૧૬થી ૨૦૨૦ સુધીના ડોનાલ્ડ ટ્રમ્પના પહેલા કાર્યકાળમાં બ્રિટનને લાગ્યું કે અમેરિકા પર નિર્ભર રહેવાનું યોગ્ય નથી. છેલ્લા એક વર્ષથી ટ્રમ્પનો બીજો કાર્યકાળ શરૂ થયો છે અને ત્યારથી બ્રિટન-અમેરિકાના સંબંધોમાં ભારે ચઢાવ-ઉતાર જોવા મળી રહ્યાં છે.ટ્રમ્પે બ્રિટન સહિત યુરોપના દેશોને સૈન્યમાં અમેરિકા પર નિર્ભરતા ઘટાડવાની ભલામણ શરૂ કરી છે. અમેરિકાએ તો નાટો (નોર્થ એટલાન્ટિક ટ્રિટી ઑર્ગેનાઇઝેશન)માંથી નીકળી જવાની ધમકી પણ આપવાનું શરૂ કર્યું છે. યુરોપની લશ્કરી સુરક્ષાનો મોટો આધાર નાટો પર છે. અમેરિકા સાત દશકાથી નાટોને માતબર ફંડ આપે છે, પરંતુ ટ્રમ્પને એટલું ફંડ આપવું યોગ્ય લાગતું નથી. યુક્રેન-રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ટ્રમ્પ મધ્યસ્થી કરી રહ્યા છે. રશિયન પ્રમુખ પુતિન સાથે મુલાકાત પણ કરી ચૂક્યા છે. પુતિનની અમુક શરતો સ્વીકારવા ટ્રમ્પ સંમત થયા છે અને એમાં યુરોપનું હિત જોખમમાં મૂકાયું છે.ટ્રમ્પ હવે બ્રિટન સહિત યુરોપનાં આર્થિક હિતો પણ જાળવવાના પક્ષમાં નથી. આયાત-નિકાસમાં અમેરિકા-બ્રિટન વચ્ચે ભેદભાવ નહીં ચાલે એવું નિવેદન ટ્રમ્પ આપી ચૂક્યા છે. એવું ટ્રમ્પ માત્ર બ્રિટનને નહીં, યુરોપના બધા મોટા દેશોને કહી ચૂક્યા છે. ટ્રમ્પની આવી ધમકીઓના પગલે ગયા વર્ષે બ્રિટનમાં યુરોપના દેશોની એક સમિટ મળી હતી ને બ્રિટનના નેતૃત્વમાં વૈશ્વિક વેપાર તેમ જ ડિફેન્સ સેક્ટરની સમીક્ષા થઈ હતી. બ્રિટને ભારપૂર્વક સૌ દેશોને હથિયારો વધારવા અને આત્મનિર્ભર બનવાની ભલામણ કરી હતી. બ્રિટન અને ફ્રાન્સ યુરોપનું નેતૃત્વ લઈને લશ્કર વધારવાની હિમાયત કરે છે. બીજી તરફ, બ્રિટન પોતાની રીતે પણ બધા દેશો સાથે વેપાર વધારવા પ્રયાસો કરી રહ્યું છે. તેના ભાગરૂપે બ્રિટન-ભારત વચ્ચે થોડા મહિના પહેલાં ટ્રેડ ડીલ થઈ હતી. હવે એવી જ ડીલ બ્રિટન-ચીન વચ્ચે થવાની શક્યતા છે.૨૦૧૮માં તત્કાલિન બ્રિટિશ વડાંપ્રધાન થેરેસા મે ચીનની મુલાકાતે ગયાં હતાં. તે વખતે ચીન-અમેરિકાના સંબંધો પણ આજે છે એટલા તંગ ન હતા. કોરોના વાયરસ ચીનમાંથી ફેલાયો તે પછી ચીનના સંબંધો દુનિયાભરમાં તંગ બન્યા. ચીનની આક્રમક વિદેશનીતિના પરિણામે યુરોપ-અમેરિકાના સંબંધો તો ખૂબ તંગ બન્યા. તેના કારણે થેરેસા મે પછીના એકેય વડાપ્રધાને ચીનનો પ્રવાસ કર્યો ન હતો. ચીનના પ્રમુખ જિનપિંગ પણ છેલ્લે ૨૦૧૫માં બ્રિટનની મુલાકાતે ગયા હતા. તે પછી તેમણે પણ બ્રિટનની મુલાકાત ટાળી છે. ૧૧ વર્ષથી જિનપિંગ બ્રિટન ગયા નથી કે આઠ વર્ષથી બ્રિટનના કોઈ વડાપ્રધાન ચીન આવ્યા ન હતા.પરંતુ બદલાતા આંતરરાષ્ટ્રીય સમીકરણો વચ્ચે કીર સ્ટાર્મરે ચીનનો પ્રવાસ કરી આવ્યા. સ્ટાર્મરે ચીનની મુલાકાતનો નિર્ણય મંત્રાલય સમક્ષ જાહેર કર્યો ત્યારે બહુ જ મહત્ત્વનું સ્ટેટમેન્ટ આપ્યું હતું કે ચીન-બ્રિટનના સંબંધો સુવર્ણયુગમાંથી શીતયુગમાં પહોંચી ગયા છે. હવે બ્રિટને તેમની વિદેશનીતિને નવેસરથી આકાર આપવાનો સમય આવી ચૂક્યો છે અને તેમાં ચીન સાથેના વ્યૂહાત્મક સંબંધો અગત્યના બની રહેશે. સ્ટાર્મરે ટ્રમ્પને મેસેજ આપતા કહ્યું, 'ચીન વિશ્વનું બીજા નંબરનું મોટું અર્થતંત્ર છે અને ચીન સાથે વ્યાપારી સંબંધો વિકસાવવામાં બ્રિટન પાછળ રહી શકે નહીં.

### રતિલાલ બોરીસાગરનો પદ્મશ્રી સન્માન ઉત્સવ કુંડલામાં સંપન્ન

# સર્જકના ચતુર્મુખ રતિબાપા ધરાવે છે: મોરારિબાપુ




તખુભાઈ સાંડસુર | વેળાવદર

સાવરકુંડલાના પનોતા પુત્ર અને હાસ્યકાર શ્રી રતિલાલ બોરિસાગરને 2026 નો પદ્મશ્રી પુરસ્કાર અર્પણ કરવાની ભારત સરકાર દ્વારા જાહેરાતથી સાવરકુંડલામાં નગર ગૌરવ અનુભવે તે સ્વાભાવિક છે.તે ગૌરવને વધુ ગૌરવાન્વિત કરવા તારીખ 19 ફેબ્રુઆરીની સાંજે વિદ્યાગુરુ ફાઉન્ડેશન સાવરકુંડલા દ્વારા એ ગરિમામય કાર્યક્રમ પૂજ્ય મોરારિબાપુની પાવન ઉપસ્થિતિમાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે યોજાઈ ગયો. વિદ્યાગુરુ ફાઉન્ડેશનનો પાયો શ્રી હરેશ મહેતા જેવા આ. રતિલાલ બોરીસાગરના શિષ્યોએ 2011માં નાખીને એક ઉત્તમ આરોગ્ય મંદિર ઉભું કરવાનું છે શ્રેય પણ પ્રાપ્ત કર્યું છે. આજના કાર્યક્રમમાં મુંબઈના એકાંકી નાટ્ય કલાકાર શ્રી રાજુલ દીવાન દ્વારા રતિલાલ બોરીસાગરની હાસ્ય કૃતિ 'એન્જોય પ્લાસ્ટિ' પર એકાંકી પ્રસ્તુત થયું. કાર્યક્રમમાં સ્વાગત કરતા સંસ્થાના પ્રમુખ શ્રી હરેશ મહેતાએ સૌને આવકાર્યા. સર્જક શ્રી રતિલાલ બોરીસાગરે કહ્યું કે મને આ પ્રકારનું સન્માન પ્રાપ્ત થાય તેવું કલ્પનામાં પણ ન હતું પરંતુ ઈશ્વરે અને પૂજ્ય બાપુ જેવી વિભૂતિના સદૈવ આશીર્વાદથી આ શક્ય બન્યું છે તેનો રાજીપો છે. ધારાસભ્ય શ્રી મહેશ કસવાલાએ કહ્યું કે સેવા અનેક રીતે થઈ શકે છે અને તેમાંની એક સેવા કલમ સેવા પણ છે. તે સાવરકુંડલાના પનોતા પુત્ર શ્રી રતિલાલ બોરીસાગરના કર્મથી સાબિત થઈ શક્યું છે.અને કલમથી ભારત સરકારનું શ્રેષ્ઠત્વ પ્રાપ્ત થઈ શકે છે. હું સાવરકુંડલાના પ્રતિનિધિ તરીકે તેને આવકારું છું. પૂજ્ય મોરારિબાપુએ કહ્યું કે સર્જકના ચતુર્મુખ હોય છે તેમાં વિવેક, વિનોદ, વિશ્વાસ અને વીતરાગને આપણે મૂકી શકીએ.મને આ ચાર મુખો રતિબાપામા દેખાઈ રહ્યાં છે.આપણા સૌ માટે આ ગૌરવ રૂપ ઘડી છે. કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રણવ પંડ્યા એ કર્યું હતું. વ્યવસ્થા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના સંચાલકો અને વહીવટદાર શ્રી ડો. પ્રકાશભાઈ કટારીયાએ કરી હતી.

### નખત્રાણા નગરે શ્રી જલારામ મંદિર મધ્યે (૧૨૦)માં ગુરુવાર ની દાતાશ્રીઓ દ્વારા સમુહ આરતીનું કરાયુ આયોજન



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા કચ્છ ખાતે શ્રી લોહાણા મહાજન સંચાલિત શ્રી દરિયા સ્થાન શ્રી જલારામ મંદિર મધ્ય (૧૨૦) માં ગુરુવાર ની આરતીના દાતાશ્રીઓ ઈશાન પ્રકાશભાઈ ઠક્કર (સચદે પરિવાર સુરત) દ્વારા ઉતારવામા આવી સાથે પૂજ્ય જલારામ બાપાના ભક્તજનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા વડીલ માતા ઓ દ્વારા ભજન સત્સંગ કરાયુ ત્યારબાદ આરતી ઉતારવામા આવી પધારેલા ભક્તજનોને દાતાશ્રી પરિવાર દ્વારા પ્રસાદ આપવામાં આવ્યો હતો પૂજન વિધિના પૂજારીશ્રી રમેશભાઈ જોશી દ્વારા કરવામાં આવી હતી.

# ડો. સુભાષ મહિલા કોલેજ, જૂનાગઢ ખાતે લોકજાગૃતિ અંગે ત્રિવિધ કાર્યક્રમ યોજાયો



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૦ . ડો.સુભાષ મહિલા કોલેજ, જૂનાગઢના ઉપક્રમે રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત સાયબર સુરક્ષા, અભયમ સુરક્ષા અને વિદ્યાર્થીઓ દ્વારા જૂદી જૂદી માહિતીપ્રદ સ્પર્ધાઓનું આયોજન થયું હતું. આ પ્રસંગે આદ્ય સ્થાપકશ્રી પેથલજીભાઈના સ્મરણાંજલિ ગાન અને દિપ પ્રાગટય વિધી બાદ સંસ્થાના આચાર્યશ્રી બલરામ ચાવડા એ ભુમિકામાં આજના સમયે માનસિક સ્વાસ્થ્ય કઈ રીતે જરૂરી છે એ અંગે પોતાના મનનિય વક્તવ્યમાં અભયમ અને સાયબર જાગૃતિ વિશે વાત કરી હતી. એમણે કહ્યું હતું કે તમે જાગૃત બનશો તો જ તમારા પરિવારને કે આસપાસના લોકોને આ જાગૃતતાનો લાભ મળશે. વિદ્યાર્થીનીઓએ આ જાણકારીનો ઉપયોગ માધ્યમ બનીને કરવાનો છે. આ પ્રસંગે ડો.ભૂમિબહેને ડીઝીટલ એરેસ્ટ અને સાયબર એટલે શું એની વાત વિગતે સમજાવી હતી.

# ડી. બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલના વોકેશનલના ૯૫ વિદ્યાર્થીઓની શૈક્ષણિક મુલાકાત



કમલેશપટેલ|સંખેડા

સંખેડા તાલુકાની નામાંકિત શાળા ડી. બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ તાજેતરમાં ખેતી અને સંશોધન આધારિત જ્ઞાન મેળવવા માટે સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર હોર્ટીકલ્ચર, ખાંડીવાવ ખાતે શૈક્ષણિક મુલાકાત યોજી હતી. જેમાં છોટાઉદેપુર જિલ્લાના A.D.Hશ્રી અભિજિત પંચ સર, બાગાયત સુપરવાઈઝરશ્રી કમલેશભાઈ પટેલ ટેકનીકલ આશિષભાઈ રાઠવાઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આત્મ નિર્ભર બની કૃષિ ક્ષેત્રમાં ચાલી રહેલા આધુનિક સંશોધન, નવી ખેતી પદ્ધતિઓ, પાક ઉત્પાદન, સંરક્ષણ અને ટેકનોલોજી આધારિત ખેતી વિશે વ્યવહારુ માર્ગદર્શન આપવાનો હતો.

# નખત્રાણા તાલુકા મથકે નિશુલ્ક નેત્ર નિદાન સારવાર કેમ્પ નું આયોજન કરાયુ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

શ્રી નખત્રાણા લોહાણા મહાજન ના સાંનિધ્યમાં શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ દ્વારા (૮૩) મો નિશુલ્ક નેત્ર નિદાન સારવાર કેમ્પ નેત્ર નિદાન કેમ્પ મા (૧૭૦) દર્દીઓની આંખની તપાસ કરવામા આવી જેમને ટીપા દવા નિશુલ્ક આપવામા આવ્યા જ્યારે (૨૫) જેટલા દર્દી ઓને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ લઈ જવાયા શ્રી નખત્રાણા લોહાણા મહાજન વાળી ખાતે (૮૩)મો નેત્ર નિદાન સારવાર કેમ્પનું દીપ પ્રાગટ્ય શ્રી નખત્રાણા લોહાણા મહાજન ના આગેવાનો,દાતાશ્રીઓ,રાજકોટ થી આવેલા સેવા માટે ડોક્ટરશ્રીઓ ના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કેમ્પ ખુલ્લુ



મૂકવામા આવ્યો આજના કેમ્પમાં સહયોગ આપનાર દાતા કુ.નંદિનીબા ચંદનસિંહ રાઠોડ પરિવાર નખત્રાણા કુ. નંદિનીબા ના જન્મદિવસ નિમિત્તે છેલ્લા ઘણા વર્ષોથી દાતા તરીકે કેમ્પ માં સહયોગ રહ્યો છે શ્રી નખત્રાણા લોહાણા મહાજન ને નખત્રાણા ગ્રામ પંચાયત ના પૂર્વ સરપંચ ચંદનસિંહ રાઠોડનું આભાર માન્યો હતો નેત્ર નિદાન સારવાર કેમ્પ વિશે વાત કરતા આરોગ્ય સમિતિના ચેરમેન પ્રાગજીભાઈ અનમ જણાવ્યું આજના કેમ્પમા (૧૭૦) દર્દી નો આંખનું ચેકિંગ કરવામાં આવ્યો એમને દવા ટીપા આપવામા આવ્યા આમાંથી(૨૫ ) દર્દીઓને ઓપરેશન માટે બસ દ્વારા રાજકોટ લઈ જવામા આવ્યા અમારા તરફથી ચા પાણીની વ્યવસ્થા ઓપરેશન કરવા માટે જતા દર્દીઓને ફ્રુટ પેકેટ અમે આપીએ છીએ ત્યારે ત્યા રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટ દ્વારા દર્દીઓને રહેવાની જમવાની ઓપરેશન દવા ચશ્મા બધું જ ફ્રી આપવામાં આવે છે શ્રી નખત્રાણા લોહાણા મહાજનના પ્રમુખ રાજુભાઈ પલણ જણાવ્યું કે આજે જેમનો કેમ્પ માટે સહયોગ મળ્યો છે એવા ચંદનસિંહ રાઠોડ તરફ થી દર વર્ષે કેમ્પ માં સહયોગ આપે છે.

### રવાપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા શાળામાં ઉજવાયો વર્લ્ડ એનીમિયા અવરનેશ દિવસ



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા-કચ્છ ના રવાપર આરોગય કેન્દ્ર દ્વારા પ્રાથમિક શાળામાં વર્લ્ડ એનીમિયા અવરનેશ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં વિધાથીર્ઓને આયેન ગોળીઓ ખાવા માટે સમજણ આપી અને એનીમિયાના લક્ષણો શું છે અને તેને અટકાવવા માટે આરોગ્ય બાબતે શિક્ષણ આપવામાં આવેલ આ મહત્વપૂર્ણ દિવસ ની ઉજ્જવળી મા રવાપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સહીત શાળાના શિક્ષકોશ્રીઓ હાજર રહ્યા હતા.


### તાલુકા કોંગ્રેસના મહામંત્રી દ્વારા રમજાન માસ દરમિયાન વિજ પુરવઠામા કાપ ન મુકવા કરાઈ અપીલ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

હાલમાં મુસ્લિમ ધર્મનો પવિત્ર રમજાન માસ ચાલુ હોવાથી લાઈટ (વિજ પુરવઠો) અંગે કાપ મુકવામાંના આવે તેવી અપીલ પી જી વી સી એલ ને નખત્રાણા તાલુકાના કોંગ્રેસ મહામંત્રી જુસબભાઈ સોઢા એ અપીલ કરી છે ને જણાવેલ કે સવાર સાંજ રોજેદારોને રોજા રાખવા અને સાંજના છોડવામાં સગવડતા રહે તે માટે સવારના 5 વાગ્યા થી 6/15 વાગ્યા સુધી તેમજ સાંજના 6:45 થી 7: 15 વાગ્યાથી લાઈટની ખૂબ જ જરૂરહોવાથી લાઈટ ચાલુ રહે એવી અમારી માંગણી છે.

# સંખેડા તાલુકાના ગુંડેર ગ્રામ પંચાયત ના સરપંચશ્રી હોદ્દાનો દુર ઉપયોગ કરી પંચાયતની માલિકીમાં કોડીયાઘર / ભેસો બાંધવા માટે પત્રાવાળુ બાંધકામ કરેલ છે

### તેમજ ભેસોના ખીલા પંચાયતની જગ્યા દબાણ કરવા બાબતની અરજી જાગૃત નાગરિક દ્વારા કરાય



કમલેશ પટેલ | સંખેડા

ગુંદર ગામના અરજદારશ્રી બારીયા સુરેશભાઈ જેન્તીભાઈ દ્વારા ગામમાં થયેલ દબાણ વિશે ગામના સરપંચ વિરુદ્ધ, લેખિતમાં અરજી તાલુકા વિકાસ અધિકારી , મામલતદાર, તેમજ ગ્રામ પંચાયત તલાટીને આપવામાં આવી. ગુંડેર જુથ ગ્રામ પંચાયતની હદમાં ગુંડેર ગામે ગામતળ પૈકી ની જગ્યામાં સરપંચશ્રી બારીયા કાન્તાબેન વિપિનભાઈ ગ્રામ પંચાયત કચેરી, ગુંડેરની મકાનની આજ-બાજુ પોતાના અંગત ઉપયોગ માટે સત્તાનો દુર ઉપયોગ કરી ભેસો તથા પશુધન બાંધવા માટે અંદાજે ૪૦+૭૦ એટલી જગ્યા રોકી પત્રા નાખી ગેર કાયદેસર બાંધકામ કરેલ છે. આ જગ્યા છોડી પંચાયતની બીજી જગ્યાએ પણ તેઓએ બીન અધીકૃત દબાણ કરી જગ્યાનો પોતાના અંગત સ્વાર્થ માટે ઉપયોગ કરે છે. આમ પંચાયતની ગામતળ પૈકીની જગ્યા રોકી તેઓ હોદ્દા દુર ઉપયોગ કરી ફરજ બજાવે છે. તેમની સામે સરપંચએ કરેલા દબાણ વિગત વાર તપાસ કરી તેમણા હોદા ઉપરથી દુર કરવા અને થયેલા દબાણો દુર કરવા અરજી કરી ન્યાયની માંગ કરી રહ્યા છે. સરપંચશ્રીના પતિ બારીયા વિપિન ઉર્ફે,(સુભાષ)ભાઈ તેઓ અમો અરજદારશ્રી માલિકિમાં બાધેલ કાચા પત્રા બિનઅધિકૃત દુર કરવા સરપંચશ્રીના પતિ કાર્યવાહી કરે છે. તેઓ ખોટો ભેદભાવ રાખી અમોને હેરાન કરવાનું કાર્યવાહી કરે છે. તેથી મારે સરપંચશ્રી સામે અને સરપંચના પતિ ગ્રામ પંચાયતનો વહીવટ કરે છે.

### ચાણસ્મા ટીડીઓ બેલા પટેલ બદલાયા તેમના સ્થાને વિજાપુર ટીડીઓ ગોવિંદભાઈ ચૌધરી મુકાયા


નિતીનઠાકર|ચાણસ્મા

ચાણસ્મા ખાતે તાલુકા વિકાશ અધિકારી તરીકેઅંદાજેછેલ્લાબેવર્ષથીફરજબજાવતા બેલાબેન પટેલની. ખેરાલુ તાલુકા વિકાશ અધિકારી તરીકે બદલી થતાં તેમના સ્થાને વિજાપુર તાલુકા પંચાયત ખાતે ટીડીઓ તરીકે ફરજ બજાવતા ગોવિંદભાઈ ચૌધરી મુકાયાછેચાણસ્માખાતેટીડીઓતરીકેફરજ બજાવતા બેલાબહેન પટેલની કર્મચારીઓ તાલુકા પંચાયત ખાતે કામ અર્થે આવતા અરજદારો પ્રત્યે સૌજન્યપૂર્વકના વર્તનથી અને કામ કરવાની સારી શૈલીથી તાલુકાના લોકપ્રિયતથાસારાઅધિકારીતરીકેછાપછોડી ગયાછે.

# ચાણસ્મા તાલુકા ના સેવાળા ગામે સેવાળીયા મહેતા પરીવારના ફળદેવી મહાગૌરી મૈયાનો ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

નિતીનઠાકર|ચાણસ્મા

ચાણસ્મા તાલુકા સેવાળા ગામે સેવાળીયા મહેતા પરીવાર દ્વારા મહાગૌરી માતાજી ના જિર્ણોદ્ધારનું કામ પૂર્ણ થયા બાદ 18 ફેબ્રુઆરીથી 20 ફેબ્રુઆરી દરમિયાન ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય આયોજન કરાયું હતું આ 'ત્રિદિવસિય મહામહોત્સવ દરમ્યાન નવ કુડી મહાયજ્ઞ જળયાત્રા રાસ ગરબા લોકડાયરા સહિત ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતુંમહોત્સવના અંતિમ દિવસે ૫ પુ મુકંદાનંદ મહારાજ પાટણ જિલ્લા કલેક્ટર તુષારભટ્ટજીલ્લાવિકાશઅધિકારીસી.એલ પટેલ તાલુકા ભાજપ પ્રમુખ કિરણભાઈ જાની. ગૌરી માતાજી દેવસ્થાન ટ્રસ્ટના પ્રમુખ ચેતનભાઈ વ્યાસ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



વિરેન્દ્રભાઈ મહેતા રસિક લાલ આર. મહેતા સહિત સેવાળા ગામના પટેલ યુવકો સહિત ગામના અઢારે વર્ણના લોકોના સહકારથી સેવાળા ગામે યોજાયેલા મહા મહોત્સવસાંગોપારપડ્યોહતો.

# રાજુલા તાલુકામા પીપાવાવ PSL લિમિટેડ કંપની દ્વારા ખેડૂતો સાથે વિશ્વાસઘાત

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લામાં આવેલ રાજુલા તાલુકામાં આવેલ પીપાવાવ પીએસએલ લિમિટેડ કંપની દ્વારા વર્ષ ૧૯૯૨ થી ૪૮ જેટલા ખેડૂતોની જમીનની ખરીદી કરવામાં આવી હતી આ પીએસએલ હોલ્ડર કંપની દ્વારા ખેડૂતોને રોજગારી ધંધા ઉધોગમાં આપવાની શરતે ખેડૂતોએ જમીન આપી હતી અને વર્કઓડર પણ આપવામાં આવ્યા ગયા ખેડૂતોને ભોળવી ફોસલાવી જે તે સમયે આવેદનપત્ર આપવામાં આવ્યા હતા ઔદ્યોગિક એકમ માટે જમીન ખરીદી કરી હતી આજ સુધી ઔધોગિક એકમ ઉધોગ અહીં આવેલ નથી અસરગ્રસ્ત ખેડૂતો સાથે વિશ્વાસઘાત કર્યો હતો કંપની દ્વારા જમીન ઉપર લોન લીધી હતી ખાનગી બેન્ક દ્વારા જમીન ઓપસ ન બહાર પાડતા અન્ય કંપની મારફતે આ જમીનની ખરીદી કરી અંદાજે ૬૦૦ વિઘા જેટલી જમીનની ખરીદી કરી રોજગારી આપવા માટેનો દાવો હાલ કરવામાં આવી રહ્યો છે. આજે મોટી સંખ્યામાં ખેડૂતોએ મામલતદાર કચેરીને આવેદનપત્ર આપી રોષ વ્યક્ત કર્યો રાજુલા રામપરા ભેરાઈ આસપાસના વિસ્તારના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપી રોષ સાથે કંપની ન્યાયિક રીતે ખેડૂતોને વળતર ચૂકવે તેવી માંગ કરવામા આવી ઉપરાંત અહી જ્યાં સુધી કંપની યોગ્ય ન્યાય નહિ આપે ત્યાં સુધી ખેડૂતો ઉગ્ર આંદોલન કરવા માટેની ચીમકી આજે આપવામાં આવી છે તંત્રને રજૂઆતો પણ કરવામા આવી છે.

# જાફરાબાદના કાગવદર ગામે ટ્રક-કાર વચ્ચે અકસ્માત થતા ૧ ને ઈજા ડાઈવર્ઝનના કારણે પાંચ વર્ષ માં ૫ લોકો નો ભોગ લેવાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ના કાગવદર, છેલણાના ડાઈવર્ઝનના કારણે ૧ વર્ષમાં ૫ લોકોએ જીવ ગુમાવ્યા અકસ્માતોથી લોકોમાં ભારે રોષ ફેલાયો છે. જાફરાબાદ નજીક આવેલા કાગવદર ગામેથી પસાર થતા ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર આડેધડ ડાઈવર્ઝનના કારણે અકસ્માતોની હારમાળા સર્જાઈ છે. ગઈકાલે કાગવદર નજીકના ડાયવર્ઝન પાસે કર અને ટ્રક વચ્ચેના અકસ્માતમાં કાર ચાલકને ગંભીર ઈજા પહોંચી હતી તો છેલ્લા એક વર્ષમાં કાગવદર અને છેલણા ગામના ડાયવર્ઝનમાં ૨૫ અકસ્માતો નોંધાયા હતા. જેમાં ૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. જાફરાબાદ તાલુકાના કાગવદર ગામ નજીક રાત્રીના સમયે ટ્રક અને કાર વચ્ચે ડ્રાયવર્ઝન પાસે અકસ્માત સર્જાતા કાર ચાલકને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામા આવ્યા છે હાલ નાગેશ્રી પોલીસ દ્વારા અકસ્માતનો ગુન્હો નોંધવામાં આવ્યો છે સ્થાનિક ગ્રામ્ય વિસ્તારના નેશનલ ઓથોરિટીના પ્રોજેક્ટ મેનેજર સામે ગુન્હો નોંધવા માટેની માંગ કરી રહ્યા છે. વારવાર અકસ્માતોની ઘટનાઓ વધી રહી છે તેમ છતાં ડ્રાયવર્ઝન અંગે કોઈ નિર્ણય લેવામાં આવતો નથી જેના કારણે અકસ્માતોની ઘટનાઓ વધી રહી છે.

# જૂનાગઢ ખાતે કંસારા સેવા સમાજના ઉપક્રમે "અભ્યુદય ૨૦૨૬" કાર્યક્રમ યોજાશે

મહેશ એલ. સોની નખત્રાણા

જૂનાગઢ કંસારા સમાજ ના ઉપક્રમે જ્ઞાતિના સેવા સંસ્કાર ઉત્કર્ષ સંગઠનના હેતુ સર 'અભ્યુદય ૨૦૨૬' કાર્યક્રમનું આયોજન તારીખ ૨૨/૨/૨૦૨૬ રવિવારના રોજ કરવામાં આવ્યું છે.આ અંગે વિસ્તૃત માહિતી આપતા કંસારા સેવા સમાજના નવનિયુક્ત પ્રમુખ શ્રીમતિ ક્રિષ્ણાબેન બારમેડા જણાવ્યું હતું કે સમાજના સંગઠન તેમજ વિકાસના મુખ્ય હેતુસર વર્ષ ૨૦૧૯ માં રચાયેલ 'કંસારા સેવા સમાજ' દ્વારા આગામી ૨૨ ફેબ્રુઆરીના રોજ વૈષ્ણવ સાધુ બાવા વૈરાગી સમાજ જૂનાગઢ ખાતે 'અભ્યુદય ૨૦૨૬' નું આયોજન કરવામાં આવ્યું છે જેનો મુખ્ય ઉદ્દેશ સમાજનો સર્વાંગી વિકાસ અને એકતા મજબૂત બનાવવા માટેનો છે તેમજ MKBN (મારું કંસારા બિઝનેસ નેટવર્ક) પ્લેટફોર્મ દ્વારા વ્યવસાઈક ભાઈઓ/બહેનો ના વ્યવસાય માં વૃદ્ધિ કરવાનો પ્રયાસ છે. આ કાર્યક્રમ દ્વારા સમાજના પ્રતિભાશાળી યુવાનો, વ્યવસાયિકો અને વડીલોને એક મંચ પર લાવી પરસ્પર સંવાદ સહકાર સાથે વ્યવસાયિક પ્રગતિ માટેનું સકારાત્મક વાતાવરણ ઊભું કરવાનો છે.આ કાર્યક્રમ અંતર્ગત જ્ઞાતિમાંથી વિશેષ પ્રતિભા પદ મેળવનાર જ્ઞાતિજનો નું સન્માન કરવામાં આવશે તેમજ સમાજનો વિકાસ વેગવંત બને તે હેતુ સર વિવિધ સમિતિઓની રચના પણ કરવામાં આવશે. સંસ્કૃતિ કાર્યક્રમ સાથે યોજાનારા આ કાર્યક્રમમાં ગુજરાત સહિત ભારતભરના જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# ચીફ, ડેપ્યુટી ચીફ અને આસીસ્ટન્ટ લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સેલ માટે અરજીઓ આમંત્રિત કરાઈ

પાલનપુર | રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ (નાલ્સા) નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના નિર્દેશાનુસાર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, બનાસકાંઠા- પાલનપુર હસ્તક આવેલ લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સીલની ઓફીસ માટે - ૦૧(એક) ચીફ લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સેલ, ૦૧(એક) ડેપ્યુટી ચીફ લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સેલ અને ૦૧(એક) આસીસ્ટન્ટ લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સેલની જગ્યા ભરવા માટે લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારો વિગતવારની જાહેરાત તથા અરજી ફોર્મ ડીસ્ટ્રીકટ કોર્ટ, બનાસકાંઠા-પાલનપુરની વેબસાઈટ (https://banaskantha.dcourts.gov.in.) ઉપરથી ડાઉનલોડ કરી શકશે. ઉમેદવારે પોતાનું અરજી ફોર્મ તથા તેની સાથે માંગેલ પ્રમાણપત્રો અને જરૂરી દસ્તાવેજો " સેક્રેટરીશ્રી, જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, બનાસકાંઠા-પાલનપુર" ને સંબોધીને ઉપર જણાવેલ સરનામે રૂબરુ તારીખ: ૦૫/૦૩/૨૦૨૬ ના સમય : ૧૭ :૦૦ કલાક સુધીમાં અથવા તે પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવાનું રહેશે. ત્યારબાદ મળેલ અરજીઓ તથા અધુરી વિગત વાળી તેમજ અધુરા પ્રમાણપત્રો / દસ્તાવેજો વાળી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.

# આગામી બોર્ડની પરીક્ષાને લઈને બનાસકાંઠા જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી મિહિર પટેલ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

પાલનપુર | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ દરમિયાન યોજાનારી એસ.એસ.સી. અને એચ. એસ.સી. (સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષાઓ શાંતિપૂર્ણ અને પારદર્શક વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી બનાસકાંઠા જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી મિહિર પટેલ (IAS) દ્વારા એક મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ, જિલ્લાના તમામ નિર્ધારિત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં વિવિધ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. આ જાહેરનામા મુજબ, પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થીઓ અને અધિકૃત સ્ટાફ સિવાયના અન્ય બિન- અધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર મનાઈ ફરમાવવામાં આવી છે. પરીક્ષા દરમિયાન આ વિસ્તારમાં આવેલી તમામ ઝેરોક્ષની દુકાનો ફરજિયાતપણે બંધ રાખવાની રહેશે. વધુમાં, પરીક્ષામાં અવરોધ ઊભો કરે તેવા લાઉડસ્પીકરના ઉપયોગ પર અને પરીક્ષાર્થીઓનું ધ્યાન ભંગ થાય તેવી પ્રવૃત્તિઓ પર પણ રોક લગાવી દેવામાં આવી છે. પરીક્ષામાં ચોરી અટકાવવા માટેના કડક પગલાં લેતા, કોઈપણ પ્રકારનું સાહિત્ય, નકલ, પુસ્તકો કે ઈલેક્ટ્રોનિક ઉપકરણો જેવા કે મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, પેજર કે વોકી-ટોકીના ઉપયોગ અને વહન પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે.

# કાલાવાડ નજીક હરિપર ખાતે આવેલ નવા રણુજા ધામમાં આવેલા રામદેવપીર મંદિર ખાતે બીજના પાવન દિવસે ભવ્ય મેળો ભરાયો હતો

જગદીશ દવે |દેશલપર (ગુંતલી)

મેળામાં મોટી સંખ્યામાં ભક્તોએ હાજરી આપી શ્રદ્ધા વ્યક્ત કરી હતી. મંદિરે નેજા બદલવાની પરંપરા નિમિત્તે ભક્તોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો અને નેજા બદલવા માટે લાંબી લાઈનો લાગી હતી. કચ્છ તેમજ સમગ્ર ગુજરાતમાંથી ભક્તો બીજના દિવસે દાદાના દર્શનાર્થે અહીં આવી પહોંચ્યા હતા. ભક્તોએ જણાવ્યું હતું કે દાદા સ્થાન પર જાહેર પરચો છે અને તેમની માન્યતાઓ પૂર્ણ થાય છે.અહીં દર બીજના દિવસે નિયમિત મેળો ભરાય છે, જેમાં નાના થી લઈને મોટા રમકડાં, ઘરવખરીની દુકાનો તેમજ વિવિધ સ્ટોલ જોવા મળે છે. મેળાના કારણે



સ્થાનિક લોકોને રોજગારની તક પણ પ્રાપ્ત થાય છે.તેમજ બીજ રામામંડળ નું આયોજન થાય આ જોવા ભક્તો ની ભીડ જામે છે. આ રીતે બીજના પવિત્ર અવસરે ભક્તિભાવ અને લોકમેળાનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો.

# શામગહાન સ્ટેટ બેંકનાં બ્રાન્ચ મેનેજરની બેંકમાં મનમાની.અહંકારભરી હુકમશાહી સામે જનરોષ




ડાંગ | સૂત્ર પાસેથી મળતી માહિતી અનુસાર,ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં શામગહાન ખાતે આવેલી State Bank of India (સ્ટેટ બેંક) શાખામાં હાલ અરાજકતા અને બેદરકારીનો માહોલ છવાયો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે.શાખાના બ્રાન્ચ મેનેજર જીગર ટેલર દ્વારા સામાન્ય જનતા તેમજ સરકારી કર્મચારીઓ સાથે અહંકારભર્યું, ઉદ્ધત અને અસંવેદનશીલ વર્તન કરવામાં આવી રહ્યું હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે.જેમા દક્ષિણ વન વિભાગ હેઠળની શામગહાન રેન્જમાં કાર્યરત જંગલ મંડળીઓના હોદેદારો અને ગરીબ મજૂરો છેલ્લા પંદર દિવસથી કેવાયસી પ્રક્રિયા માટે બેંકના ધક્કા ખાઈ રહ્યા છે.વારંવાર રજૂઆત કરવા છતાં કેવાયસી પૂર્ણ ન થવી એ બેંક તંત્રની ઘોર બેદરકારી અને બ્રાન્ચ મેનેજર જીગર ટેલરની નિષ્ઠુરતા દર્શાવે છે.

### ધોળકા વિધાનસભામાં AAP મજબૂત બની, ખેડૂત નેતા સાગર રબારીની આગેવાનીમાં સામાજિક કાર્યકરો જોડાયા

# જનહિતના મુદ્દાઓથી પ્રેરાઈ કાર્યકરોનો આમ આદમી પાર્ટીમાં પ્રવેશ




અમદાવાદ | ધોળકા વિધાનસભા વિસ્તારમાં રાજકીય હલચલ વચ્ચે આમ આદમી પાર્ટીને વધુ મજબૂતી મળી છે. કામની રાજનીતિ અને જનહિતના મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને કાર્ય કરતી પાર્ટીમાં દિવસેને દિવસે વિવિધ વર્ગોના લોકો જોડાઈ રહ્યા છે. ભાજપ અને કોંગ્રેસ જેવા પરંપરાગત પક્ષો ઉપરાંત હવે સામાજિક કાર્યકરો અને સામાન્ય નાગરિકો પણ પાર્ટી તરફ આકર્ષાઈ રહ્યા છે. આજે આમ આદમી પાર્ટીના નેતા અને ખેડૂત આગેવાન સાગર રબારીની આગેવાનીમાં એક ખાસ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન અનેક જાણીતા સામાજિક કાર્યકરો આમ આદમી પાર્ટીમાં સત્તાવાર રીતે જોડાયા હતા. સામાજિક કાર્યકરોમાં કાંતિભાઈ નકુમ, એડવોકેટ કનુભાઈ, મનીષાબેન મહેરિયા, રોશનભાઈ જગદીશભાઈ અને જગદીશભાઈ મકવાણા સહિતના આગેવાનોનો સમાવેશ થાય છે.

### વિધાનસભામાં ખેડૂતો અને માછીમારોના પ્રશ્નો ઉઠાવતા AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા

અમદાવાદ | આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે તેમણે આજે વિધાનસભામાં પોતાના મતવિસ્તાર તેમજ સમગ્ર ગુજરાતના ખેડૂતોને લગતા અગત્યના પ્રશ્નો ઉઠાવ્યા હતા. જેમાં ટેકાના ભાવે ખરીદી અંગે પ્રશ્ન પૂછતા તેમણે સરકારને પૂછ્યું કે મગફળી, સોયાબીન અને ચણાને ટેકાના ભાવે વેચવા માટે કેટલા ખેડૂતોએ નોંધણી કરાવી, તેમાંથી કેટલાએ વાસ્તવમાં પાક વેચ્યો અને કેટલાના ચૂકવણાં બાકી છે. સરકાર તરફથી મળેલા જવાબ મુજબ અનેક ખેડૂતોના ચુકવણાં હજુ બાકી છે. ઈટાલિયાએ આક્ષેપ કર્યો કે માત્ર જૂનાગઢ જિલ્લામાં જ અંદાજે 30થી 35 હજાર ખેડૂતોને છેલ્લા બે મહિનાથી ચૂકવણાં મળ્યાં નથી. તેમણે જણાવ્યું કે સરકાર 100 ટકા પાક ખરીદતી નથી. ખેડૂતના ખેતરમાં 1000 મણ ઉત્પાદન થાય તો માત્ર 10થી 20 ટકા જ ખરીદે છે.

### સમાજના દબાણ બાદ સરકાર સુધારા માટે તૈયાર,એસપીજી સહિત વિવિધ સંગઠનોને અભિનંદન : ગોપાલ ઈટાલિયા

અમદાવાદ | આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર લગ્ન નોંધણી અધિનિયમમાં સુધારા કરવા જઈ રહી છે અને તે માટે જનતા પાસેથી સૂચનો તથા વાંધાઓ મંગાવ્યા છે. તેમણે કહ્યું કે લગ્ન નોંધણી કાયદાનો દુરુપયોગ કરીને કેટલીક ઘટનાઓમાં દીકરીઓને ખોટી રીતે હેરાન, ડરાવી-ધમકાવી અથવા છેતરપીંડી કરીને તેમનું જીવન બરબાદ કરવાની ઘટનાઓ સામે આવી છે. સમાજના વિવિધ વર્ગો અને સંસ્થાઓએ આ મુદ્દે અવાજ ઉઠાવ્યો હતો. ખાસ કરીને એસપીજી દ્વારા આ સમસ્યાને પ્રાથમિક સ્તરે ઉજાગર કરવામાં આવી હતી અને ઉત્તર ગુજરાત સહિત વિવિધ વિસ્તારોમાં કાર્યક્રમો યોજાયા હતા. ઈટાલિયાએ જણાવ્યું કે સમાજના દબાણ અને માંગણીને પગલે સરકાર સુધારા માટે તૈયાર થઈ છે, જે સકારાત્મક બાબત છે.

### 1.27 લાખ અરજીઓ સામે ફક્ત 200 લોકોને જ 100 દિવસની રોજગારી મળી: ચૈતર વસાવા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ વિધાનસભા ખાતે એક પત્રકાર પરિષદમાં પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે વિધાનસભા ગૃહમાં મનરેગા યોજના મુદ્દે મારો સવાલ હતો કે છેલ્લા બે વર્ષમાં નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં કેટલા લોકોએ મનરેગા યોજના અંતર્ગત રોજગારીની માંગ કરી. ત્યારે જવાબમાં સરકારે કહ્યું કે નર્મદા જિલ્લામાં 1,27,302 લોકોએ રોજગારીની માંગ કરી. છોટાઉદેપુરમાં 1,17,900 લોકોએ રોજગારીની માંગ કરી. તેની સામે સરકારે નર્મદા જિલ્લામાં માત્ર 46,33,817 માનવ દિવસની રોજગારી પૂરી પાડી, જે દરેક પરિવાર દીઠ બે વર્ષમાં 36 દિવસ સરેરાશ રોજગારી થાય છે, મતલબ કે વર્ષના 18 દિવસની રોજગારી. એવી જ રીતે છોટાઉદેપુરમાં 30,65,920 માનવ દિવસની રોજગારી પૂરી પાડી.

## જૂનાગઢના મહાશિવરાત્રી મેળા બાદ તંત્ર દ્વારા ભવનાથમાં મહા સફાઈ અભિયાન સંપન્ન કરાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૦. જૂનાગઢના ભવનાથના મહાશિવરાત્રીના મેળામાં 20 થી 25 લાખ ભાવિકો સહભાગી થયા હતા.લોકોની ભારે ભીડ તેમજ સંસ્થાકીય વિવિધ ચીજ વસ્તુ ઓના વપરાશને લીધે ગંદકી ના થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહાનગરપાલિકા અને યાત્રાધામ બોર્ડના સંકલનથી સફાઈનું મહા અભિયાન મેળાના પ્રથમ દિવસથી જ શરૂ કરવામાં આવ્યું હતું. મેળો પૂર્ણ થયા બાદ ભાવિકો રવાના થતા ખાલી થયેલા ભવનાથ વિસ્તારમાં જુદા જુદા ઝોન પાડીને મોટા પાયે સફાઈ કાર્ય સંપન્ન કરવામાં આવ્યું છે જેને કારણે આજે ભવનાથ ચોખ્ખું થઈ ગયું છે.ભવનાથ વિસ્તારમાંથી પ્લાસ્ટિકનો પણ નિકાલ કરાયો છે.કલેક્ટરશ્રી અનિલ કુમાર રાણાવસિયાના માર્ગદર્શન અને મ્યુનિસિપલ કમિશનરશ્રી તેજસ પરમારના સંકલનમાં મહાનગર પાલિકાની ટીમે સફળતાપૂર્વક સફાઈ કાર્ય કર્યું છે જેનું અધિકારીઓએ પણ નિરીક્ષણ કર્યું હતું. રાઉન્ડ ધ ક્લોક સફાઈ વ્યવસ્થા કરવામાં આવી હતી.૬૨૫ કિલો જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. ૧૭૫ સફાઈ કામદારો અને ૧૩ સેનેટરી ઈન્સ્પેક્ટર ની સેવા લેવામાં આવી હતી. દામોદર કુંડ ખાતે નિયમીત સફાઈ ની કામગીરી તથા કચરો ઉપડાવવામાં આવેલ છે. ભવનાથ વિસ્તારમાં આવેલ તમામ ઉતારા, અન્નક્ષેત્રો, જગ્યાઓ, રહેણાકો, વિગેરેમાંથી નીયમીત ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરવામાં આવેલ છે. ૨૦ મોબાઈલ ભવનાથ વિસ્તાર તથા પાર્કીંગોમાં ખુલ્લામાં શૌચક્રિયા નીયંત્રણ માટે ટોઈલેટવાન, ૮ જાહેર શૌચાલય, ૨-પેએન્ડ યુઝ અને સમાજ વાડી ધાર્મીક જગ્યાના ૨૫૨૨ શૌચાલયો કાર્યરત કરાયા હતા.

### નર્મદા પરિક્રમા નું વિદેશી યાત્રીઓને પણ ઘેલું લાગ્યું

#### રેવા કાંઠા ની ગ્રામ્ય સંસ્કૃતિ અને લોકજીવન થી પ્રભાવિત

રાજપીપલા | નર્મદા નદી ની પરિક્રમા ભારતીયો તો કરે છે પણ તેની ખ્યાતિ સાંભળી વિદેશીઓ પણ હવે નર્મદા પરિક્રમા માટે આવે છે . પ્રાપ્ત માહિતી મુજબ સમગ્ર દેશમાં એકમાત્ર નર્મદા નદી ની પરિક્રમા થાય છે અને દરવર્ષે હજારો લોકો નર્મદા ની બંને કિનારા ની પૂર્ણ પરિક્રમા કરતા હોય છે . ત્યારે ભલે પૂર્ણ નહિ તો ' મીની પરિક્રમા 'માટે હાલ કેટલાક વિદેશીઓ નર્મદા ના બંને કિનારા ખૂંદી રહ્યા છે . નર્મદા ના રાજપીપલા ની સામેના કિનારા ના ભંડારેશ્વર , કોટેશ્વર , મંગલેશ્વર ,સીતારામ આશ્રમ વગેરે મંદિરો અને આશ્રમો નું આતિથ્ય માણી નર્મદા કિનારાના ગામો ના લોકો ને મળી લોકજીવન નો અનુભવ લેછે . અને આતિથ્ય માણે છે . ગ્રામજનો પણ આ વિદેશીઓ ને કુતુહલ થી જુવે છે.

### દેશલપર (ગુંતલી)ના વડીલ જન્નતના સફરે_ જીએજા અલીમામદ પનાની વિદાયથી ગામ શોકમગ્ન!

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કુદરતનો ક્રમ અટળ છે, પણ અમુક વિદાય એવી હોય છે જે આખા ગામના હૃદયને ચીરી નાખે છે. નખત્રાણા તાલુકાના દેશલપર (ગું) ગામના હાલે લુણા મોટા રહેતા જીએજા અલીમામદ પના અવસાનથી સમગ્ર મથકમાં શોકની કાળી સહેલી ઉતરી આવી છે. ગામના આદરણીય અને નેક દિલ વ્યક્તિ, જીએજા અલી મામદ પિનાના ઈન્તિકાલના (અવસાન) સમાચારથી આખું ગામ સ્તબ્ધ છે.જીએજા અલી મામદ પના માત્ર એક વ્યક્તિ નહોતા, એક વડીલ અને માર્ગદર્શક હતા. તેમની સાદગી, તેમનો મળતાવડો સ્વભાવ અને દરેકના સુખ-દુઃખમાં સહભાગી થવાની તેમની રીત આજે સૌની આંખોમાં આંસુ લાવી રહી છે. અબ્દુલ રહેમાનના પિતા તરીકે તેઓએ જે સંસ્કારોનું સિંચન કર્યું, તેની સુવાસ હંમેશા આ વિસ્તારમાં રહેશે.

## ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેએ સીમાલુગુરી-મરાનહાટ સેક્શન પર વળાંક ફરીથી ગોઠવવાનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું





માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેએ તિન્સુકિયા ડિવિઝનના સીમાલુગુરી અને મરાનહાટ સેક્શનમાં કાયમી ગતિ પ્રતિબંધો (PSRs) દૂર કરવા માટે એક મુખ્ય વળાંક ફરીથી ગોઠવવાનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. આ કાર્ય રેલ માળખાને મજબૂત બનાવવા અને સેક્શન પર કાર્યકારી કાર્યક્ષમતા વધારવામાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

આ પ્રોજેક્ટ એક પડકારજનક એન્જિનિયરિંગ કાર્ય હતું, જે એન્જિનિયરિંગ, ઓપરેટિંગ અને ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન (TRD) વિભાગો વચ્ચે ઉત્તમ સંકલનને કારણે ટ્રાફિક બ્લોક દરમિયાન સરળતાથી પૂર્ણ થયું. હાલના 4-ડિગ્રી વળાંકને ફરીથી ગોઠવવામાં આવ્યો હતો અને નવા નાખેલા 2-ડિગ્રી વળાંક સાથે જોડવામાં આવ્યો હતો. ફરીથી ગોઠવાયેલા સેક્શન પર અવિરત ઈલેક્ટ્રિક ટ્રેક્શન કામગીરી સુનિશ્ચિત કરવા માટે નવા ઓવરહેડ સાધનો (OHE) વાયર અને માસ્ટ પણ સ્થાપિત કરવામાં આવ્યા હતા.

અગાઉ, આ સેક્શનમાં 4-ડિગ્રી વળાંક સાથે 400-મીટર લાંબો વળાંક હતો. નવા સંરેખણ હેઠળ, નવા વિકસિત માળખાના આશરે 650 મીટર પર 2-ડિગ્રી વળાંક સાથે 660-મીટર લાંબો વળાંક નાખવામાં આવ્યો છે. ફરીથી ગોઠવણી દરમિયાન મહત્તમ સ્લ્યુ 27.77 મીટર હતો, જે એન્જિનિયરિંગ કાર્યના સ્કેલ અને ચોકસાઈ દર્શાવે છે.

માળખાગત સુધારાના ભાગ રૂપે, નવા બાંધવામાં આવેલા સંરેખણ પર 4 મીટર x 4 મીટર સ્પાન અને કુલ 10.2 મીટર લંબાઈ સાથે એક નવો પુલ નંબર 31 પણ બનાવવામાં આવ્યો છે.

### ફ્રેન્ડ્સ ઓફ કેટલ સ્લોગન સાથે મહાનગર પાલિકા,જૂનાગઢ સંચાલિત ગૌશાળાને શ્રી ચસભાઈ ભાલારાના જન્મદિન નિમિતે રૂ.૧,૧૧૧/-નું રોકડ દાન.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૦. મહાનગરપાલિકા, જૂનાગઢના માન.કમિશ્નરશ્રી તેજસ પરમાર ની સુચના મુજબ માનાયબ કમિશ્નરશ્રી ડી.જે.જાડેજા તથા જયેશ પી.વાજા દ્વારા જૂનાગઢ મહાનગરપાલિકાના હદ વિસ્તાર માંથી રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા પ્રયાસો ચાલુ હશે પરંતુ નક્કર પરિણામ હજુ લાવી શક્યા નથી તેમ લોક ચર્ચા થાય છે. તેમજ જાહેરમાં ઘાસચારો વેચવા અથવા નાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ હોવાથી જાહેરમાં અનધિકૃત ઘાસચારો વેચતા ઈસમોને પકડવા માટેની પણ સતત કાર્યવાહી કાર્યરત છે.જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી રખડતા ભટકતા ગૌવંશને પકડી મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળામાં રાખવામાં આવે છે.

### જૂનાગઢ ખાતે પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓની રીસર્ચ એડવાઈઝરી કમીટીની ૧૯ વિષયોની બેઠકો યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૦. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ.નાં શોધકાર્ય સાથે સંધાન કરતા શોધસ્કોલર્સ એટલે કે પી.એચ.ડી.નાં વિદ્યાર્થીઓની રીસર્ચ એડવાઈઝરી કમીટીની ૧૯ વિષયોની બેઠકો વિષય નિષ્ણાંતોની ઉપસ્થિતીમાં યોજાઇ હતી. સંસ્કૃત, ઈકોનોમિક્સ ગુજરાતી, હિન્દી, ફિજીયોલોજી, લાયબ્રેરી અને ઈન્ફોર્મેશન સાયન્સ, ઈતિહાસ, કાયદાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, કોમર્સ અને એકાઉન્ટન્સી, અંગ્રેજી, ફીજીકલ એજ્યુકેશન, કોમ્પ્યુટર સાયન્સ, રસાયણશાસ્ત્ર, એજ્યુકેશન, બોટની, માઈક્રોબાયોલોજી, ઝુઓલોજી, વાઈલ્ડ લાઈફ સાયન્સ, સહિત ૧૯ જેટલા વિવિધ વિષયો પર સંશોધકોને તેમના પ્રોજેક્ટ્સમાં વૈજ્ઞાનિક સલાહ અને દિશા-નિર્દેશ પૂરા પાડ્યા હતા. તેમજ સંશોધનની પ્રગતિની સમીક્ષા કકરી હતી.

### જલારામ ભક્તિધામ મંદિર, જૂનાગઢ ખાતે છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતીની ઉજવણી કરતું જૂનાગઢનું ગિરનારી ગ્રુપ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા. ૨૦. જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત યાદીમાં જણાવવામાં આવેલ છે કે, ઝાંઝરડા ચોકડી પાસે આવેલ, જલારામ ભક્તિ ધામ મંદિર ખાતે આ મંદિરના સહયોગથી છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતી પ્રજ્ઞાચક્ષુ બાળકો સાથે ભાવપૂર્વક ઉજવવામાં આવી હતી. છત્રપતિ શિવાજી મહારાજ ભારતના વિખ્યાત શૂરવીર, સ્વરાજ્યના સ્થાપક અને પ્રજાહિતકારી શાસક હતા. તેમણે હંમેશા સ્ત્રી સન્માન, ધર્મસહિષ્ણુતા અને પ્રજાની સુરક્ષા જેવા ઉચ્ચ આદર્શોને જીવનમાં ઉતાર્યા હતા. આ અવસરે ગિરનારી ગ્રુપના દિનેશભાઈ રામાણી, સમીરભાઈ દવે, ચિરાગભાઈ કોરડે, સેજપાલભાઈ, દોશીભાઈ, નિલેશભાઈ સહિતના સભ્યશ્રીઓ દ્વારા બાળકોને પ્રેરણાદાયક વક્તવ્ય, પ્રસાદ વિતરણ અને રાષ્ટ્રપ્રેમના સંદેશ સાથે શિવાજી મહારાજના જીવનચરિત્રનો પરિચય આપવામાં આવ્યો હતો. આવા મહાન વિભૂતિના જીવનમાંથી યુવા પેઢી પ્રેરણા લે અને રાષ્ટ્રસેવાના માર્ગે આગળ વધે એ જ એમને સાચી શ્રદ્ધાંજલિ છે. તેમ યાદીના અંતે જણાવેલ હતું.

### જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા માંગરોળમાં ભરતીમેળો સંપન્ન : ૩૫ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા. ૨૦ જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા શ્રી વિવેકાનંદ વિધાલય શાળા કેમ્પસ, ટાવર ગ્રાઉન્ડ, અમૃતબાગ પાસે, માંગરોળ ખાતે નોકરીદાતાઓ તથા રોજગારવાચ્છું વચ્ચે સેતુરૂપ બનવાના આશ્રયથી ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ ભરતીમેળામાં મંગરોળ, માળીયા હાટીના તથા કેશોદ તાલુકાના ૧૫૦૦ થી વધુ ઉમેદવારોને ઈ-મેઈલ અને સોશિયલ મિડિયા ના જુદા-જુદા માધ્યમથી ઈન્ટરવ્યું પ્રક્રિયા માટે બોલાવવામાં આવ્યા હતા. જેમાંથી કુલ ૫૪ ઉમેદવારો હાજર રહયા હતા. આ ભરતીમેળામાં સ્થાનિક નોકરીદાતા ડો.એ.કે. હોસ્પિટલ-માંગરોળ, રિલાયંસ નિપ્પોન લાઈફ ઈન્સ્યુરંસ કંપની -જૂનાગઢ, એચઆર.ટેલેન્ટ સોલ્યુશન પ્રા.લી. અમદાવાદ તરફથી નોકરીદાતા/પ્રતિનિધિ ઉપસ્થિત રહયા હતા. તેમના એકમ/સંસ્થા ખાતે ખાલી જગ્યા માટેની જોબ પ્રોફાઈલ વિશે ઉમેદવારોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ આ નોકરીદાતાઓ દ્વારા ઉમેદવારો માટે ઈન્ટરવ્યું પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ઉપસથિત રહેલ પૈકિ ૩૫ જેટલા ઉમેદવારોના શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, અનુભવ તથા આવડતના આધારે રોજગાર વાંચ્છુંઓની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.

### જૂનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા.૧૯ માર્ચ સુધી હથિયારબંધી આદેશ જારી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૦ જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત કરેલ હોય તે મુજબ જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બી.એસ.બારડ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.આ જાહેરનામા મુજબ સમગ્ર જિલ્લામાં શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહિ. પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા,એકઠા કરવા તથા તૈયાર કરવા નહિ.વ્યક્તિઓ અથવા શબ અથવા આકૃતિઓ વાળા પૂતળા દેખાડવા નહિ. અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભસ્ત સૂત્રો પોકારવા નહિ. અસ્લીલ ગીતો ગાવા નહિ. જેનાથી સુરૂચીનો શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ,તેવા હાવ ભાવ કરવા નહિ,તેવી ચેષ્ટા કરવી નહિ તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદ્રથ અથવા વસ્તુઓ કરવી નહિ. આ હુકમ સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

### જૂનાગઢમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા યોજાનાર SSC અને HSC(વિ.પ્ર./સા.પ્ર.)ની પરીક્ષા સંદર્ભે પ્રતિબંધાત્મીક આદેશો જારી કરાયા

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૨૦ જૂનાગઢમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા યોજાનાર SSC અને HSC(વિ.પ્ર./સા.પ્ર.)ની પરીક્ષા ૨૬/૦૨/૨૦૨૬ થી ૧૮/૦૩/૨૦૨૬ સુધી યોજાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષાર્થીઓ કોઈપણ જાતના ભય વગર શાંત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તથા પરિક્ષા ચોરીને ડામી શકાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી બી.એસ.બારડ દ્વારા સવારના ૯-૦૦ થી સાંજના ૦૭-૩૦ કલાક સુધી પરીક્ષા પ્રક્રિયા દરમિયાન નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધીત જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ છે. આ પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટર વીસ્તારનાં કોઈપણ માર્ગ ઉપર કે ચોકમાં ગલીઓમાં પાંચ કરતા વધારે લોકોએ એકઠાં થવું નહિં, સરઘસો કાઢવા નહીં, તેમજ સુત્રો પોકારવા નહીં,પરીક્ષા કેન્દ્રાની આસપાસનાં ૧૦૦ મીટરના વિસ્તાવરમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વયવસાય કરતા-ઝેરોક્ષ મશીનો ધરાવતા ધંધાર્થીઓ -મશીન ધારકો એ તેમના કોપીંગ મશીન ચલાવવા નહીં કે કોઈપણ પત્રો, દસ્તાવેજો કાગળોની નકલો કાઢવી નહીં.

### જૂનાગઢ જિલ્લામાં તા. ૦૬ માર્ચ સુધી મંજુરી વગર સભા સરઘસ યોજી શકાશે નહીં

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૦, જૂનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર વગર પરવાનગી એ કઈ સભા સરઘસ કાઢી શકાશે નહીં તે માટે જાહેરનામુ પ્રસિદ્ધ થવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત રજૂ થતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી. એસ. બારડ દ્વારા તેમને મળેલ સત્તાની રૂએ કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિની જાળવણી સારું મંજુરી વગર જૂનાગઢ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં સભા સરઘસ યોજી શકાશે નહીં તેવુ મનાઈ હુકમ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં તાત્કાલીક અસર થી તા. ૦૬/૦૩/૨૦૨૬ સુધી પરવાનગી વગર કોઈપણ સભા સરઘસ યોજી શકશે નહીં. આ જાહેરનામુ ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક મંડળીઓ, સરકારી નોકરીએ જતા કે અવર-જવર કરતા વ્યક્તિઓ, કોઈ લગ્નના વરઘોડો, સ્મશાન યાત્રા કે તેમાં જોડાનાર વ્યક્તિઓને, કે સક્ષમ અધિકારીએ કાયદેસર પરવાનગી આપી હોય તેવા વ્યક્તિઓને આ પ્રતિબંધાત્મક આદેશ લાગુ પડશે નહીં.

### ચાણસ્મા સિનેમાં રોડ પર આવેલ રામદેવપીર મંદિરનો છઠ્ઠો પાટોત્સવ નિમિત્તે હવન કરાયો

નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા ખાતે ખોડિયાર માતાજીના મંદિર નજીક રેલવે સ્ટેશન રોડ પર અષ્ટવિનાયક સોસાયટી સામે આવેલા શ્રી રામદેવપીર મંદિરનાં છઠ્ઠા પાટોત્સવની ધામધુમથી ઉજવણી કરાઈ હતી પાટોત્સવ નિમિત્તે હવન યોજાયો હતો યજ્ઞના યજમાનપદે ચમનભાઈ વિરચંદદાસ બિરાજમાન થઈ. ધન્યતા અનુભવી હતી સવારથી અલખ ધણી રામદેવપીર મહારાજના દર્શનાર્થે ભકતોની ભીડ જામી હતી ઉલ્લેખનીય છે કે માસની અજવાળી બીજે રામાપીરના મંદિરે દાતાઓના સહયોગથી ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે રામદેવપીર ના મંદિર નો જીર્ણોદ્ધાર થયો ત્યારથી વયોવૃદ્ધ સેવક લીલા ભા.રાવળ સહિત રામદેવપીર મંડળના વડીલો યથાયોગ્ય તન મન ધનથી સેવા આપી પોતાના જીવનને ધન્ય બનાવે છે.

# માતૃભાષા દિવસ નિમિત્તે ભારતમાં બોલતી"ભાષા અને માતૃભાષા" વિશે જેટલું લખાય એટલું ઓછું...

બોલતા આવડ્યું ત્યારે ભાષાની સમજ નહતી,
બોલતા શીખ્યો ત્યારે સમજાયું કે માતૃભાષા શું?

માતૃભાષા દિવસ નિમિત્તે ભારતમાં બોલતી"ભાષા અને માતૃભાષા" વિશે જેટલું લખાય એટલું ઓછું છે, કેમ? કલાકો ના અંતરે લોકોની બોલવાની સ્ટાઇલ માં તળપદી શબ્દો ની છાંટ આવી જતી હોય છે.અમદાવાદી ભાષા માં હિન્દી અને ઉર્દૂ શબ્દો નું મિશ્રણ જોવા મળે છે અમદાવાદ ની ગુજરાતી માં તળપદી લહેંકો,ટુંક શબ્દો નો ઉપયોગ અને મિશ્ર ભાષા નો ઉપયોગ જોવા મળે છે. ભારતમાં કુલ મુખ્ય ભાષા ૧૨૧ બોલાય છે ને ૨૭૦ થી વધારે માતૃભાષા મતલબ એકલા ભારતમાં જ કુલ ૧૯૫૬૯ ભાષા બોલાય છે. ભારત માં ગુજરાતી, બંગાળી, મરાઠી, બંગાળી,તમિલ વગેરે વગેરે મુખ્ય ભાષાઓ છે. આમ તો ભારત ભર માં હિન્દી ભાષા બાદ બંગાળી અને મરાઠી ભાષા વધારે બોલાય છે પરંતુ ભારત એ વિવિધ પ્રકારની સંસ્કૃતિ અને ભાષાઓ ધરાવતો "આકાશી નવરંગી ઈન્દ્ર ધનુષ" સમાન દેશ છે જ્યાં ભાષા સાથે સભ્યતા અને વિવિધ પ્રકાર ભોજન શૈલી નું પણ આગવું આકર્ષણ છે.ભલે ભારત માં વસ્તા લોકોની ભાષા અલગ અલગ છે પણ મુશ્કેલી ના સમય માં "હમ સબ ભારતીય હૈ" ની ભાવના પ્રત્યેક ભારતીયો ઓમાં છે.

ભલે ગમે તેટલો ઊંચો ઊડું પણ "હું ગુજરાતી"
ખમીરવંતી ભાષા માં સિંહ ને પણ હાંફવું નાખું,
"કટીંગ ચા"શબ્દ ચા ની ટપરી એજ સંભળાશે,
તમાકુ ને "માવો" કહેવાનો રિવાજ ગુજરાતમાં,

વાસ્તવિકતા તો એ છે કે વિશ્વભરની કુલ ભાષા ની ગણતરી કરવા બેઠશો તો "માતૃભાષા અને ભાષા" નો સાચો આંકડો મળશે નહી,કેમ? વિશ્વ માં બધેય ભારત ની માફક જ મૂળ ભાષા સાથે અન્ય ભાષા પણ વધારે બોલતી હોય છે. ગામડા કે નાના શહેરો, ખાસ સમુદાય માં તળપદી ભાષા વધારે બોલાતી હોય છે જેમકે ગુજરાત ના મોટા શહેર અને ગામડાઓ માં "માતૃભાષા ગુજરાતી"ના વિવિધ શેડ સાંભળવા મળશે. સુરત માં બોલતી ગુજરાતી માં શબ્દો ના અંતે ચ અથવા લો/લે,ને, ની અને મેલ ફીમેલ માટે પોયરો પોયરી શબ્દ નો ઉપયોગ વધારે થાય છે. ઉતર ગુજરાત માં મહેસાણા,પાટણ વગેરે માં ળ ને બદલે ર નો ઉપયોગ થાય છે ને બોલવાના હે/શે નો ઉપયોગ વધારે થાય છે. શ ના બદલે હ અને ક નો ચ બોલાય એટલે "કેમ નું છે?" ને બદલે "કેમ નું ચમ" બોલાય છે.પૂર્વ ગુજરાત માં આદિવાસી વિસ્તાર વધારે હોવાથી એના મુખ્ય શહેરો વડોદરા, દાહોદ,છોટા ઉદેપુર વગેરે માં રાઠવી, ભીલી,કોંકણી મિશ્રિત ગુજરાતી ભાષા બોલાય છે. પશ્ચિમ ગુજરાત માં સોરઠી,હાલારી,કચ્છી અને ગોહિલવાડી ગુજરાતી ભાષા બોલાય છે. સામન્ય રીતે સૌરાષ્ટ્ર માં "જવું છે" ને બદલે જવું સે.." હેંડ ને હવે.." બોલાઈ છે.કવિ ઉમાશંકર જોશી એ માતૃભાષા ને માતા નો દરજ્જો આપતા લખ્યું છે કે

સદા સૌમ્ય થી વૈભવે ઉભરાતી,
મળી માતૃભાષા મને ગુજરાતી,
મારું ગૌરવ અને મારી ઓળખ "હું ગુજરાતી"

મારી માતૃભાષા ને કારણે છે. ભલે ને ગમે તેટલા જીભ પર વિદેશી આવરણ ચડાવી લઈએ પણ વાત કરવાનો તમારો લહેકો તમને મિનિટ માં ક્યાં સ્ટેટ કે દેશ માંથી છો એ સાબિત કરી દેશે. આજ થી લગભગ વીસ વર્ષ પહેલા ભાવનગર થી અમદાવાદ સ્થાયી થવાનું થયું ત્યારે મારી આસપાસ રહેતા લોકો મારી શુદ્ધ ભાવનગરી ભાષા "જવું સે,ખાવું સે, સા પીવો સે,ગામ માં જાવુસે..તમે બધીયું મારી હગી નથ થાતિયું.." વગેરે માં સાંભળી ને હસતા હતા. થોડા સમય બાદ અમદાવાદ ની હવા લગતા આપણે પણ ટીપટોપ અમદાવાદ તન મન થી અપનાવી તો લીધું હતું પરંતુ વીસ વર્ષ બાદ પણ અમદાવાદી ભાષા બોલવા છતાંય લોકો મને પૂછે છે કે બુન,તમે સૌરાષ્ટ્ર ના લાગો છો.પૂછો કે કેવી રીતે ઓળખી લીધી? બોલવાની આદત "ભાવનગરી" છે એટલે.ઉમાશંકર જોશી, વિનોદ જોશી,ખલીલ ધનતજવી વગેરે જેવા ફેમસ કવિઓ એ "માતૃભાષા" ની સરખામણી જનની સાથે કરી છે.ફેમસ કવિ ખલીલ ધન તજવી ની માતૃભાષા વિશેની કાવ્ય પંક્તિ:

વાત મારી જેને સમજાતી નથી,
એ ગમે તે હોય ગુજરાતી નથી,



વિશ્વ માતૃભાષા દિવસ
- રુપાલી દવે

માતૃભાષા એટલે જન્મ બાદ બાળક ના મુખે થી માતા ને સંબોધી ને થતું પ્રથમ ઉચ્ચારણ "મા,આઈ,મોમ, અમ્મા, બા વગેરે છે. પ્રથમ શબ્દ "મા કે બા,આઈ વગેરે"બોલ્યા બાદ બાળક બીજા શબ્દો પાપા,ભાઈ,દીદી,કાકા,મામા વગેરે સાથે વાક્યો બોલવા લાગે છે. "માઁ" ઉચ્ચારણ માં એવી તાકાત હોય છે ને કે માઁ બોલ્યા બાદ બાળક ને વાક્યો બોલતા શીખવવું પડતું નથી.વિશ્વની પ્રત્યેક ભાષા ની જનની સંસ્કૃત ભાષા છે એ સાયન્સ એ સાબિત કર્યું છે. આ કારણોસર તો ગુજરાતી કે વિશ્વના અન્ય ખૂણે જન્મેલ બાળક પણ દેશ દુનિયા અને સમુદાયની ભાષા ઝડપથી શીખી જાય છે.

કક્કા બારાક્ષરી ની રમત માં ખૂબ ફસાયા,
ક ને કઈ નહી ક થાય ક ને એક માતર કે,
ર ને રમકડા નો ર કીધો તો ક ને કમલ કેમ?
ગ ને ગધેડા નો ગ કેમ? ચ ને ચકલી નો ચ,
પુસ્તક ના "ભાર" માં માતૃભાષા ગુમ થઈ,
અશ્ક,એટલે તો "અંગ્રેજી" એ ભૂલાવ્યું ભાન.

વિશ્વ માતૃભાષા દિવસ ની વાત આવે ત્યારે વિશ્વ માં બધેય બોલાતી અને સમજાતી અંગ્રેજી ભાષા વિશે તો લખવું જ પડે. અંગ્રેજી ભાષા માં પણ વૈવિધ્ય જોવા મળે છે અમેરિકન ઇંગ્લીશ અને ઈંગ્લેન્ડ ના ઈંગ્લિશ વચ્ચે જમીન આસમાન નો ફર્ક છે.ઈંગ્લેન્ડ ના નાના પરગણા અને ગરીબ અશિક્ષિત સમાજ વ્યાકરણ ની ભૂલ ભરેલ તળપદી અંગ્રેજી ભાષા બોલતા હોય છે.અંગ્રેજી લેખક બર્નાર્ડ શોનું પ્રખ્યાત નાટક "પીગમેલીયન" નું કન્ટેન્ટ ભાષા ની માતૃભાષા ની શુદ્ધિ પર છે. જેના પરથી અંગ્રેજી ફિલ્મ "માય ફેર લેડી",હિન્દી ફિલ્મ "દેશ પરદેશ",ગુજરાતી ફિલ્મ "રૂપાલી દાતણ વાળી" વગેરે બની છે.આ નાટક માં ભાષા ના પ્રભાવ પર ખાસ કટાક્ષ વાળા સંવાદો લખવા માં આવ્યા છે.નાટકની નાયિકા ફૂલ વેંચવા વાળી એલિઝાબેથ ડુલિટલ છે જેની બોલવા ની સ્ટાઇલ, હાવભાવ વિચિત્ર હોય છે અને એની ભાષા એકદમ તળપદી હોય છે. ભાષા શાસ્ત્રી હેનરી હિગિન્સ એના મિત્ર આગળ શર્ત લગાવે છે કે એ સામન્ય ફૂલ વાળી એલિઝા ડુલિટલ ભાષાકીય ઉચ્ચારણ અને વર્તન સુધારી ને ઉચ્ચ સોસાયટી ની પાર્ટી માં "ડચેસ" બનાવી ને રજૂ કરશે. નાટક ના અંત માં હેનરી હિગિન્સ એના મિત્ર આગળ શર્ત તો જીતી જાય છે પણ ફૂલવાળી એલિઝાબેથ ડુલિટલ ની જન્મ જાત ખાસ બોલવાની સ્ટાઈલ અને નાદાન હાવભાવ પર દિલ હારી જાય છે.આ નાટક પરથી બનેલ વિવિધ ભાષા ની ફિલ્મો સુપર હિટ રહી છે,કેમ? માતૃભાષા માં થતી નાની રકઝક કોને જોવી સાંભળવી ન ગમે? ફિલ્મો એ મનોરંજન સાથે ભાષા ની આંટીઘૂંટી પણ પ્રેક્ષકો ને પીરસે છે. જર્મન ભાષા શીખનાર મોટાભાગના લોકો માટે "દાસ બૂટ, દાસ લેબન એન્ડેરેન,ગુડ બાય લેનિન વગેરે વગેરે ફિલ્મો એ સંવાદ અને ઐતિહાસિક સંદર્ભ સમજી શકાય એટલે જોતા હોય છે.

"માતૃ ભાષા દિવસ" ની ઉજવણી કરવાનો નિર્ણય યુનેસ્કો એ ૧૭નવેમ્બર ૧૯૯૯ના દિવસે કર્યો હતો. વિધિવત રીતે વિશ્વ એ ૨૧ફેબ્રુઆરી ૨૦૦૦ માં માતૃભાષા દિવસ ની ઉજવણી કરવાની શરૂઆત કરી હતી. વિશ્વમાં બધેય ૨૧ફેબ્રુઆરીના દિવસે"માતૃભાષા દિવસ" શું કામ ઉજવાય છે? આની પાછળ બાંગ્લાદેશ ની બંગાળી ભાષા કેન્દ્ર માં છે. જ્યારે બાંગ્લાદેશ એ પાકિસ્તાન નો હિસ્સો હતો ત્યારે બાંગ્લાદેશી લોકો ને "બંગાળી ભાષા" બોલવા પર પ્રતિબંધ હતો. માતૃભાષા બોલવા ના અધિકાર માટે બાંગ્લાદેશી લોકો એ પાકિસ્તાની સરકાર સામે મોરચો માંડ્યો હતો એમાં ઘણા લોકો એ શહીદી વહોરવી પડી હતી. યુનેસ્કો એ બાંગ્લાદેશી લોકોને "બંગાળી,માતૃભાષા" બોલવાનો અધિકાર આપ્યો હતો એટલે ૨૧ ફેબ્રુઆરી ના દિવસે બાંગ્લાદેશ ના લોકો શહિદ ના મિનારા ની અવશ્ય મુલાકાત લે છે. સંયુક્ત રાષ્ટ્ર ની સામન્ય સભા એ ૧૬ મી મે ૨૦૦૭ માં ભાષા ના સંરક્ષણ માટે ખાસ ઠરાવ પસાર કર્યો હતો.આ બાદ વિશ્વમાં "માતૃભાષા" માં બોલવા,લખવા ના અધિકાર પર કાયદેસર મોહરની લાગી ગઈ છે...

અંગ્રેજી મે કહેતે હે કી "આઈ લવ યુ"
ગુજરાતી માં બોલે "તને પ્રેમ કરું છું"..

# સલીમ ખાનના રિપોર્ટ મીડિયાને આપતા સલમાન નારાજ થયો...

## ડોક્ટરોને ગોપનીયતા જાળવવા વિનંતી કરી, લોરેન્સની ધમકીઓ વચ્ચે રણવીર હોસ્પિટલમાં પહોંચ્યો



મુંબઈ | સલમાન ખાનના પિતા અને પીઢ સ્ક્રિપ્ટ રાઈટર સલીમ ખાનને માઈનોર બ્રેઈન હેમરેજ થયા બાદ વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા છે. બુધવારે લીલાવતી હોસ્પિટલના ડૉ. જલીલ પાર્કરે સલીમ ખાનના સ્વાસ્થ્ય અંગે અપડેટ આપ્યું હતું. જોકે, સલમાને હવે હોસ્પિટલના ડૉક્ટરોને તેમના પિતાના સ્વાસ્થ્ય અંગે કોઈ વધુ અપડેટ જાહેર ન કરવા સૂચના આપી છે.

ઈન્ડિયન એક્સપ્રેસમાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ, પરિવાર ઈચ્છે છે કે સલીમ ખાનના સ્વાસ્થ્ય અંગેની માહિતી ખાનગી રાખવામાં આવે. અહેવાલ મુજબ, સલમાન ખાન અને તેમનો પરિવાર હોસ્પિટલના જાહેર નિવેદનથી નારાજ હતા. પરિવારના નજીકના એક સૂત્રએ જણાવ્યું હતું કે સ્વાસ્થ્ય એક ખાનગી બાબત છે અને મીડિયા સાથેની ચર્ચા પરિવાર પર છોડી દેવી જોઈએ. પરિવારે સ્પષ્ટતા કરી છે કે અટકળો અને બિનજરૂરી ચર્ચા ટાળવા માટે કોઈ તબીબી વિગતો શેર કરવી જોઈએ નહીં.

બોલિવૂડના ઘણા સેલિબ્રિટીઝ હોસ્પિટલમાં સલીમ ખાનને મળવા આવી રહ્યા છે. લોરેન્સ ગેંગની ધમકીઓ વચ્ચે શુક્રવારે એક્ટર રણવીર સિંહ પણ લીલાવતી હોસ્પિટલમાં પહોંચ્યો હતો. પહેલા, આમિર ખાન પણ ગુરુવારે તેની ગર્લફ્રેન્ડ ગૌરી સાથે હોસ્પિટલ પહોંચ્યો હતો. આ દરમિયાન, સલમાનની ફિલ્મ ગલવાનમાં જોવા મળતી એક્ટ્રેસ ચિત્રાંગદા સિંહે સલીમ ખાનના સ્વાસ્થ્ય વિશે IANS સાથે વાત કરતા કહ્યું,-

તેમની તબિયત ઘણી સારી છે. હું તેમના સારા સ્વાસ્થ્ય માટેની કામના કરું છું. સલીમ ખાન થોડા સમય માટે ડોકટરોની દેખરેખ હેઠળ રહેશે

બુધવારે લીલાવતી હોસ્પિટલના ડોક્ટર જલીલ પાર્કરે મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે સલીમ ખાનની ડિજિટલ સબસ્ટ્રેક્શન એન્જીયોગ્રાફી (DSA) કરવામાં આવી હતી. આ કોઈ બ્રેઈન સર્જરી નથી. DSA એક હાઈ-ક્વોલિટી એક્સ-રે હોય છે. આમાં શરીરની નસોમાં થયેલા બ્લોકેજને વધુ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. તેને સેરેબ્રલ એન્જીયોગ્રાફી પણ કહેવાય છે. ડોક્ટર પાર્કરે કહ્યું હતું કે હાલમાં સલીમ ખાનને ડિસ્ચાર્જ કરવામાં આવશે નહીં. તેમને થોડા દિવસો સુધી ડોકટરોની દેખરેખ હેઠળ રાખવામાં આવશે. તેમની હાલત સ્થિર છે અને તેઓ સ્વસ્થ થઈ રહ્યા છે.

હોસ્પિટલ પ્રશાસને જણાવ્યું હતું કે સલીમ ખાનને મંગળવારે સવારે 8:30 વાગ્યે ઈમર્જન્સીમાં લાવવામાં આવ્યા હતા. તેમની સારવાર માટે ડોકટરોની એક ટીમ બનાવવામાં આવી છે. તેમાં ન્યુરોલોજિસ્ટ ડો. વિનય ચવ્હાણ, કાર્ડિયોલોજિસ્ટ ડો. અજિત મેનન, ન્યુરોસર્જન ડો. નીતિન ડાંગે અને ડો. બિનિત અહલુવાલિયાનો સમાવેશ થાય છે.

સલીમ ખાનનો જન્મ 24 નવેમ્બર, 1935ના રોજ થયો હતો અને તેઓ હાલ 90 વર્ષના છે. તેમને હિન્દી સિનેમાના સૌથી પ્રખ્યાત પટકથા લેખકોમાંના એક ગણવામાં આવે છે. સલીમ ખાને તેમની કારકિર્દીની શરૂઆત એક્ટર તરીકે કરી હતી. તેમણે 1960ના દાયકામાં ફિલ્મ 'બારાત'થી શરૂઆત કરી, પરંતુ તેમને મર્યાદિત અને નાની ભૂમિકાઓ મળી હતી. લગભગ બે ડઝન ફિલ્મોમાં કામ કર્યા પછી તેમને સમજાયું કે એક્ટિંગ તેમની સાચી શક્તિ નથી. ત્યાર બાદ તેઓ લેખન તરફ વળ્યા અને પટકથા લેખનમાં પ્રવેશ કર્યો.

# શાહિદ કપૂર બન્યો લવ ટ્રાયેંગલનો ત્રીજો એંગલ, રશ્મિકા-ક્રિતીનો લેસ્બિયન રોમાન્સ ચર્ચામાં


(એજન્સી) મુંબઈ તા.20

બોલિવૂડની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'કોકટેલ 2' ને લઈને એક નવા મોટા સમાચાર સામે આવ્યા છે જેમાં ફિલ્મની સ્ટોરી રિલીઝ પહેલા જ લીક થવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ સમાચાર અનુસાર, લીક થયેલી સ્ટોરીમાં શાહિદ કપૂર, રશ્મિકા મંદાના અને ક્રિતી સેનનના પાત્રો વિશે અસાધારણ અપડેટ સામે આવ્યું છે.

OCD Timesના રિપોર્ટ મુજબ ફિલ્મમાં રશ્મિકા મંદાના અને ક્રિતી સેનન એકબીજાને પ્રેમ કરતી લેસ્બિયન પાત્રમાં જોવા મળી શકે છે, જે આ ફિલ્મને બોલિવૂડમાં એક અલગ પ્રકારનો રોમેન્ટિક એંગલ આપશે.

જોકે આ પ્રકારની સ્ટોરી અંગે મેકર્સે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી, પરંતુ રિપોર્ટ્સ એવો જ દાવો કરી રહ્યા છે કે તેની વચ્ચેનો પ્રેમ જ ફિલ્મની સૌથી મોટી સ્ટોરી બની શકે છે. આવી સ્થિતિમાં શાહિદ કપૂરની ભૂમિકાને ત્રીજા ખૂણા તરીકે દર્શાવવામાં આવી રહી છે, જે આ પ્રેમ કહાણીની વચ્ચે આવે છે અને લવ ટ્રાયેંગલનું સ્વરૂપ લે છે.

આ લવ ટ્રાયેંગલ ફિલ્મને આધુનિક સંબંધોના વિવિધ પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ દર્શાવે છે અને પરંપરાગત રોમેન્ટિક વાર્તાઓથી અલગ કંઈક નવું રજૂ કરે છે. જોકે, જેમ કે કહેવામાં આવ્યું છે, આ આખી સ્ટોરી ફક્ત લીક થયેલા અહેવાલો પર આધારિત છે અને હાલમાં ફિલ્મની સત્તાવાર ટીમે સ્ટોરી, પાત્રો કે પ્લોટનો ખુલાસો કર્યો નથી.




જ્યાં સુધી રિલીઝ ડેટનો સવાલ છે, ફિલ્મની રિલીઝ તારીખની હજુ સુધી કોઈ ઔપચારિક જાહેરાત થઈ નથી. કેટલાક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મને સપ્ટેમ્બર 2026માં રિલીઝ કરવાની યોજના છે જેથી તે શાહિદ કપૂરની ફિલ્મ 'ઓ રોમિયો'ના લગભગ છ મહિના પછી આવે અને બંને ફિલ્મોને પોતાનો સમય અને દર્શકો મળી શકે. પરંતુ આ પણ સત્તાવાર પુષ્ટિ નથી. 'કોકટેલ 2'ની સ્ટોરીને લઈને આ દિવસોમાં મોટી રસપ્રદ ચર્ચા છે અને જો લીક થયેલી માહિતી સાચી સાબિત થાય છે તો આ બોલિવૂડમાં સંબંધોના નવા અને પ્રગતિશીલ ચિત્રણ માટે એક મહત્વપૂર્ણ ફિલ્મ સાબિત થઈ શકે છે.




# લોરેન્સ ગેંગે રણવીર સિંહ પાસેથી ₹10 કરોડ માંગ્યા હતા...!

(એજન્સી) મુંબઈ તા.20

લોરેન્સ ગેંગના સભ્ય હેરી બોક્સરે અભિનેતા રણવીર સિંહ પાસેથી 10 કરોડ રૂપિયા માંગ્યા હતા. આ માંગણી ધમકીભર્યા વોઈસ નોટ દ્વારા કરવામાં આવી હતી. વોઈસ નોટ અમેરિકાના એક ફોન નંબર પરથી રણવીર સિંહના મેનેજરના વોટ્સએપ પર મોકલવામાં આવી હતી. આ દાવો NDTVએ તેના અહેવાલમાં સૂત્રોને ટાંકીને કર્યો હતો.

સૂત્રો અનુસાર, મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે તે અમેરિકન નંબર વિશે માહિતી મેળવવા માટે અમેરિકન એજન્સીઓનો સંપર્ક કર્યો છે. પ્રાથમિક તપાસમાં વોઈસ નોટનો અવાજ હેરી બોક્સર સાથે મળતો આવતો હોવાનું જણાવાયું છે. જોકે, રણવીર સિંહને મળેલા આ ધમકીભર્યા મેસેજ પર એક્ટર તરફથી હજુ સુધી કોઈ FIR નોંધાઈ નથી.

ધ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, રણવીર સિંહને ધમકી રોહિત શેટ્ટીના ઘરે થયેલી ફાયરિંગના લગભગ એક દિવસ પછી, 2 ફેબ્રુઆરીના રોજ મળી હતી. આ સમાચારની જાણકારી 10 ફેબ્રુઆરીએ મીડિયામાં આવી. ધમકી બાદ રણવીર સિંહના ઘરની સુરક્ષા વધારવામાં આવી. આ મામલો મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવ્યો. રણવીર અને દીપિકાએ પ્રાઈવેટ સિક્યોરિટી પણ વધારી. છ હથિયારોથી સજ્જ સુરક્ષા ગાર્ડ તૈનાત કરવામાં આવ્યા.

આ પછી 13 ફેબ્રુઆરીના રોજ રણવીર સિંહ અને રોહિત શેટ્ટીને વધુ એક ધમકી ઓડિયો ક્લિપ દ્વારા મળી. ક્લિપમાં બોલનાર વ્યક્તિએ પોતાને હેરી બોક્સર ગણાવતા કહ્યું હતું કે, 'હવે અમે તમને બતાવીશું કે અમારી તાકાત સામે તમારી સાત પેઢીઓ પણ કંઈ બગાડી શકશે નહીં. તમારા બધા મેનેજર ક્યાં રહે છે, ક્યારે આવે છે- જાય છે અને પરિવાર ક્યાં રહે છે, તે બધું જ ખબર છે. સંભાળી જાઓ, નહીં તો એક-એક મેનેજરને નિશાન બનાવવાનું શરૂ કરીશું.'

ધમકીભરી આ ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર સામે આવ્યા પછી મુંબઈ પોલીસે રણવીર અને રોહિત શેટ્ટીના મેનેજરોના નિવેદન નોંધ્યા હતા.

કોણ છે હેરી બોક્સર? હેરી બોક્સરનું અસલી નામ હરીચંદ જાટ છે, જે લોરેન્સ ગેંગનો સક્રિય સભ્ય માનવામાં આવે છે. હેરી રાજસ્થાનના અલવર જિલ્લાનો રહેવાસી છે અને પહેલા જયપુરમાં બોક્સિંગ કોચ હતો, જેના કારણે તેને બોક્સર નામ મળ્યું. તેની વિરુદ્ધ રાજસ્થાન, પંજાબ અને દિલ્હીમાં ખંડણી, લૂંટ અને હત્યાના પ્રયાસના કેસ નોંધાયેલા છે.

# બોલિવૂડ એક્ટર હૃતિક રોશનને નોટિસ...


## ભ્રામક જાહેરાત કરવાનો આરોપ; ગ્રાહક કોર્ટે કોલ્ડ ડ્રિંક કંપની પાસેથી પણ જવાબ માગ્યો

(એજન્સી) મુંબઈ તા.20

ઝાલાવાડ ગ્રાહક અદાલતે ભ્રામક જાહેરાત કેસમાં બોલિવૂડ એક્ટર હૃતિક રોશન, માઉન્ટેન ડ્યુ કોલ્ડ ડ્રિંક બનાવતી કંપની અને ડિસ્ટ્રીબ્યુટર કંપનીને નોટિસ જારી કરી છે. કોર્ટે 1 મહિનામાં નોટિસનો જવાબ માંગ્યો છે.

એડવોકેટ ગુરુચરણ સિંહે ગ્રાહક આયોગમાં ફરિયાદ રજૂ કરતા આરોપ લગાવ્યો કે કોલ્ડ ડ્રિંક કંપની અને તેના બ્રાન્ડ એમ્બેસેડર હૃતિક રોશન જાહેરાતમાં જે બતાવે છે, તે સંપૂર્ણપણે ભ્રામક છે. જાહેરાતમાં દાવો કરવામાં આવે છે કે આ કોલ્ડ ડ્રિંક પીવાથી શરીરમાં અત્યંત સ્ફૂર્તિ અને ઊર્જા આવે છે, જેનાથી વ્યક્તિ અશક્ય લાગતા સાહસિક કામ પણ સરળતાથી કરી લે છે. એડવોકેટ સિંહે જણાવ્યું કે જાહેરાતથી પ્રભાવિત થઈને કોલ્ડ ડ્રિંક ખરીદી અને તેને પીધી, પરંતુ જાહેરાતમાં કરવામાં આવેલા દાવાઓ જેવો કોઈ અનુભવ થયો નહીં.

ગ્રાહકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ એડવોકેટ ગુરુચરણ સિંહે કોર્ટને જણાવ્યું- કંપની અને ફિલ્મ સ્ટાર મળીને ગ્રાહકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. ગ્રાહક સુરક્ષા અધિનિયમ 2019ની કલમ 2(28) હેઠળ, કોઈપણ એવી જાહેરાત જે કોઈ ઉત્પાદનની ગુણવત્તા, પ્રકૃતિ અથવા તેનાથી મળતા લાભો વિશે ખોટી માહિતી આપે છે, તે 'ભ્રામક જાહેરાત'ની શ્રેણીમાં આવે છે.



ગ્રાહક અદાલતે પ્રાથમિક રીતે કેસને યોગ્ય ઠેરવ્યો અને ફરિયાદ સ્વીકારી લીધી. કોર્ટે પ્રથમ દ્રષ્ટિએ તથ્યોમાં સચ્ચાઈ શોધી કાઢી, ત્યારબાદ તમામ પક્ષોને નોટિસ જારી કરીને જવાબ માંગ્યો છે. કોર્ટ હવે આ બાબતની તપાસ કરશે કે શું કંપની દ્વારા કરવામાં આવેલા દાવાઓ વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત છે કે પછી તે ફક્ત ગ્રાહકોને આકર્ષવા માટે ફેલાવવામાં આવેલો એક ભ્રમ છે.

'કોલ્ડ ડ્રિંક પીધા પછી કંઈ અલગ લાગ્યું નહીં' એડવોકેટ ગુરુચરણ સિંહે કહ્યું- માઉન્ટેન ડ્યુ કોલ્ડ ડ્રિંક કંપનીની જાહેરાત હૃતિક રોશન કરે છે. તેમના દ્વારા એવું કહેવામાં આવે છે કે તમે જેટલું વધારે માઉન્ટેન ડ્યુ પીશો, તેટલી તમારામાં હિંમત વધશે. તમારો ડર ખતમ થશે.

આ બધી વસ્તુઓ તેમાં જણાવવામાં આવી છે. આ જાહેરાત જોઈને મેં વિશ્વાસ કર્યો અને માઉન્ટેન ડ્યુ ખરીદીને પીધું. તેમણે જણાવ્યું- કોલ્ડ ડ્રિંક પીધા પછી મને જે વસ્તુ અનુભવાઈ, તે એ છે કે તેમાં એવું કંઈ પણ નહોતું જેનાથી કોઈ હિંમત વધતી હોય કે ડર ખતમ થતો હોય. ન તેમાં કોઈ એવી સામગ્રી (ઈન્ગ્રેડિયન્ટ) છે અને ન કોઈ એવી વૈજ્ઞાનિક રિપોર્ટ છે.

# 'ધ કેરળ સ્ટોરી 2' રિલીઝ પહેલા જ વિવાદમાં આવી



(એજન્સી) મુંબઈ તા.20

કેરળ હાઈકોર્ટે ગુરુવારે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) અને ફિલ્મ 'ધ કેરળ સ્ટોરી 2' ના નિર્માતાઓને નોટિસ જારી કરી. આ નોટિસ તે અરજી પર સુનાવણી પછી જારી કરવામાં આવી હતી, જેમાં સંબંધિત ફિલ્મને આપવામાં આવેલ સેન્સર સર્ટિફિકેટ રદ કરવાની માંગ કરવામાં આવી હતી. કન્નુર જિલ્લાના ચિટ્ટારિપરમ્બાના રહેવાસી શ્રીદેવ નમ્બૂથિરીએ આ અરજી દાખલ કરી. તેમણે કહ્યું કે ફિલ્મમાં કોઈ નક્કર પુરાવા વિના સમગ્ર રાજ્યને ખોટી રીતે બદનામ કરવામાં આવ્યું અને રૂઢિચુસ્ત રીતે દર્શાવવામાં આવ્યું.

અરજીમાં કહેવામાં આવ્યું હતું કે, "ફિલ્મનું ટ્રેલર જોતા સ્પષ્ટ થાય છે કે વાર્તા ત્રણ અલગ-અલગ રાજ્યોની મહિલાઓ પર આધારિત છે અને મોટાભાગની ઘટનાઓ ઉત્તર ભારતમાં બને છે. છતાં, ફિલ્મનું ટાઈટલ અને સીન કેરળને ખોટી રીતે નકારાત્મક સ્વરૂપમાં રજૂ કરવાનો પ્રયાસ કરે છે. આ ફિલ્મ કેરળ અને કેરળવાસીઓને દેશના બાકીના ભાગોથી અલગ બતાવવાનો પ્રયાસ કરે છે, જ્યારે કેરળવાસીઓ ભારત અને વિદેશમાં કામ કરીને દેશની અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે અને અન્ય રાજ્યોમાંથી આવેલા લોકોને રોજગાર અને રહેવાની જગ્યા પણ આપે છે." અરજીમાં આગળ કહેવામાં આવ્યું છે કે, "ફિલ્મનું નામ લેખક કે ડિરેક્ટરના મોટાભાગના અનુમાનિત ભયને વાસ્તવિકતા તરીકે રજૂ કરવાનો એક સુવિચારિત પ્રયાસ છે.

# ટોક્સિકના ટીઝરમાં યશના ફેન્સને જબરદસ્ત સરપ્રાઈઝ, શું ડબલ રોલ જોવા મળશે?

(એજન્સી) મુંબઈ તા.20

સુપરસ્ટાર યશની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ટોક્સિક'નું ધમાકેદાર ટીઝર આજે રિલીઝ થયું છે. ગીતુ મોહનદાસના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મમાં યશનો એક્શન અવતાર જોઈ ચાહકોમાં ભારે ઉત્સાહ છે. બોક્સ ઓફિસ પર આ ફિલ્મનો સીધો મુકાબલો રણવીર સિંહની 'ધુરંધર 2' સાથે થશે, જેના કારણે ફેન્સમાં આ ટક્કરને લઈને ભારે ચર્ચા છે.

આ ટીઝરમાં સૌથી મોટું આકર્ષણ યશનો લુક છે. અત્યાર સુધી લોકોએ યશને લાંબી દાઢી અને વાળમાં જોયો છે, પરંતુ ટીઝરના અંતમાં તે ક્લીન શેવન લુકમાં જોવા મળે છે. આ લુક જોઈને સોશિયલ મીડિયા પર અટકળો તેજ થઈ છે કે ફિલ્મમાં યશનો ડબલ રોલ(પિતા અને પુત્ર) હોઈ શકે છે. કેટલાક ફેન્સ તો રમુજમાં એમ પણ લખી રહ્યા છે કે ક્લીન શેવન લુકમાં યશ સાઈડ પ્રોફાઈલથી ક્રિકેટર સૂર્યકુમાર યાદવ જેવો દેખાઈ રહ્યો છે.

ટીઝરના અંતમાં ફિલ્મની રિલીઝ ડેટ 19 માર્ચ, 2026 જાહેર કરવામાં આવી છે. આ સાથે જ સ્પષ્ટ થઈ ગયું છે કે બોક્સ ઓફિસ પર યશની 'ટોક્સિક' અને 'ધુરંધર 2' વચ્ચે ક્લેશ થશે. અગાઉ એવી ચર્ચાઓ હતી કે 'ધુરંધર 2'ના ક્રેઝને જોઈને મેકર્સ ફિલ્મ પાછળ ઠેલવી શકે છે.



# 19 વર્ષ પછી ભારતમાં પરફોર્મ કરશે ગ્લોબલ સ્ટાર શકીરા : એપ્રિલમાં મુંબઈ અને દિલ્હીમાં ગ્રેમી એવોર્ડ વિનરનો લાઈવ શો યોજાશે...

(એજન્સી) મુંબઈ તા.20

ગ્લોબલ પૉપ સ્ટાર અને અનેક ગ્રેમી એવોર્ડ જીતી ચૂકેલી સિંગર શકીરા એપ્રિલમાં 19 વર્ષ પછી ભારતમાં પર્ફોર્મ કરશે. તે 10 એપ્રિલે મુંબઈ અને 15 એપ્રિલે દિલ્હીમાં લાઈવ શો કરશે. આ માહિતી ફીડિંગ ઈન્ડિયા અને ડિસ્ટ્રિક્ટ બાય ઝોમેટો દ્વારા આપવામાં આવી હતી. ફીડિંગ ઈન્ડિયા એક બિન-લાભકારી સંસ્થા છે, જે ભૂખ અને કુપોષણના મુદ્દાઓ પર કામ કરે છે.

શકીરાએ છેલ્લે ભારતમાં 2007માં મુંબઈમાં 'ઓરલ ફિક્સેશન' ટૂર દરમિયાન પર્ફોર્મ કર્યું હતું. આયોજકોના મતે, કોન્સર્ટનો ઉદ્દેશ્ય માત્ર મનોરંજન જ નહીં, પરંતુ ભૂખ અને કુપોષણ જેવા મુદ્દાઓ પર જાગૃતિ વધારવાનો પણ છે. શકીરા મુંબઈના મહાલક્ષ્મી રેસકોર્સ અને દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં પર્ફોર્મ કરશે. એક પ્રેસ નોટમાં શકીરાએ કહ્યું, "ભારતમાં પરફોર્મ કરવું મારા માટે હંમેશા ખાસ રહ્યું છે. હું મુંબઈ અને દિલ્હીના ચાહકોને મળવા માટે ઉત્સાહિત છું. ફીડિંગ ઈન્ડિયા કોન્સર્ટ માત્ર મ્યુઝિક જ નહીં, પરંતુ બાળકોના પોષણ માટે સાથે ઊભા રહેવાનો સંદેશ છે."

શકીરા તેમના સુપરહિટ ગીતો 'હિપ્સ ડોન્ટ લાઈ', 'વ્હેનએવર, વ્હેરએવર' અને 'વાકા વાકા' માટે જાણીતી છે. તેણી તેની એનર્જેટિક સ્ટેજ પરફોર્મન્સ અને દમદાર પરફોર્મન્સ માટે જાણીતી છે.

મ્યુઝિક ઉપરાંત, શકીરા તેમના બેરફૂટ ફાઉન્ડેશન દ્વારા શિક્ષણ અને બાળકોના કલ્યાણ માટે પણ કામ કરે છે. આ પહેલ ફીડિંગ ઈન્ડિયાના લક્ષ્ય સાથે સુસંગત છે, જે ભૂખમરા અને કુપોષણ સામે કામ કરે છે. પ્રેસ નોટ અનુસાર, ફીડિંગ ઈન્ડિયા કોન્સર્ટ એક કોમ્યુનિટી ઈનિશિયેટિવ છે. તેનો ઉદ્દેશ્ય યુનાઈટેડ નેશન્સના ઝીરો હંગર 2030 લક્ષ્યમાં યોગદાન આપવાનો છે

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

### પાકિસ્તાન હોકી ફેડરેશનમાં ભડકો

## વડાપ્રધાન અને આર્મી ચીફને નિષ્પક્ષ તપાસ માટે પત્ર લખાયો



કરાચી | પાકિસ્તાની હોકીમાં ચાલી રહેલો આંતરિક વિવાદ ગુરુવારે ચરમસીમાએ પહોંચ્યો હતો. પાકિસ્તાન હોકી ફેડરેશન (PHF) ના પ્રમુખ તારિક બુગતીએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. જોકે, પદ છોડતા પહેલા તેમણે ફેડરેશનની ટીકા કરનાર કેપ્ટન અમ્માદ શકીલ બટ પર બે વર્ષનો આકરો પ્રતિબંધ ફટકારીને ખળભળાટ મચાવી દીધો છે. આ ઘટનાક્રમ બાદ પાકિસ્તાની હોકીમાં અરાજકતા જેવી સ્થિતિ સર્જાઈ છે. તારિક બુગતીએ રાજીનામું આપતા પહેલા લીધેલા આખરી નિર્ણય મુજબ, અમ્માદ શકીલ બટ હવે બે વર્ષ સુધી ઘરેલું કે આંતરરાષ્ટ્રીય હોકી રમી શકશે નહીં. બુગતીએ આરોપ લગાવ્યો હતો કે કેપ્ટને ફેડરેશનની છબી ખરડાવવાનો પ્રયાસ કર્યો છે. બુગતીએ તેમનું રાજીનામું વડાપ્રધાન શાહબાઝ શરીફને મોકલી આપ્યું છે અને સાથે જ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરને વિનંતી કરી છે કે ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન જે પણ ગેરરીતિ થઈ છે તેની નિષ્પક્ષ તપાસ કરાવવામાં આવે. આ સમગ્ર વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે કેપ્ટન અમ્માદ બટ્ટે લાહોરમાં મીડિયા સમક્ષ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન ખેલાડીઓએ "વાસણ માંજવા પડ્યા હતા અને રસોડું સાફ કરવું પડ્યું હતું". ફેડરેશન દ્વારા પેમેન્ટ ન કરવામાં આવતા હોટલ મેનેજમેન્ટે ખેલાડીઓને એન્ટ્રી આપી નહોતી, જેના કારણે ટીમ કલાકો સુધી રસ્તા પર રઝળી હતી.

### વિરાટ સૂર્યાના રેકોર્ડ તૂટતા ક્રિકેટ જગત સ્તબ્ધ

# સિકંદર રઝા વર્લ્ડ રેકોર્ડ વિરાટ અને સૂર્યાને પછાડ્યા



(એજન્સી) હરારે । તા. 20

ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં અત્યારે એક અણધાર્યો અને વિસ્ફોટક વળાંક જોવા મળી રહ્યો છે. ઝિમ્બાબ્વેના કેપ્ટન સિકંદર રઝાએ સાબિત કરી દીધું છે કે ક્રિકેટના મેદાનમાં 'સિકંદર' કોણ છે. શ્રીલંકા સામેની તાજેતરની રોમાંચક જીત સાથે સિકંદર રઝાએ ભારતીય દિગ્ગજ બેટર વિરાટ કોહલી અને સૂર્યકુમાર યાદવના શાનદાર રેકોર્ડ્સને તોડી પાડીને ટીર૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક નવો ઈતિહાસ રચવાની તૈયારી કરી લીધી છે. રઝાની આ સિદ્ધિએ વિશ્વ ક્રિકેટમાં ઝિમ્બાબ્વેનો દબદબો ફરી એકવાર સ્થાપિત કરી દીધો છે.

ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ઝિમ્બાબ્વેની ટીમ અત્યારે લોખંડી ફોર્મમાં જોવા મળી રહી છે. ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત ટીમને ધૂળ ચટાડ્યા બાદ હવે ઝિમ્બાબ્વેએ શ્રીલંકાને હરાવીને ગૌરવભેર સુપર-૮ માં પ્રવેશ કરી લીધો છે. ૧૭૯ રનના પડકારજનક લક્ષ્યાંકનો પીછો કરતા કેપ્ટન સિકંદર રઝાએ મેદાનના ચારેય ખૂણે ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવી હતી. તેણે માત્ર ૨૬ બોલમાં ૪૫ રનની આક્રમક મેચ વિનિંગ ઈનિંગ રમી હતી. તેની આ શાનદાર રમત બદલ તેને 'પ્લેયર ઓફ ધ મેચ' (POTM) જાહેર કરવામાં આવ્યો હતો. આ જીત સાથે ઝિમ્બાબ્વેએ સાબિત કર્યું છે કે તેઓ હવે કોઈપણ મોટી ટીમને હરાવવાની ક્ષમતા રાખે છે.

સિકંદર રઝાના નામે હવે ટીર૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કુલ ૧૯ 'પ્લેયર ઓફ ધ મેચ' એવોર્ડ નોંધાઈ ચૂક્યા છે. આ આંકડા સાથે તે વિશ્વમાં સૌથી વધુ એવોર્ડ જીતવાની યાદીમાં બીજા ક્રમે પહોંચી ગયો છે. હાલમાં મલેશિયાનો વીરનદીપ સિંહ ૨૨ એવોર્ડ સાથે પ્રથમ સ્થાને છે, પરંતુ રઝા જે ગતિથી આગળ વધી રહ્યો છે તે જોતા આ રેકોર્ડ બહુ જલ્દી તૂટી જશે તેવું લાગી રહ્યું છે. ૧૩૦ મેચમાં ૧૯ એવોર્ડ જીતનાર રઝા હવે ટોચના સ્થાને પહોંચવા માટે માત્ર એક ડગલું દૂર છે.

### ભારતીય સ્ટાર્સને રઝાએ આપ્યો ઝટકો

સૌથી નોંધપાત્ર બાબત એ છે કે રઝાએ ભારતના રન-મશીન વિરાટ કોહલી અને મિસ્ટર ૩૬૦ સૂર્યકુમાર યાદવને પાછળ છોડી દીધા છે. વિરાટ કોહલી ૧૬ એવોર્ડ સાથે ચોથા ક્રમે અને સૂર્યકુમાર યાદવ ૧૭ એવોર્ડ સાથે ત્રીજા ક્રમે છે. તાજેતરમાં સૂર્યકુમારે અમેરિકા સામે ૮૪ રન ફટકારીને પોતાનો ૧૭મો એવોર્ડ જીત્યો હતો, પરંતુ રઝાની સાતત્યપૂર્ણ રમત અને ઓલરાઉન્ડ પ્રદર્શન તેને ભારતીય સ્ટાર્સ કરતા પણ આગળ લઈ ગયું છે. મીડિયા અહેવાલ મુજબ, રઝાની આ સિદ્ધિથી એશિયાઈ ક્રિકેટ ચાહકોમાં પણ ભારે આશ્ચર્ય જોવા મળી રહ્યું છે.

### ઝિમ્બાબ્વેનો ઉલટફેર અને આગામી મિશન

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, રઝાની કેપ્ટન્સીમાં ઝિમ્બાબ્વેની ટીમ એક નવા જોશ સાથે રમી રહી છે. શ્રીલંકા સામેનો મેચ ૩ બોલ બાકી હતા ત્યારે જ ૪ વિકેટ ગુમાવીને જીતી લેવો એ કોઈ નાની વાત નથી. ટુર્નામેન્ટના જે પ્રકારના સમીકરણો અત્યારે બની રહ્યા છે, તે જોતા સિકંદર રઝા આગામી સુપર-૮ ની મેચોમાં મલેશિયાના વીરનદીપ સિંહનો ૨૨ એવોર્ડનો રેકોર્ડ તોડી શકે છે. ક્રિકેટના માંધાતાઓ માની રહ્યા છે કે સિકંદર રઝા અત્યારે પોતાના કરિયરના સર્વશ્રેષ્ઠ ફોર્મમાં છે અને તે ઝિમ્બાબ્વેને વર્લ્ડ કપના અંતિમ તબક્કા સુધી લઈ જવા માટે મક્કમ છે.

# મહિલા એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ફાઈનલમાં ભારત, શ્રીલંકા સામે સેમીફાઈનલમાં વિજય મેળવ્યો



(એજન્સી) બેંગકોક । તા. 20

થાઈલેન્ડના બેંગકોક સ્થિત તેરધાઈ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયેલા મહિલા એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ૨૦૨૬ ના પ્રથમ સેમીફાઈનલ મુકાબલામાં ભારત 'એ' મહિલા ટીમે શ્રીલંકા 'એ' ને ૫ વિકેટે પરાજય આપીને ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. કેપ્ટન રાધા યાદવના ઓલરાઉન્ડ પ્રદર્શનના જોરે ભારતીય ટીમે શ્રીલંકાના પડકારને આસાનીથી પાર કરી લીધો હતો. હવે ૨૨ ફેબ્રુઆરીએ રમાનારી ફાઈનલમાં ભારતનો સામનો બાંગ્લાદેશ અથવા પાકિસ્તાન સામે થશે.

### રાધા યાદવની ફિરકીમાં ફસાયું શ્રીલંકા

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેનાર શ્રીલંકાની ટીમ શરૂઆતથી જ દબાણમાં જોવા મળી હતી. સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ, ભારતીય સ્પિનરો સામે શ્રીલંકાના બેટરો લાચાર સાબિત થયા હતા. કેપ્ટન રાધા યાદવે તરખાટ મચાવતા માત્ર ૧૯ રન આપીને ૪ મહત્વની વિકેટ ઝડપી હતી. તેને પ્રેમા રાવત અને તનુજા કંવરનો પૂરેપૂરો સહયોગ મળ્યો હતો, જેમણે ૨-૨ વિકેટ લઈને શ્રીલંકાના મધ્યમ ક્રમને વેરવિખેર કરી નાખ્યો હતો. મિનુ મણીએ વિરોધી કેપ્ટન અનુષ્કા સંજીવનીની વિકેટ લઈને લંકાની કમર તોડી નાખી હતી, જેના કારણે સમગ્ર ટીમ ૧૯.૪ ઓવરમાં માત્ર ૧૧૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

૧૧૯ રનના સામાન્ય લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારત 'એ' ટીમની શરૂઆત મધ્યમ રહી હતી. જોકે, વૃંદા દિનેશે આક્રમક બેટિંગ કરતા માત્ર ૨૦ બોલમાં ૪૨ રનની તોફાની ઈનિંગ રમી હતી. તેને અનુષ્કા શર્માનો સાથ મળ્યો હતો, જેણે ૨૭ રનનું યોગદાન આપ્યું હતું. વચ્ચેના ગાળામાં કેટલીક વિકેટો પડી હોવા છતાં, કેપ્ટન રાધા યાદવે સંયમ જાળવી રાખી ૧૮ બોલમાં અણનમ ૩૧ રન ફટકારીને ભારતને ૧૩.૩ ઓવરમાં જ જીત અપાવી દીધી હતી.

# ડીફ ટીર૦ એશિયા કપ ઓડિશામાં ઐતિહાસિક પ્રારંભ

### એશિયન ડીફ ક્રિકેટ એસોસિએશનની પહેલ



(એજન્સી) કટક । તા. 20

ઓડિશાના કટક સ્થિત વિશ્વ પ્રસિદ્ધ બારાબતી સ્ટેડિયમ ખાતે ગુરુવારે એશિયન ડીફ ક્રિકેટ એસોસિએશન (ADCA) દ્વારા આયોજિત પ્રથમ 'ટીર૦ એશિયા કપ ૨૦૨૬'નો અત્યંત ભવ્ય અને રંગારંગ પ્રારંભ થયો છે. સાંભળવાની ક્ષમતા ન ધરાવતા (Hearing-Impaired) દિવ્યાંગ ખેલાડીઓ માટે આયોજિત આ પ્રથમ આવૃત્તિ રમતગમતના ઈતિહાસમાં એક મહત્વનો વળાંક સાબિત થશે. આ મિશનનો મુખ્ય ઉદ્દેશ્ય વિશેષ ક્ષમતા ધરાવતા એથ્લેટ્સને સમાન તક અને ગૌરવ અપાવવાનો છે. ઈન્ડિયન ડીફ ક્રિકેટ એસોસિએશન (IDCA) દ્વારા આયોજિત આ ટુર્નામેન્ટમાં ઓડિશા ક્રિકેટ એસોસિએશનનો પણ મહત્વનો સહયોગ પ્રાપ્ત થયો છે.

આ ઐતિહાસિક ટુર્નામેન્ટમાં એશિયાની ત્રણ મોટી રાષ્ટ્રીય ટીમો ભાગ લઈ રહી છે, જેમાં યજમાન ભારત ઉપરાંત શ્રીલંકા અને નેપાળની ટીમોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે એડીસીએના પ્રમુખ સુમિત જૈને જણાવ્યું હતું કે, "પ્રથમ એડીસીએ ટીર૦ એશિયા કપ એ એશિયાભરના શ્રવણ-ક્ષતિ ધરાવતા ખેલાડીઓમાં ક્રિકેટને પ્રોત્સાહન આપવાની અમારી કટિબદ્ધતાનું પ્રતિક છે. અમે એક એવું વૈશ્વિક પ્લેટફોર્મ બનાવવા માંગીએ છીએ જ્યાં આ ખેલાડીઓ સમાનતા અને સન્માન સાથે પોતાની પ્રતિભા બતાવી શકે." તેમણે આ ઐતિહાસિક પળનો હિસ્સો બનવા બદલ ત્રણેય દેશોની ટીમોનો આભાર માન્યો હતો.

### કોર્પોરેટ સેક્ટરનો સક્રિય સહયોગ

દિવ્યાંગ ખેલાડીઓની પ્રતિભાને નિખારવા માટે ભારતના કોર્પોરેટ જગતે પણ ઉદાર હાથે સહયોગ આપ્યો છે. આ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન જિંદાલ સ્ટીલ લિમિટેડના વાઈસ પ્રેસિડેન્ટ ઋષિ પઠાનિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સમારોહમાં જિંદાલ ફાઉન્ડેશનના સીએસઆર હેડ જયંત કુમાર મોહંતી, ટાટા મોટર્સના શૈલેષ રાય અને હીરો મોટોકોર્પના કુણાલ ગુપ્તા જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આટલી મોટી સંખ્યામાં કોર્પોરેટ હસ્તીઓની હાજરી એ બાબતની સાક્ષી પૂરે છે કે ભારતીય ઉદ્યોગ જગત હવે સમાવેશી રમતગમત (Inclusive Sports) ને પ્રોત્સાહન આપવા માટે ગંભીર છે.

## ન્યૂઝીલેન્ડ મહિલા ક્રિકેટ ટીમ સ્ક્વોડ જાહેર: દિગ્ગજ ખેલાડીઓ બહાર



વેલિંગ્ટન | ઝિમ્બાબ્વે સામે રમાનારી આગામી હોમ સિરીઝ માટે ન્યૂઝીલેન્ડની મહિલા ક્રિકેટ ટીમના સ્ક્વોડની જાહેરાત કરવામાં આવી છે. આ શ્રેણીમાં ન્યૂઝીલેન્ડની ટીમ તેના ત્રણ મુખ્ય ખેલાડીઓ - અનુભવી બેટર સૂઝી બેટ્સ, સ્પિનર ઈડન કાર્સન અને પૂર્વ કેપ્ટન સોફી ડિવાઈન વગર મેદાનમાં ઉતરશે. આ શ્રેણીમાં ૩ ટીર૦ અને ૩ વન-ડે મેચો રમાશે, જેમાં અમેલિયા કેર ટીમના સુકાનીપદની જવાબદારી સંભાળશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, ઓપનર સૂઝી બેટ્સ ક્વાડ્રિસેપ્સની ઈજાને કારણે આખી શ્રેણીમાંથી બહાર થઈ ગઈ છે, જ્યારે સ્પિનર ઈડન કાર્સન કોણીની ઈજા સામે ઝઝૂમી રહી છે. પૂર્વ કેપ્ટન સોફી ડિવાઈન પણ આ શ્રેણી માટે ઉપલબ્ધ રહેશે નહીં. આ દિગ્ગજોની ગેરહાજરીમાં નેન્સી પટેલ અને કાયલી નાઈટ જેવા અનકેપ્ડ ખેલાડીઓને પ્રથમ વખત રાષ્ટ્રીય ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે.

## દક્ષિણ આફ્રિકા મહિલા ક્રિકેટ ટીમ સમાચાર: મેરિઝાન કેપ બહાર



કેપ ટાઉન । પાકિસ્તાન વિરુદ્ધ રમાનારી મહત્વની વન-ડે શ્રેણી પૂર્વે દક્ષિણ આફ્રિકાની મહિલા ક્રિકેટ ટીમને મોટો ફટકો પડ્યો છે. ટીમની સ્ટાર ઓલરાઉન્ડર મેરિઝાન કેપ અચાનક બીમાર પડવાને કારણે આગામી ત્રણ મેચોની વન-ડે શ્રેણીમાંથી બહાર થઈ ગઈ છે. ૨૨ ફેબ્રુઆરીથી ૧ માર્ચ દરમિયાન યોજાનારી આ શ્રેણી આઈસીસી મહિલા વન-ડે ચેમ્પિયનશિપનો ભાગ છે, જેમાં કેપની ગેરહાજરી પ્રોટીઝ ટીમ માટે ચિંતાનો વિષય બની શકે છે. સોમવારે બેનોનીમાં રમાયેલી ત્રીજી ટીર૦ ઈન્ટરનેશનલ મેચ દરમિયાન બોલિંગનો સ્પેલ પૂરો કર્યા બાદ મેરિઝાન કેપને શારીરિક અસ્વસ્થતા અનુભવાઈ હતી. તબીબી તપાસ બાદ પ્રોટીઝ મેડિકલ ટીમે તેને સાવચેતીના ભાગરૂપે આરામ કરવાની સલાહ આપી છે. કેપ એક અનુભવી ખેલાડી

### જતિન્દર સિંહનું આક્રમક નિવેદન ગાજ્યું, ટીર૦ વર્લ્ડ કપ ઉલટફેરની શક્યતા વધી ગઈ

## ઓમાન વિરુદ્ધ ઓસ્ટ્રેલિયા વર્લ્ડ કપ જંગ પૂર્વે હુંકાર થયો



(એજન્સી) પલ્લેકેલે । તા. 20

શ્રીલંકાના પલ્લેકેલે ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આજે આઈસીસી મેન્સ ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના ગ્રુપ સ્ટેજની અંતિમ મેચમાં ઓમાન અને ઓસ્ટ્રેલિયા આમને-સામને ટકરાશે. જોકે, મેચ પૂર્વે જ ઓમાનના કેપ્ટન જતિન્દર સિંહે ઓસ્ટ્રેલિયા જેવી દિગ્ગજ ટીમને હરાવવાનો પડકાર ફેંકીને ખેલ જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. ૨૦૨૧ની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયન ટીમ આ વર્ષે ફોર્મમાં નથી, જેનો ફાયદો ઉઠાવવા માટે ઓમાન આતુર છે.

ઓમાનના કેપ્ટન જતિન્દર સિંહે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, "ઓસ્ટ્રેલિયા જેવી નબળી પડી ગયેલી ટીમને કચડી નાખવાનો આ શ્રેષ્ઠ સમય છે." ઉલ્લેખનીય છે કે, મિશેલ માર્શની આગેવાની હેઠળની ઓસ્ટ્રેલિયન ટીમ આ વર્લ્ડ કપમાં અત્યંત નિરાશાજનક પ્રદર્શન કરી રહી છે અને સુપર-૮ની રેસમાંથી પહેલેથી જ બહાર ફેંકાઈ ગઈ છે. આયર્લેન્ડ સામે વિજય બાદ કાંગારૂ ટીમને ઝિમ્બાબ્વે અને શ્રીલંકા સામે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે તેમનો આત્મવિશ્વાસ ડગમગી ગયો છે.

ઓમાનની ટીમ પણ વર્લ્ડ કપમાંથી બહાર થઈ ચૂકી છે અને હજુ સુધી એક પણ જીત મેળવી શકી નથી.

### બેથ મૂનીનો ઐતિહાસિક રેકોર્ડ

## મેગ લેનિંગને પાછળ છોડી બની નંબર-1



(એજન્સી) કેનબેરા । તા. 20

ઓસ્ટ્રેલિયાની દિગ્ગજ વિકેટકીપર બેટર બેથ મૂનીએ આંતરરાષ્ટ્રીય ટીર૦ ક્રિકેટમાં એક નવો ઈતિહાસ રચી દીધો છે. કેનબેરાના માનુકા ઓવલ ખાતે ભારત સામે રમાયેલી બીજી ટીર૦ મેચમાં મૂનીએ પૂર્વ કેપ્ટન મેગ લેનિંગનો રેકોર્ડ તોડીને ઓસ્ટ્રેલિયા માટે ટીર૦માં સૌથી વધુ રન બનાવનાર ખેલાડીનું બહુમાન મેળવ્યું છે. આ ઐતિહાસિક સિદ્ધિની સાથે જ ઓસ્ટ્રેલિયાએ ભારતને ૧૯ રને હરાવીને ત્રણ મેચોની શ્રેણી ૧-૧ થી બરાબર કરી લીધી છે. મેચ દરમિયાન ૪૬ રનની ઈનિંગ રમીને બેથ મૂનીએ મેગ લેનિંગના ૩૪૦૫ રનના આંકડાને પાર કરી લીધો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મૂનીએ અત્યાર સુધી ૧૧૪ મેચોની ૧૦૮ ઈનિંગ્સમાં ૪૧.૮૫ની શાનદાર એવરેજથી ૩,૪૩૨ રન બનાવ્યા છે, જેમાં ૨ સદી અને ૨૭ અર્ધસદી સામેલ છે. બીજી તરફ, મેગ લેનિંગ ૧૩૨ મેચોમાં ૩૪૦૫ રન સાથે હવે બીજા સ્થાને સરકી ગઈ છે. મૂનીની આ સાતત્યપૂર્ણ બેટિંગે તેને વિશ્વની સર્વશ્રેષ્ઠ બેટર્સમાં સ્થાન અપાવ્યું છે. પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાએ જ્યોર્જિયા વોલ (૮૮ રન) અને બેથ મૂનીની મદદથી ૨૦ ઓવરમાં ૧૬૩/૫ નો પડકારજનક સ્કોર નોંધાવ્યો હતો. જવાબમાં ભારતીય ટીમની શરૂઆત સારી રહી હતી, સ્મૃતિ મંધાના (૩૧) અને શેફાલી વર્મા (૨૯) એ પ્રથમ વિકેટ માટે ૫૭ રન જોડ્યા હતા. જોકે, મધ્યમ ક્રમમાં કેપ્ટન હરમનપ્રીત કૌર (૩૬) સિવાય કોઈ બેટર ટકી શક્યું નહીં. એશ્લે ગાર્ડનરની ધારદાર બોલિંગ સામે ભારતીય ટીમ ૨૦ ઓવરમાં ૧૪૪/૯ રન જ બનાવી શકી હતી.

### મોટી જીત

### મોબા લેજન્ડ્સ ટુર્નામેન્ટ સંપન્ન થઈ, ભારતની સૌથી મોટી ગેમિંગ

# એસએઈટયુએલ ચેમ્પિયન ભારતની સૌથી મોટી ગેમિંગ જીત

(એજન્સી) કોલકાતા । તા. 20

ભારતના ઈ-સ્પોર્ટ્સ જગતમાં અત્યારે ખુશીનો માહોલ છે. દેશની પ્રતિષ્ઠિત ઈ-સ્પોર્ટ્સ સંસ્થા 'S8UL' (એસએઈટયુએલ) એ ભારતની અત્યાર સુધીની સૌથી મોટી મોબા લેજન્ડ્સ ૫v૫ ટુર્નામેન્ટમાં ઐતિહાસિક વિજય મેળવીને ચેમ્પિયનનું બિરુદ હાંસલ કર્યું છે. કોલકાતામાં આયોજિત 'રાય સ્ટાર x જ્ઞાન ગેમિંગ કપ'ની રોમાંચક ગ્રાન્ડ ફિનાલેમાં એસએઈટયુએલ ટીમે શાનદાર પ્રદર્શન કરતા વિરોધી ટીમને હંફાવી હતી. આ જીત સાથે ટીમે ૧૨.૫ લાખ રૂપિયાની મોટી ઈનામી રકમ પણ પોતાના નામે કરી છે, જે ભારતીય ગેમિંગ ક્ષેત્રે એક મોટી સિદ્ધિ ગણાય છે.

### 1,024 ટીમો વચ્ચે ખરાખરીનો જંગ

આ ટુર્નામેન્ટ ભારતની સૌથી મોટી ગેમિંગ સ્પર્ધા તરીકે ઉભરી આવી છે, જેમાં સમગ્ર દેશમાંથી આશરે ૧,૦૨૪ ટીમોએ ભાગ લીધો હતો. એક મહિના સુધી ચાલેલી આ સ્પર્ધામાં માત્ર ૧૬ ટીમો જ મુખ્ય તબક્કા સુધી પહોંચી શકી હતી. એસએઈટયુએલની જીતનો માર્ગ જરાય આસાન નહોતો. ટીમના ઈન-ગેમ લીડર મોહમ્મદ સાદ (એપેક્સ) ના નેતૃત્વમાં અભિજીત કાટકર (અભિ), મહેતા જય (જે), ચિરાગ સિંહ (રેડિયમ), દેબાશીષ સના (એન્ટી) અને જોસેફ નેહુનજંગ (કાકરોટ) એ અદભૂત સંકલન અને દબાણ હેઠળ રમતનું પ્રદર્શન કર્યું હતું.

### ગ્રાન્ડ ફિનાલેમાં શ્વાસ અધ્ધર કરી દેતી ટક્કર

ગ્રાન્ડ ફિનાલેમાં એસએઈટયુએલનો સામનો કટ્ટર હરીફ 'ગોડલાઈક ઈ-સ્પોર્ટ્સ' સામે હતો. સાત મેચોની આ શ્રેણી (બેસ્ટ ઓફ સેવન) અત્યંત સંઘર્ષપૂર્ણ રહી હતી. બંને ટીમો વચ્ચેની ટક્કર એટલી જોરદાર હતી કે વિજેતાનો નિર્ણય છેલ્લી મેચ સુધી લંબાયો હતો. આખરે એસએઈટયુએલે પોતાનો સંયમ જાળવી રાખતા ૪-૩ થી વિજય મેળવી ખિતાબ પર કબજો કર્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ જીત પહેલા ટીમે



એલીસિવિટી ઈ-સ્પોર્ટ્સને ૪-૦ થી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

### ટીમ લીડર અને સ્થાપકનો ઉત્સાહ

જીત બાદ ટીમના કેપ્ટન મોહમ્મદ સાદ ઉર્ફે એપેક્સે જણાવ્યું હતું કે, "અમે જાણતા હતા કે આટલી બધી ટીમો વચ્ચે ભૂલની કોઈ અવકાશ નથી. અમારું ધ્યાન માત્ર વ્યૂહરચના અને પરસ્પર સંવાદ પર હતું. ગ્રાન્ડ ફિનાલે અમારા કરિયરની સૌથી તીવ્ર શ્રેણી પૈકીની એક હતી." બીજી તરફ, એસએઈટયુએલના સહ-સ્થાપક અનિમેષ અગ્રવાલે આ જીતને ભારતીય ઈ-સ્પોર્ટ્સના નવા યુગની શરૂઆત ગણાવી હતી. તેમણે ઉમેર્યું કે, "આ જીત અમારી લાંબા ગાળાની મહેનતનું પરિણામ છે. અમારું લક્ષ્ય હવે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સમાન સફળતાનું પુનરાવર્તન કરવાનું છે."

### ભારતીય ગેમિંગ માર્કેટનો ઉદય

મીડિયા અહેવાલ મુજબ, ભારતમાં મોબા (MOBA) ગેમિંગ ઈકોસિસ્ટમ અત્યારે ઝડપથી વિકસી રહી છે. મોટી ટુર્નામેન્ટ્સ, ભારે ઈનામી રકમ અને પ્રતિભાશાળી ખેલાડીઓના કારણે ભારત હવે વિશ્વના ઈ-સ્પોર્ટ્સ નકશા પર ઉભરી રહ્યું છે. એસએઈટયુએલની આ જીત માત્ર એક ટીમની જીત નથી, પરંતુ લાખો ગેમિંગ રસિયાઓ માટે પ્રેરણા સ્ત્રોત છે. આ ટુર્નામેન્ટની સફળતા સૂચવે છે કે આગામી સમયમાં ભારતમાં પ્રોફેશનલ ગેમિંગ એક મોટા કરિયર વિકલ્પ તરીકે ઉભરી આવશે.

### શમર જોસેફ ઓલરાઉન્ડ પ્રદર્શનથી છવાયો

# ટીર૦ વર્લ્ડ કપ ઐતિહાસિક રેકોર્ડ શમર જોસેફે રચ્યો



(એજન્સી) કોલકાતા । તા. 20

ક્રિકેટના મક્કા ગણાતા ઈડન ગાર્ડન્સમાં રમાયેલી ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની હાઈ-વોલ્ટેજ મેચમાં વેસ્ટ ઈન્ડિઝના ફાસ્ટ બોલર શમર જોસેફે ઈતિહાસ રચી દીધો છે. ઈટાલી સામેની મેચમાં વેસ્ટ ઈન્ડિઝે ૪૨ રને શાનદાર વિજય મેળવીને સુપર-૮માં પોતાનું સ્થાન પાકું કર્યું છે. આ મેચમાં શમર જોસેફે એવો પરાક્રમ કર્યો છે જે આજ દિન સુધી આંતરરાષ્ટ્રીય ટીર૦ ક્રિકેટના ઈતિહાસમાં કોઈ ખેલાડી કરી શક્યું નથી.

મેચની શરૂઆતમાં ઈટાલીએ આક્રમક બોલિંગ કરીને વેસ્ટ ઈન્ડિઝના સ્ટાર બેટરો બ્રેડન કિંગ અને હેટમાયરને સસ્તામાં આઉટ કરી દીધા હતા. જોકે, કેપ્ટન શાઈ હોપે ૪૬ બોલમાં ૭૪ રનની જવાબદાર ઈનિંગ રમીને ટીમને ૧૬૫ રનના સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી. ૧૬૬ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઈટાલીની ટીમને શમર જોસેફે પોતાની ગતિથી ધ્વસ્ત કરી નાખી હતી. જોસેફે ૩૦ રન આપીને ૪ મહત્વની વિકેટો ઝડપી હતી, જ્યારે મેથ્યુ ફોર્ડે ૩ વિકેટ લઈને તેને સાથ આપ્યો હતો. આ મેચમાં શમર જોસેફે માત્ર બોલિંગમાં જ નહીં પણ ફિલ્ડિંગમાં પણ અદભૂત ચપળતા બતાવી હતી. તેણે મેદાન પર ૪ શાનદાર કેચ પકડીને ઈટાલીના બેટરોને પેવેલિયન ભેગા કર્યા હતા. આ સાથે જ શમર જોસેફ ટીર૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક જ મેચમાં ૪ વિકેટ અને ૪ કેચ લેનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બની ગયો છે. ક્રિકેટના આ ટૂંકા ફોર્મેટમાં આ પ્રકારનું પ્રદર્શન અત્યંત દુર્લભ અને પ્રશંસનીય માનવામાં આવે છે.

## આંતરરાષ્ટ્રીય સ્થિરીકરણ દળ રચના થશે, ભારત નિરીક્ષક તરીકે સામેલ થતા મહત્વ વધ્યું

# બોર્ડ ઓફ પીસ બેઠકમાં ભારતની એન્ટ્રીથી પાક. સ્તબ્ધ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 20

અમેરિકાના નવનિર્વાચિત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ડ્રીમ પ્રોજેક્ટ ગણાતા 'બોર્ડ ઓફ પીસ'ની પ્રથમ ઐતિહાસિક બેઠક ગુરુવારે વોશિંગ્ટન ડીસી ખાતે યોજાઈ હતી. ગાઝામાં શાંતિ સ્થાપવા અને યુદ્ધગ્રસ્ત વિસ્તારોના પુનઃનિર્માણ માટે રચાયેલી આ બેઠકમાં ભારતની ઉપસ્થિતિએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ભારત આ બોર્ડનો સત્તાવાર સભ્ય દેશ ન હોવા છતાં, એક અત્યંત પ્રભાવશાળી 'નિરીક્ષક' (ઓબ્ઝર્વર) દેશ તરીકે આ મિશનમાં સામેલ થયો છે. ભારતીય દૂતાવાસના પ્રભારી રાજદ્વારી નામગ્યા ખમ્પાએ આ બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને વૈશ્વિક મંચ પર ભારતની મજબૂત ભૂમિકાનો પરિચય આપ્યો હતો.

ડોનાલ્ડ ટ્રમ્પની આ શાંતિ યોજના માત્ર ઈઝરાયલ અને હમાસ વચ્ચેના સંઘર્ષને અટકાવવા પૂરતી સીમિત નથી, પરંતુ ભવિષ્યમાં વિશ્વભરના સશસ્ત્ર સંઘર્ષોનો કાયમી ઉકેલ લાવવાનો એક મહત્વાકાંક્ષી દસ્તાવેજ છે.




સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ટ્રમ્પે ગાઝાના નવનિર્માણ માટે પોતાના વતી ૧૦ અબજ અમેરિકન ડોલરની માતબર રકમ ફાળવવાની ખાતરી આપી છે. આ પહેલને સમર્થન આપતા અન્ય ૯ સભ્ય દેશોએ પણ વધારાના ૭ અબજ ડોલરની આર્થિક સહાય પર મહોર મારી છે. આ ફંડનો ઉપયોગ ગાઝામાં નાશ પામેલા માળખાગત સુવિધાઓને ફરીથી ઊભી કરવા અને માનવીય સહાય પહોંચાડવા માટે કરવામાં આવશે. ગાઝા પટ્ટીમાં શાંતિ માત્ર વાતોથી નહીં પણ સૈન્ય સુરક્ષા સાથે સ્થપાશે તેવું આ બેઠકમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. મેજર જનરલ જેસ્પર જેફર્સના માર્ગદર્શન હેઠળ એક 'આંતરરાષ્ટ્રીય સ્થિરીકરણ દળ'ની રચના કરવામાં આવી છે. આ યોજના મુજબ, કુલ ૨૦,૦૦૦ સૈનિકો અને ૧૨,૦૦૦ તાલીમબદ્ધ પોલીસ અધિકારીઓને ગાઝામાં તૈનાત કરવામાં આવશે. આ તૈનાતીની શરૂઆત વ્યૂહાત્મક રીતે અત્યંત સંવેદનશીલ એવા રાફા વિસ્તારથી કરવામાં આવશે. આ સુરક્ષા દળમાં ઈન્ડોનેશિયા, મોરોક્કો, કઝાકિસ્તાન અને અલ્બેનિયા જેવા દેશો સૈનિકો પૂરા પાડશે, જ્યારે ઈજિપ્ત અને જોર્ડન આ જવાનોને વ્યાવસાયિક તાલીમ આપી તૈયાર કરશે.

આ મિશનને આર્થિક રીતે સધ્ધર બનાવવા માટે સંયુક્ત આરબ એમિરેટ્સ (UAE), સાઉદી અરેબિયા, કતાર અને કુવૈત જેવા ખાડી દેશોએ મોટી નાણાકીય સહાયની જાહેરાત કરી છે. મીડિયા અહેવાલ મુજબ, આ બોર્ડમાં આર્જેન્ટિના, આર્મેનિયા, હંગેરી અને પાકિસ્તાન સહિત કુલ ૨૭ દેશોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે, ભારતને નિરીક્ષક દેશ તરીકે વિશેષ સ્થાન મળતા પાકિસ્તાન છાવણીમાં અજંપો જોવા મળી રહ્યો છે. ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ખર્ચવામાં આવેલો દરેક એક ડોલર આ પ્રદેશમાં સ્થિરતા અને નવી આશા માટેનું રોકાણ છે, જે ગાઝાને યુદ્ધના અંધકારમાંથી બહાર કાઢશે.

### ઈન્ડો પેસિફિક કમાન્ડરની મુલાકાત સફળ

## ભારત અમેરિકા સૈન્ય સંબંધો મજબૂત કરવા એડમિરલની મુલાકાત

(એજન્સી) બેંગલુરુ । તા. 20

એશિયા-પેસિફિક ક્ષેત્રમાં વધતા પડકારો વચ્ચે ભારત અને અમેરિકા વચ્ચેની સૈન્ય ભાગીદારી એક નવા શિખરે પહોંચી છે. અમેરિકી ઈન્ડો-પેસિફિક કમાન્ડના કમાન્ડર એડમિરલ સેમ્યુઅલ જે. પાપારોએ ૧૪ થી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન ભારતની પાંચ દિવસીય મહત્વપૂર્ણ મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશોના સહિયારા સુરક્ષા હિતો પર કામ કરવાનો અને જમીન, સમુદ્ર, આકાશ તેમજ સાયબર જેવા ક્ષેત્રોમાં સૈન્ય ક્ષમતાઓને એકીકૃત કરવાનો હતો.

નવી દિલ્હીમાં એડમિરલ પાપારોએ ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ અનિલ ચૌહાણ અને નૌસેના પ્રમુખ એડમિરલ દિનેશ કુમાર ત્રિપાઠી સાથે ઉચ્ચ સ્તરીય બેઠકો યોજી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, આ ચર્ચાઓ મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક ક્ષેત્રને સુરક્ષિત રાખવામાં ભારતની નિર્ણાયક ભૂમિકા પર કેન્દ્રિત હતી.

### ક્વાડ અને ભવિષ્યનું માળખું

વર્ષ ૨૦૧૬માં ભારતને 'મેજર ડિફેન્સ પાર્ટનર' જાહેર કર્યા બાદ, ૨૦૨૫ના અંતમાં ૧૦ વર્ષના નવા સંરક્ષણ માળખા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ નવું માળખું આગામી દાયકા માટે બંને દેશોના સૈન્ય સંબંધોનું માર્ગદર્શન કરશે. ક્વાડ (Quad) ના સભ્ય તરીકે ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા દરિયાઈ અને આર્થિક સુરક્ષા માટે મજબૂત નેટવર્ક બનાવી રહ્યા છે. ટાઈગર ટ્રાયમ્ફ અને યુદ્ધ અભ્યાસ જેવા નિયમિત સૈન્ય અભ્યાસો દ્વારા બંને દેશો યુદ્ધ જેવી સ્થિતિમાં સાથે મળીને લડવા માટે સજ્જ થઈ રહ્યા છે.

ચંડીમંદિર સ્થિત વેસ્ટર્ન કમાન્ડની મુલાકાત દરમિયાન ભારતની પશ્ચિમી અને ઉત્તરીય સરહદો પરની સુરક્ષા સ્થિતિ અંગે પણ ગહન સમીક્ષા કરવામાં આવી હતી.

## ન્યૂઝ બ્રીફ

### ભારતનું ટેકનોલોજી અને વૈશ્વિક સુરક્ષાના ક્ષેત્રમાં એક ઐતિહાસિક કદમ



નવી દિલ્હી | ભારતે ટેકનોલોજી અને વૈશ્વિક સુરક્ષાના ક્ષેત્રમાં એક ઐતિહાસિક કદમ ઉઠાવતા 'પેક્સ સિલિકા' ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા છે. રાજધાની દિલ્હીમાં આયોજિત 'વૈશ્વિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઈમ્પેક્ટ સમિટ' દરમિયાન ભારત સત્તાવાર રીતે આ મહત્વપૂર્ણ પહેલમાં જોડાયું છે. આ જોડાણ ભારત અને અમેરિકા વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને નવી દિશા આપશે અને ભવિષ્યની ડિજિટલ અર્થવ્યવસ્થા પર લોકશાહી દેશોનું વર્ચસ્વ સુનિશ્ચિત કરશે. આ મહત્વપૂર્ણ અવસરે ભારત સ્થિત અમેરિકી રાજદૂત સેર્ગીયો ગોર અને કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવ ઉપસ્થિત રહ્યા હતા.

### બોરીવલી ઈસ્ટમાં રહેતી મહિલા બની ડિજિટલ અરેસ્ટનો શિકાર

મિનીએપોલિસ | અમેરિકામાં એક પ્રતિષ્ઠિત હેલ્થકેર કંપની સાથે વિશ્વાસઘાત કરી ૧૨ લાખ ડોલરથી વધુની છેતરપિંડી કરવાના કેસમાં ૪૭ વર્ષીય કરણ ગુપ્તાને દોષિત ઠેરવવામાં આવ્યો છે. છ દિવસ સુધી ચાલેલી લાંબી સુનાવણી બાદ કોર્ટે મની લોન્ડરિંગ અને છેતરપિંડીના અનેક આરોપોમાં તેને ગુનેગાર માન્યો છે. કરણ ગુપ્તાએ પોતાની સત્તાનો દુરુપયોગ કરીને એક અયોગ્ય મિત્રને કંપનીમાં નોકરી પર રાખ્યો હતો અને બદલામાં તેના પગારનો અડધો હિસ્સો કિકબેક તરીકે મેળવ્યો હતો. કરણ ગુપ્તા અમેરિકાની જાણીતી હેલ્થકેર સંસ્થા 'ઓપ્ટમ'માં સિનિયર ડિરેક્ટર તરીકે કાર્યરત હતો. વર્ષ ૨૦૧૫માં તેણે પોતાના બાળપણના મિત્રને ડેટા એન્જિનિયરિંગ જેવી મહત્વની મેનેજર પદની નોકરી અપાવી હતી. આ પદ માટે તેનો મિત્ર બિલકુલ લાયક નહોતો, તેમ છતાં કરણે ખોટું બાયોડેટા તૈયાર કરીને તેને નોકરી પર રખાવ્યો હતો.

### ડોનાલ્ડ ટ્રમ્પ બોર્ડ ઓફ પીસ બેઠકમાં પાકિસ્તાન મંત્રણા



વોશિંગ્ટન ડીસી | અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ વોશિંગ્ટન ખાતે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ગાઝા શાંતિ પ્રસ્તાવ અને નવનિર્મિત 'બોર્ડ ઓફ પીસ'માં જોડાવા બદલ પાકિસ્તાનની પ્રશંસા કરવામાં આવી હતી. બંને નેતાઓ વચ્ચે સંરક્ષણ, આતંકવાદ વિરોધી અભિયાન અને ખનિજ સંસાધનોના વિકાસ જેવા વ્યૂહાત્મક મુદ્દાઓ પર ગહન ચર્ચા થઈ હતી. જોકે, આ બેઠક દરમિયાન ટ્રમ્પ દ્વારા ભારત-પાક વિવાદ પર કરવામાં આવેલા મધ્યસ્થીના દાવાઓએ નવો વિવાદ છેડ્યો છે.

### ચીનના રસ્તાઓ પર રોબોકોપનો આતંક અને દબદબો

# AI ટ્રાફિક રોબોટ હવે ચીનના રસ્તાઓ પર વર્દી પહેરી તૈનાત, આંતરરાષ્ટ્રીય પોલીસ ટેકનોલોજીનો નવો યુગ

(એજન્સી) બેઈજિંગ । તા. 20

દુનિયાભરના મોટા શહેરોમાં ટ્રાફિક જામ એક એવી સમસ્યા છે જેનો કોઈ કાયમી ઉકેલ મળતો નથી, પરંતુ ચીને આ દિશામાં એક ક્રાંતિકારી ડગલું ભર્યું છે. ચીનના વ્યસ્ત રસ્તાઓ પર હવે માણસોને બદલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) થી સજ્જ રોબોટિક પોલીસ અધિકારીઓ ટ્રાફિક વ્યવસ્થા સંભાળતા જોવા મળી રહ્યા છે. આ રોબોટ માત્ર મશીન નથી, પરંતુ હાઈ-ડેફિનેશન કેમેરા અને અત્યાધુનિક અલ્ગોરિધમથી સજ્જ એક એવી સિસ્ટમ છે જે ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા માટે સખત મિજાજ ધરાવે છે. આ રોબોકોપની સૌથી મોટી ખાસિયત એ છે કે તે કોઈની પણ લાગવગ કે ઓળખાણ ચલાવતો નથી અને નિયમ ભંગ કરનારાના ઘરે સીધો દંડ પત્ર મોકલી આપે છે.

### મેટેલિક ચમક અને ફ્યુચ્યુરિસ્ટિક અંદાજ

ચીનના અનહુઆઈ પ્રાંતના વુહુ શહેરના રસ્તાઓ પર આ હ્યુમનોઈડ રોબોટ્સ અત્યારે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. પોલીસ યુનિફોર્મ, રિફ્લેક્ટિવ જેકેટ અને સફેદ ટોપી પહેરેલા આ રોબોટ્સ દૂરથી જોતા બિલકુલ માણસ જેવા જ લાગે છે. આ રોબોટ્સને 'ઈન્ટેલિજન્ટ પોલીસ યુનિટ ૨૦૦૧' જેવો સત્તાવાર બેજ નંબર પણ આપવામાં આવ્યો છે. તેમની મેટેલિક ચમક અને ભવિષ્યલક્ષી દેખાવને કારણે તેઓ સ્થાનિક લોકોમાં સેલિબ્રેટી બની ગયા છે. વાહન ચાલકો અને રાહદારીઓ આ રોબોકોપની શિસ્ત જોઈને આશ્ચર્યચકિત થઈ રહ્યા છે.

### ચોકસાઈ અને ૨૪ કલાકની સજ્જતા

મીડિયા અહેવાલ અનુસાર, આ રોબોટ્સ માત્ર ટ્રાફિક ગાઈડન્સ જ નહીં, પરંતુ લોકોના વર્તણૂક પર પણ નજર રાખે છે. હ્યુમનોઈડ રોબોટ્સ સાયકલ ચાલકોને પોતાની લેનમાં ચાલવા માટે માર્ગદર્શન આપે છે અને ગેરકાયદેસર પાર્કિંગ પર રિયલ ટાઈમમાં કાર્યવાહી કરે છે. આ રોબોટ્સની સૌથી મોટી તાકાત તેમની કાર્યક્ષમતા છે; તેઓ થાક્યા વગર ૨૪ કલાક ડ્યુટી કરી શકે છે. કમાન્ડ મળતાની સાથે જ આ રોબોટ એક સ્થળથી બીજા સ્થળ પર આસાનીથી પહોંચી જાય છે. ગત વર્ષે ચીને સિચ્યુઆન અને ઝેઝયાંગ પ્રાંતના વિવિધ શહેરોમાં ચાર પૈડાવાળા અને હ્યુમનોઈડ રોબોટ્સની પોલીસ ટીમો તૈનાત કરવાની શરૂઆત કરી હતી.

### એઆઈ માર્કેટમાં ચીનનું વર્ચસ્વ

ચીનની આ ટેકનોલોજી પાછળ તેનું વિશાળ આર્થિક આયોજન છુપાયેલું છે. સ્ટેટ કાઉન્સિલના રિપોર્ટ અનુસાર, ચીનના એઆઈ ઉદ્યોગનું માર્કેટ ૨૦૩૦ સુધીમાં ૪૦૦ બિલિયન યુઆન અને ૨૦૩૫ સુધીમાં ૧ ટ્રિલિયન યુઆનને પાર કરી જવાનો અંદાજ છે. રોબોટ બનાવતી કંપનીઓ હવે લેબોરેટરીમાંથી બહાર નીકળીને રોબોટ્સને અસલી દુનિયામાં લાવી રહી છે, જેથી માનવ જીવન વધુ સુવિધાયુક્ત બનાવી શકાય. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ રોબોટ્સ આવનારા સમયમાં ટ્રાફિક પોલીસની અછતને પૂરી કરવા માટે પાયાની ભૂમિકા ભજવશે.

### નિષ્કર્ષ અને સામાજિક અસર

ચીનમાં ટ્રાફિક વ્યવસ્થાપન માટે એઆઈનો આ ઉપયોગ સમગ્ર વિશ્વ માટે એક ઉદાહરણ પૂરું પાડી રહ્યો છે. જ્યાં માનવીય સંવેદનાઓ અને લાગવગને કારણે નિયમો તૂટતા હોય છે, ત્યાં આ 'ટ્રાફિક રોબો કોપ' સંપૂર્ણ નિષ્પક્ષતાથી કામ કરે છે. ચીનના આ પ્રયોગની સફળતા બાદ અન્ય દેશો પણ પોતાના રસ્તાઓ પર આવી ટેકનોલોજી અપનાવવા માટે વિચારી રહ્યા છે. જોકે, માનવીય પોલીસ અધિકારીઓનું સ્થાન આ મશીનો સંપૂર્ણપણે લઈ શકશે કે નહીં, તે તો ભવિષ્ય જ કહેશે.





### જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી વિદેશ પ્રવાસ સંપન્ન

## ભારત ઓસ્ટ્રેલિયા સંરક્ષણ સહયોગ વૃદ્ધિ માટે નવો અધ્યાય



(એજન્સી) નવી દિલ્હી । તા. 20

ભારતીય સેનાના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ૧૬ થી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન હાથ ધરેલો ઓસ્ટ્રેલિયાનો સત્તાવાર પ્રવાસ અત્યંત સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જવાનો અને બંને દેશોની સેનાઓ વચ્ચે પરસ્પર વિશ્વાસ ગાઢ બનાવવાનો હતો. આ પ્રવાસ દ્વારા ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવવા માટે બંને રાષ્ટ્રોએ પોતાની કટિબદ્ધતા દોહરાવી છે.

સીડની અને કેનબેરા ખાતેની મુલાકાત દરમિયાન જનરલ દ્વિવેદીએ ઓસ્ટ્રેલિયન સંરક્ષણ દળોના વરિષ્ઠ નેતૃત્વ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર, ૨૦૨૬માં ભારતમાં યોજાનારા 'ઓસ્ટ્રાહિન્દ' સૈન્ય અભ્યાસને વધુ વ્યાપક અને જટિલ બનાવવાની યોજના તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત, આધુનિક ટેકનોલોજી, ડ્રોન સિસ્ટમ અને યુદ્ધના બદલાતા સ્વરૂપોને ધ્યાનમાં રાખીને બંને સેનાઓ કેવી રીતે સાથે મળીને કામ કરી શકે તે અંગે ગહન પરામર્શ કરવામાં આવ્યો હતો. સેનાધ્યક્ષે ઓસ્ટ્રેલિયન ડિફેન્સ કોલેજમાં અધિકારીઓને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, વર્તમાન સમયના સુરક્ષા પડકારોને પહોંચી વળવા માટે અનુકૂલનશીલ નેતૃત્વ અને બહુરાષ્ટ્રીય સહયોગ અનિવાર્ય છે. મીડિયા અહેવાલ મુજબ, જનરલ દ્વિવેદી અને ઓસ્ટ્રેલિયન આર્મી ચીફ લેફ્ટનન્ટ જનરલ સિમન સ્ટુઅર્ટ વચ્ચેની મુલાકાત ખાસ રહી હતી, કારણ કે તેઓ બંને યુએસ આર્મી વોર કોલેજના સહાધ્યાયી રહી ચૂક્યા છે. આ વ્યક્તિગત મૈત્રીએ બંને દેશો વચ્ચેના સંસ્થાકીય જોડાણને વધુ મજબૂત બનાવવામાં મોટી ભૂમિકા ભજવી છે. પોતાના પ્રવાસના અંતિમ તબક્કે જનરલ દ્વિવેદીએ ઓસ્ટ્રેલિયન વોર મેમોરિયલની મુલાકાત લઈને શહીદ સૈનિકોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## અલકાયદા આતંકી સંગઠન વિસ્તાર હવે ૫૦ ગણો વધ્યો છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 20

વિશ્વમાં શાંતિ અને સુરક્ષા સામે ફરી એકવાર ભયાનક જોખમ ઊભું થયું છે. સંયુક્ત રાષ્ટ્રો દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના અહેવાલે આખી દુનિયાને ચોંકાવી દીધી છે. કુખ્યાત આતંકી જૂથ અલકાયદાએ પોતાની પાંખો અત્યંત ઝડપથી ફેલાવી છે અને તેની તાકાતમાં અકલ્પનીય વધારો થયો છે. વર્ષ ૨૦૦૧ના હુમલા સમયે આ સંગઠન પાસે જેટલા લડાયકો હતા, તેના કરતા આજે ૫૦ ગણી વધુ સંખ્યામાં આતંકીઓ સજ્જ હોવાનું બહાર આવ્યું છે.

વૈશ્વિક સુરક્ષા એજન્સીઓના જણાવ્યા અનુસાર, આ આતંકી જૂથ હવે અફઘાનિસ્તાનથી લઈને આફ્રિકા સુધી પોતાનું નેટવર્ક મજબૂત કરી રહ્યું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, અલકાયદા હવે માત્ર ધાર્મિક ઝનૂન જ નહીં, પરંતુ ગરીબ યુવાનોને આર્થિક લાલચ આપીને પણ પોતાની



તરફ ખેંચી રહ્યું છે. બેરોજગાર અને લાચાર યુવાનોના પરિવારોને નાણાકીય સહાય પૂરી પાડીને તેમને આત્મઘાતી માર્ગે વાળવામાં આવી રહ્યા છે. ખાસ કરીને અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં આ પ્રવૃત્તિ જોરશોરથી ચાલી રહી હોવાના પુરાવા મળ્યા છે. તાલિબાન ભલે આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાનો હાથ ઊંચો કરી દેતું હોય, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. સંયુક્ત રાષ્ટ્રોની સુરક્ષા પરિષદના તારણ મુજબ, તાલિબાન દ્વારા જ અલકાયદાને આધુનિક શસ્ત્રો અને નાણાંની ગુપ્ત રીતે મદદ કરવામાં આવી રહી છે.

## બલૂચ યુવાનોના અપહરણના અહેવાલથી પાકિસ્તાન ધ્રુજ્યું

ક્વેટા | પાકિસ્તાનના અશાંત પ્રાંત બલૂચિસ્તાન અને આર્થિક રાજધાની કરાચીમાં ફરી એકવાર બળજબરીપૂર્વક ગુમ કરવાના બનાવોએ ખળભળાટ મચાવ્યો છે. છેલ્લા કેટલાક દિવસોમાં કરાચી, ક્વેટા અને ગ્વાદર જેવા શહેરોમાંથી અંદાજે ૧૯ જેટલા બલૂચ યુવાનોને રહસ્યમય રીતે કસ્ટડીમાં લેવામાં આવ્યા હોવાના ચોંકાવનારા અહેવાલો સામે આવ્યા છે. પરિવારો અને માનવ અધિકાર કાર્યકરોએ દાવો કર્યો છે કે સુરક્ષા દળો દ્વારા મધરાતે દરોડા પાડીને આ યુવાનોને અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યા છે.

મીડિયા અહેવાલ મુજબ, કરાચીના લ્યારી વિસ્તારમાં પોલીસ અને સિંધ રેન્જર્સે સંયુક્ત રીતે મોડી રાત્રે ઓપરેશન હાથ ધર્યું હતું. કાશિફ બલૂચ નામના યુવાનને તેના ઘરેથી ઉઠાવી લેવામાં આવ્યો હોવાનો પરિવારે આક્ષેપ કર્યો છે.

## વૈશ્વિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંમેલન માટે બુર્જ ખલીફા ઝળહળ્યું

### ભારત યુએઈ ટેકનોલોજી ભાગીદારી વધુ મજબૂત બની

(એજન્સી) દુબઈ । તા. 20

નવી દિલ્હીમાં આયોજિત 'વૈશ્વિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંમેલન ૨૦૨૬' ની ભવ્ય સફળતાની ઉજવણી સાત સમુદ્ર પાર દુબઈમાં પણ જોવા મળી છે. વિશ્વની સૌથી ઊંચી ઈમારત બુર્જ ખલીફા પર આ સંમેલનના માનમાં ખાસ રોશની કરવામાં આવી હતી, જે ભારત અને સંયુક્ત આરબ એમિરેટ્સ (UAE) વચ્ચેના વધતા ગાઢ સંબંધોનું પ્રતિક છે. આ ભવ્ય નજારો ભારતની વધતી જતી ટેકનોલોજીકલ શક્તિ અને વૈશ્વિક પ્રભાવને રજૂ કરે છે.

ભારત મંડપમ ખાતે ૧૬ થી ૨૧ ફેબ્રુઆરી દરમિયાન ચાલી રહેલા આ સંમેલને સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું છે. સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ, ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સહિત ૧૧૦ થી વધુ દેશોના પ્રતિનિધિઓ અને ૪૫ મંત્રીઓએ આમાં ભાગ લીધો છે. ગૂગલ, માઈક્રોસોફ્ટ અને એનવીડિયા (Nvidia) જેવી દિગ્ગજ કંપનીઓએ ભારતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે અબજો ડોલરના રોકાણની જાહેરાત કરી છે. ફ્રેન્ચ રાષ્ટ્રપતિએ ભારતની બ્રિક્સ (BRICS) પ્રેસિડેન્સી હેઠળ જવાબદાર એઆઈના વિકાસ માટે નવી દિલ્હી અને પેરિસ વચ્ચેના સહયોગને મહત્વનો ગણાવ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અવસરે 'માનવ' (MANAV) વિઝન રજૂ કર્યું છે, જે નૈતિક પ્રણાલી, જવાબદાર શાસન અને સર્વસમાવેશકતા પર ભાર મૂકે છે. મીડિયા અહેવાલ મુજબ, ટાટા ગ્રુપ અને ઓપન-એઆઈ (OpenAI) વચ્ચે ૧૦૦ મેગાવોટનું એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવા માટે ભાગીદારી થઈ છે.

**ચેતવણી** — નાસા પ્લેનેટરી ડિફેન્સ ચેતવણી જારી, અદ્રશ્ય લઘુગ્રહોનું સંકટ વધુ ઘેરું બન્યું

# લઘુગ્રહ પૃથ્વી જોખમ ટેલિસ્કોપમાં ન દેખાતા ગ્રહો આફત

(એજન્સી) ન્યૂ યોર્ક । તા. 20

હોલિવૂડની ફિલ્મોમાં પૃથ્વી સાથે વિશાળકાય લઘુગ્રહોની ટક્કરના દ્રશ્યો જોઈને આપણે ઘણીવાર રોમાંચ અનુભવીએ છીએ, પરંતુ વાસ્તવિક જીવનમાં પૃથ્વી પર તોળાઈ રહેલું જોખમ આ ફિલ્મો કરતાં પણ વધુ ભયાનક છે. અમેરિકન અવકાશ સંસ્થા નાસાના તાજેતરના અહેવાલો મુજબ, પૃથ્વીને એવા લઘુગ્રહોથી સૌથી વધુ જોખમ છે જે અત્યાર સુધી ટેલિસ્કોપમાં ક્યારેય દેખાયા જ નથી. આ ટચૂકડા ગ્રહો કદમાં એટલા નાના છે કે તેને ટ્રેક કરવા મુશ્કેલ છે, પરંતુ જો તે પૃથ્વી સાથે ટકરાય તો એક આખેઆખા વિશાળ શહેરનો નાશ કરવાની ક્ષમતા ધરાવે છે.

તાજેતરમાં યોજાયેલી એક વિજ્ઞાન કોન્ફરન્સમાં નાસાના પ્લેનેટરી ડિફેન્સ ઓફિસર કેલી ફાસ્ટે અત્યંત નિખાલસતાપૂર્વક સ્વીકાર્યું છે કે અવકાશી જોખમો સામે પૃથ્વી હજુ પૂરેપૂરી સજ્જ નથી. તેમણે ભય વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "અત્યાર સુધી જે લઘુગ્રહો આપણને દેખાયા જ નથી, તે અચાનક પૃથ્વી પર



ત્રાટકશે તેવા ડરથી મારી રાતની ઊંઘ હરામ થઈ જાય છે." વિજ્ઞાનીઓના મતે, મોટા કદના લઘુગ્રહો સરળતાથી શોધી શકાય છે અને તેમની ગતિવિધિઓ ટ્રેક કરી શકાય છે, પરંતુ મધ્યમ કદના, એટલે કે આશરે ૪૫૯ ફૂટના લઘુગ્રહો ખરેખર 'સિટી કિલર' સાબિત થઈ શકે છે. પૃથ્વીની નજીક આશરે ૨૫,૦૦૦ જેટલા લઘુગ્રહો ભ્રમણ કરી રહ્યા છે. આશ્ચર્ય અને ચિંતાની વાત એ છે કે તેમાંથી માત્ર ૪૦ ટકા લઘુગ્રહો વિશે જ આપણી પાસે માહિતી છે. બાકીના ૬૦ ટકા લઘુગ્રહો ક્યાં છે, તેમની ગતિ કેટલી છે અને તે ક્યારે પૃથ્વીની નજીક આવશે તે વિશે કોઈને કાંઈ ખબર નથી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ અજ્ઞાત અવકાશી પથ્થરો પૃથ્વીના કોઈપણ વિસ્તારમાં મોટી જાનહાનિ સર્જી શકે છે. આશરે ૪.૬ અબજ વર્ષ પહેલાં સૂર્યમાળાના સર્જન સમયે બનેલા આ લઘુગ્રહો સદીઓમાં એકાદ વાર પૃથ્વી સાથે અથડાવાની સંભાવના ધરાવે છે.

ગયા વર્ષે એવી ભીતિ સેવાતી હતી કે ૨૦૩૨માં '૨૦૨૪ વાયઆરફોર' નામનો લઘુગ્રહ પૃથ્વી સાથે ટકરાશે. જોકે, જેમ્સ વેબ ટેલિસ્કોપના તાજા ડેટાના આધારે નાસાએ સ્પષ્ટ કર્યું છે કે આ લઘુગ્રહ હવે પૃથ્વીને બદલે ચંદ્ર સાથે ટકરાઈ શકે છે. જો આવી ટક્કર થશે, તો તેનો પ્રકાશ પૃથ્વી પરથી પણ દેખાશે. બીજી તરફ, ૨૦૨૨માં નાસાએ 'ડાર્ટ' મિશન દ્વારા લઘુગ્રહની દિશા બદલવામાં સફળતા મેળવી હતી, પરંતુ મીડિયા અહેવાલ મુજબ અત્યારે આપણી પાસે આવી કોઈ તૈયાર સિસ્ટમ નથી જે તાત્કાલિક જોખમને ટાળી શકે.

## આંતરરાષ્ટ્રીય સ્થિરીકરણ દળ ગાઝા માટે પાકિસ્તાન બહાર

(એજન્સી) વોશિંગ્ટન । તા. 20

અમેરિકાના વોશિંગ્ટન ખાતે નવનિર્મિત 'ડોનાલ્ડ જે. ટ્રમ્પ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પીસ'ની પ્રથમ ઐતિહાસિક બેઠકમાં ગાઝાના ભવિષ્ય અંગે અત્યંત મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝાના નવનિર્માણ માટે ૧૦ અબજ ડોલરની જંગી સહાયની જાહેરાત કરવાની સાથે ત્યાં સુરક્ષા જાળવવા માટે 'આંતરરાષ્ટ્રીય સ્થિરીકરણ દળ' (ISF) ની રચના કરી છે. જોકે, આ પ્રતિષ્ઠિત સુરક્ષા દળમાં સ્થાન મેળવવાની આશા રાખતા પાકિસ્તાનને ટ્રમ્પ પ્રશાસને જોરદાર આંચકો આપ્યો છે. ગાઝામાં શાંતિ સ્થાપવા માટે કુલ ૨૦,૦૦૦ સૈનિકોની જરૂરિયાત છે, જેમાં મુસ્લિમ દેશો મહત્વનું યોગદાન આપી રહ્યા છે. વિશ્વના સૌથી મોટા મુસ્લિમ દેશ ઈન્ડોનેશિયાએ સૌથી વધુ ૮,૦૦૦ સૈનિકો મોકલવાની તૈયારી બતાવી છે, જેને ટ્રમ્પે બિરદાવી છે. આ ઉપરાંત મોરોક્કો, અલ્બેનિયા, કઝાકિસ્તાન અને કોસોવો જેવા દેશો સૈન્ય અને પોલીસ સહાય આપવા સંમત થયા છે. સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ, હમાસના નિશસ્ત્રીકરણ બાબતે પાકિસ્તાનના અસ્પષ્ટ વલણને કારણે તેને આ મહત્વપૂર્ણ પ્રક્રિયાથી દૂર રાખવામાં આવ્યું છે. પાકિસ્તાન આ દળનું નેતૃત્વ કરવાની ખેવના રાખતું હતું, પરંતુ તેને સુરક્ષા દળના ૫ મુખ્ય દેશોની યાદીમાં પણ સ્થાન મળ્યું નથી.

આ ઉચ્ચ સ્તરીય બેઠક દરમિયાન પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફને ભારે ક્ષોભજનક સ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. મીડિયા અહેવાલ અનુસાર, જ્યારે ટ્રમ્પે ભારત-પાકિસ્તાન તણાવ રોકવાનો ઉલ્લેખ કર્યો, ત્યારે તેમણે શરીફને ઊભા થવા કહ્યું અને તે જ સમયે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મુક્તકંઠે વખાણ કર્યા હતા.

# શાહ માનહાનિ કેસ: રાહુલ ગાંધીએ તમામ આરોપોને ખોટા ગણાવ્યા

## રાહુલે કહ્યું- રાજકીય ષડયંત્રમાં ફસાવ્યો, આગામી સુનાવણી 9 માર્ચે; સુલતાનપુરમાં મોચીના પરિવારને મળ્યા

(એજન્સી) સુલતાનપુર | તા. 20

ગૃહમંત્રી અમિત શાહ વિશે કરેલી ટિપ્પણીના સંદર્ભમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ઉત્તર પ્રદેશના સુલતાનપુર ખાતે MP/MLA કોર્ટમાં હાજર થયા હતા. રાહુલ લગભગ 20 મિનિટ સુધી કોર્ટમાં રહ્યા અને પોતાનું નિવેદન નોંધાવ્યું. તેમના વકીલના જણાવ્યા મુજબ, રાહુલે તેમના પરના તમામ આરોપોને નકારી કાઢ્યા હતા. તેમણે કહ્યું હતું કે આ કેસ રાજકીય દ્વેષથી કરવામાં આવ્યો હતો. આ કેસની આગામી સુનાવણી 9 માર્ચે થશે.

વકીલોના જણાવ્યા અનુસાર, કોર્ટમાં પહોંચ્યા પછી રાહુલ ગાંધીએ હાથ જોડીને જજને પ્રણામ કર્યું. સુનાવણી પછી તેમણે જજનો આભાર પણ માન્યો હતો.



કોર્ટમાં હાજર થયા પછી, રાહુલ ગાંધી રામચેત મોચીની દુકાને ગયા. ત્યાં તેઓ તેમના પરિવારને મળ્યા. તેમણે રામચેતની પૌત્રી શ્રદ્ધાને પોતાના ખોળામાં લીધી. છોકરીના પગ પર ઈજા જોઈને તેમણે પૂછ્યું, "શું થયું?" શ્રદ્ધાએ કહ્યું કે તેની વાગ્યું હતું, સારું થઈ રહ્યું નથી. રાહુલ ગાંધીએ પ્રદેશ પ્રમુખ અજય રાય સાથે સારવાર વિશે વાત કરી. રામચેતનું ત્રણ મહિના પહેલા કેન્સરથી નિધન થયું હતું. રામચેત એ જ મોચી હતા જેની દુકાન પર રાહુલ ગાંધીએ એક વર્ષ પહેલા તેના જૂતા સીવ્યા હતા. રાહુલે રામચેતને સિલાઈ મશીન મોકલ્યું હતું.

રાહુલ ગાંધી સાથે આવેલા કોંગ્રેસ કાર્યકરોને પોલીસે બહાર અટકાવ્યા હતા, પરંતુ સુરક્ષા કર્મચારીઓ અંદર ગયા હતા. રાહુલ સુલતાનપુર પહોંચતાની સાથે જ કોંગ્રેસના કાર્યકરોએ 'રાહુલ ઝિંદાબાદ!'ના નારા લગાવ્યા હતા, તેઓ માળા પહેરાવવા ગયા, પરંતુ રાહુલે ના પાડી હતી. ત્યારબાદ તેઓ હસતા હસતા કોર્ટમાં ગયા અને મીડિયા સાથે વાત પણ કરી નહોતી. જ્યારે રાહુલ કોર્ટમાંથી બહાર નીકળ્યા, ત્યારે હજારો લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું, જેના કારણે સુરક્ષા કર્મચારીઓ તેમને બીજા દરવાજાથી બહાર લઈ ગયા હતા.

સુલતાનપુર કોર્ટની બહાર પોસ્ટરો લાગેલા હતા. તેમાં રાહુલની તસવીર સાથે સત્યમેવ જયતે લખેલું છે. આ કેસ 8 વર્ષ જૂનો છે. આરોપ છે કે રાહુલે 2018માં કર્ણાટક વિધાનસભા ચૂંટણી દરમિયાન અમિત શાહને લઈને કથિત અપમાનજનક ટિપ્પણી કરી હતી.

## બાળકની ઓળખ એવી વ્યક્તિ સાથે શા માટે જોડવી જેની સાથે તેનો કોઈ સંબંધ નથી? રેપ પીડિત માતાની તરફેણમાં ચુકાદો સંભળાવ્યો

# બોમ્બે હાઈકોર્ટે કહ્યું- સિંગલ મધર પણ પૂર્ણ વાલી



(એજન્સી) મુંબઈ | તા. 20

બોમ્બે હાઈકોર્ટની ઔરંગાબાદ પીઠે બાળકીના પિતાનું નામ સ્કૂલ રેકોર્ડમાંથી હટાવવાની બળાત્કાર પીડિત માતાની અરજી પર સુનાવણી કરી. કોર્ટે કહ્યું કે બાળકનું પાલનપોષણ એકલા કરતી માતાને સંપૂર્ણ વાલી માનવું એ દયા નથી, પરંતુ બંધારણ પ્રત્યેની નિષ્ઠા છે.

જસ્ટિસ વિભા કાંકણવાડી અને જસ્ટિસ હિતેન વેણુગાવકરની પીઠે કહ્યું કે બાળકની ઓળખ એવા પિતા સાથે શા માટે જોડવી, જેનો જીવનમાં કોઈ સંબંધ નથી? બંધારણની કલમ 21 સન્માન સાથે જીવવાનો અધિકાર આપે છે અને ઓળખ પણ તે જ ગરિમાનો એક ભાગ છે.

ખરેખરમાં, આ કેસમાં માતા બળાત્કાર પીડિતા છે. ડીએનએ ટેસ્ટથી આરોપી બાયોલોજિકલ પિતા સાબિત થયો હતો. પરંતુ તેણે બાળકથી અલગ રહેવાનું પસંદ કર્યું. આ છતાં જન્મ પ્રમાણપત્ર અને સ્કૂલના રેકોર્ડમાં પિતાનું નામ નોંધાયેલું હતું. સ્કૂલે તેમાં સુધારા કરવાનો ઈનકાર કર્યો, ત્યારે માતા-પુત્રી હાઈકોર્ટ પહોંચ્યા. કોર્ટે સ્પષ્ટ કર્યું કે સ્કૂલ જાતિ પ્રમાણપત્ર સત્તાધિકારી નથી, પરંતુ વિશેષ કેસમાં રેકોર્ડને સુધારી શકાય છે.

ઔરંગાબાદ બેઠક પર બેઠેલા જસ્ટિસ વિભા કંકનવાડી અને જસ્ટિસ હિતેન વેનેગાવકરની ડિવિઝન બેન્ચે 2 ફેબ્રુઆરીએ આ નિર્ણય સંભળાવ્યો હતો. બેન્ચે કહ્યું કે જે મહિલાઓ પોતાના બાળકોનો ઉછેર એકલા કરે છે, તેમના અધિકારોને વહીવટી સ્તરે પણ માન્યતા મળવી જોઈએ.

### બેન્ચે પોતાના નિર્ણયમાં શું કહ્યું...

- નાગરિક ઓળખ માટે સિંગલ મધરને સંપૂર્ણ વાલી માનવું એ કોઈ દાનનું કામ નથી, તે બંધારણીય વફાદારી છે. આ પિતૃસત્તાત્મક મજબૂરીથી બંધારણીય પસંદગી તરફનો બદલાવ દર્શાવે છે.
- સમાજ પોતાને વિકસિત કહે છે, તો તે આ વાત પર ભાર આપી શકતો નથી કે બાળકની સાર્વજનિક ઓળખ એવા પિતા સાથે જોડાયેલી રહે, જે તેના જીવનમાંથી ગાયબ છે.
- જ્યારે માતા એકલી વાલી હોય, તો સ્કૂલના રેકોર્ડમાં પિતાનું નામ અને અટક હટાવીને માતાનું નામ અને અટક દાખલ કરવી કોઈ સાર્વજનિક હેતુને નુકસાન પહોંચાડતું નથી.
- બંધારણનો અનુચ્છેદ 21 ફક્ત જીવનના અધિકારની જ નહીં, પરંતુ સન્માન સાથે જીવવાના અધિકારનું પણ રક્ષણ કરે છે. સન્માનમાં આ પણ સામેલ છે કે બાળકની ઓળખ કોઈ એવા ગેરહાજર માતા-પિતા સાથે બળજબરીથી ન જોડવામાં આવે.
- આર્ટિકલ 14 હેઠળ ઓળખને ફક્ત પિતા દ્વારા નક્કી કરવી એ કોઈ તટસ્થ વહીવટી નિયમ નથી. આ પિતૃસત્તાત્મક વિચારસરણીમાંથી ઉદ્ભવેલું માળખું છે, જેમાં વંશને પુરુષોની સંપત્તિ માનવામાં આવી છે.

**સ્કૂલ રેકોર્ડ કોઈ ખાનગી નોંધ નથી. આ એક સાર્વજનિક દસ્તાવેજ છે, જે બાળક સાથે વર્ષો સુધી ચાલે છે અને આગળ તેના અભ્યાસ અને વ્યાવસાયિક જીવનમાં પણ ઉપયોગમાં લેવાય છે. આવા સંજોગોમાં, ફક્ત ફોર્મેટને કારણે પિતાનું નામ રાખવાની ફરજ યોગ્ય નથી.**

## ન્યૂઝ ફ્લેશ

### રાજ્યસભાની 1 બેઠક માટે મહાવિકાસ અઘાડીમાં ખેંચતાણ

મુંબઈ | મહારાષ્ટ્રમાં આગામી રાજ્યસભાની ચૂંટણીને લઈને મહા વિકાસ આઘાડી(MVA) ગઠબંધનમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. ગઠબંધન પાસે વિધાનસભામાં માત્ર એટલું જ સંખ્યાબળ છે કે તેઓ સાતમાંથી માત્ર એક બેઠક જીતી શકે તેમ છે. આ એક બેઠક માટે શિવસેના(UBT) એ પોતાનો દાવો રજૂ કર્યો છે. આદિત્ય ઠાકરેએ પક્ષના ધારાસભ્યોની સંખ્યાને ટાંકીને જણાવ્યું હતું કે, ગણિત મુજબ આ બેઠક તેમના ભાગે આવવી જોઈએ. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે અત્યાર સુધી ગઠબંધનમાં બેઠકોની વહેંચણી અંગે કોઈ સત્તાવાર ચર્ચા થઈ નથી.

બીજી તરફ, રાજ્યસભાની આ જ બેઠક પર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી(શરદ પવાર જૂથ)ના વડા શરદ પવારે પણ લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. સંજય રાઉતે માહિતી આપી હતી કે, શરદ પવારનો કાર્યકાળ એપ્રિલમાં પૂર્ણ થઈ રહ્યો છે અને તેઓ ફરીથી ગૃહમાં પરત ફરવા માંગે છે. શરદ પવાર જેવા કદાવર નેતા જ્યારે ચૂંટણી લડવાની તૈયારી બતાવે, ત્યારે ગઠબંધને આ મુદ્દે ગંભીરતાથી વિચારવું પડશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જો શરદ પવાર રાજ્યસભામાં જાય, તો તેના બદલામાં શિવસેના(UBT) આગામી વિધાન પરિષદની એક બેઠક પોતાની માટે માંગી શકે છે.

### હૈદરાબાદમાં હચમચાવતી ઘટના, ચપ્પુની અણીએ દારૂ પીવડાવી 8મું ભણતી વિદ્યાર્થિની પર ગેંગ રેપ

હૈદરાબાદ | હૈદરાબાદમાં માનવતાને શરમાવે તેવી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. નરસિંગી વિસ્તારમાંથી લાપતા થયેલી 8માં ધોરણની વિદ્યાર્થિની સાથે ત્રણ શખ્સોએ સામૂહિક દુષ્કર્મ ગુજાર્યું હોવાની વિગતો બહાર આવતા સમગ્ર પંથકમાં રોષ ફેલાયો છે.

હૈદરાબાદના નરસિંગી વિસ્તારમાંથી ગત સોમવારથી લાપતા થયેલી 16 વર્ષીય વિદ્યાર્થિની ચેંગીચેરલાના એક ફ્લેટમાંથી મળી આવી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, ત્રણ શખ્સોએ તેને બંધક બનાવી, ચપ્પુની અણીએ બળજબરીથી દારૂ પીવડાવી તેની સાથે સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે આ મામલે એક 24 વર્ષીય યુવક અને એક સગીરની ધરપકડ કરી છે, જ્યારે ત્રીજો આરોપી હજુ ફરાર છે.

ભોગ બનનાર સગીરા ધોરણ 8માં અભ્યાસ કરે છે. તે ધરપકડ કરાયેલા સગીર આરોપીને પહેલાથી ઓળખતી હતી, જે ચારમિનારની એક ફૂટવેર શોપમાં સેલ્સમેન તરીકે કામ કરતો હતો. ગત 16 ફેબ્રુઆરીના રોજ શાળા છૂટ્યા બાદ વિદ્યાર્થિની તેને મળવા ગઈ હતી. ત્યાંથી આરોપીઓ તેને લલચાવી-ફોસલાવી ચેંગીચેરલાના એક ખાલી એપાર્ટમેન્ટમાં લઈ ગયા હતા.

એપાર્ટમેન્ટમાં ત્રણેય નરાધમોએ સગીરા પર હુમલો કર્યો અને જીવથી મારી નાખવાની ધમકી આપીને તેને દારૂ પીવા મજબૂર કરી હતી. તબીબી તપાસમાં સગીરાના ખાનગી ભાગોમાં ગંભીર ઈજાઓ હોવાનું પણ સામે આવ્યું છે.

# અલવર-ફતેહપુરમાં તાપમાન 10.4°C : MPના 25 જિલ્લામાં વરસાદ, હરિયાણામાં કરા પડ્યા; કેદારનાથમાં હિમવર્ષા

નવી દિલ્હી/ભોપાલ/જયપુર/લખનઉ |દેશમાં મેદાની અને પહાડી રાજ્યોમાં હવામાન ફરી એકવાર બદલાયું છે. રાજસ્થાનમાં છેલ્લા 2 દિવસથી વરસાદ પડી રહ્યો છે, ઘણા વિસ્તારોમાં કરા પણ પડ્યા છે. જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 30C થી ઓછું અને લઘુત્તમ તાપમાન 15C થી ઓછું રહ્યું. સૌથી ઓછું તાપમાન અલવર-ફતેહપુરનું રહ્યું જે 10.4C હતું.

સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે મધ્ય પ્રદેશના 25 જિલ્લાઓમાં વરસાદ અને કરા પડ્યા છે. શ્યોપુરમાં 63kmphની ઝડપે પવન ફૂંકાયો. વરસાદથી પાકને નુકસાન થયું છે.

ઉત્તર પ્રદેશના 10થી વધુ જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ છે. દિલ્હી-એનસીઆર અને એમપીની નજીક આવેલા જિલ્લાઓમાં પણ વરસાદનું યલો એલર્ટ છે. હરિયાણાના ભિવાની-રેવાડીમાં ગઈકાલે વરસાદ સાથે કરા પડ્યા. જેના કારણે તાપમાનમાં 7C નો ઘટાડો થયો.

છત્તીસગઢના રાજનાંદગાંવમાં ઘણા જિલ્લાઓમાં મહત્તમ તાપમાનમાં વધારો થયો. ઉત્તરાખંડમાં કેદારનાથ અને બદરીનાથ ધામમાં હિમવર્ષા થઈ, જેના કારણે ઊંચાઈવાળા વિસ્તારોમાં ઠંડી વધી છે. ઉત્તરાખંડમાં 20 ફેબ્રુઆરીએ રાજ્યના તમામ જિલ્લાઓમાં હવામાન સૂકું રહેવાની સંભાવના છે. હવામાન વિભાગ અનુસાર, લઘુત્તમ તાપમાનમાં હાલ કોઈ મોટો ફેરફાર થશે નહીં અને રાજ્યમાં ઠંડીની અસર ચાલુ રહેવાની સંભાવના છે. 19 ફેબ્રુઆરીએ રાજ્યના 3 જિલ્લાઓમાં હિમવર્ષા થઈ. આમાં પિથોરાગઢ, બાગેશ્વર અને રુદ્રપ્રયાગના ઊંચાઈવાળા વિસ્તારોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 7 જિલ્લાઓમાં વરસાદ થયો. જ્યારે, 22 થી 24 ફેબ્રુઆરી સુધી 5 જિલ્લાઓમાં વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે.



વરસાદ-કરા પડવાથી રાજસ્થાનમાં પારો ગગડ્યો છે. ગુરુવારે રાજ્યના મોટાભાગના શહેરોમાં દિવસનું મહત્તમ તાપમાન 30 ડિગ્રીથી નીચે અને લઘુત્તમ તાપમાન 15 ડિગ્રીથી નીચે નોંધાયું હતું. જેના કારણે રાજ્યમાં સવાર-સાંજ મધ્યમ અને દિવસ દરમિયાન હળવી ઠંડી રહી હતી. હવામાન નિષ્ણાતોએ જણાવ્યું કે, રાજ્યમાં આગામી એક-બે દિવસમાં તાપમાન વધીને સામાન્યથી ઉપર જશે, જેનાથી સવાર-સાંજની ઠંડી પણ ઓછી થઈ જશે અને દિવસો હળવા ગરમ થવા લાગશે.

સાયક્લોનિક સર્ક્યુલેશન (ચક્રવાત) અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ (પશ્ચિમી વિક્ષોભ)ને કારણે મધ્ય પ્રદેશના અડધા ભાગમાં વાવાઝોડા સાથે વરસાદ થયો. જ્યારે, ઉજ્જૈન, મંદસૌર સહિત ઘણા જિલ્લાઓમાં કરા પણ પડ્યા. હવામાન વિભાગના મતે, શુક્રવારથી આગામી 3 દિવસ માટે કોઈ ચેતવણી નથી, પરંતુ 23-24 ફેબ્રુઆરીએ ફરી વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. છેલ્લા 24 કલાકની વાત કરીએ તો, 25 જિલ્લાના લગભગ 80 શહેરો અને કસબાઓમાં વરસાદ નોંધાયો.

### હરિયાણા: 6 શહેરોમાં 10 ડિગ્રીથી નીચે તાપમાન, દિવસના તાપમાનમાં 3.7 ડિગ્રીનો વધારો

હરિયાણામાં 18 ફેબ્રુઆરીએ થયેલા વરસાદની અસર હજુ પણ દેખાઈ રહી છે. વરસાદને કારણે વધેલી ભેજ અને ઉત્તર-પશ્ચિમી પવનોથી રાત્રિના તાપમાનમાં ઘટાડો જોવા મળ્યો છે. લઘુત્તમ તાપમાનમાં સરેરાશ 4.2 ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે, જેના કારણે રાતો ઠંડી થઈ ગઈ છે. જ્યારે, 6 શહેરોમાં તાપમાન 10 ડિગ્રીથી નીચે ગયું છે. તીવ્ર તડકો નીકળવાને કારણે દિવસના તાપમાનમાં વધારો નોંધાયો છે.

**પંજાબ: શિયાળો અંતિમ તબક્કામાં, આજે દિવસ દરમિયાન ઠંડા પવનો ફૂંકાશે, તીવ્ર તડકો રહેશે, વરસાદની કોઈ શક્યતા નથી**

પંજાબ અને ચંદીગઢમાં હવે ઠંડી લગભગ અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. આ સાથે તાપમાન વધવા લાગશે. આજે શુક્રવારે પહાડો તરફથી બર્ફીલા તેજ પવનો આવશે. આ કારણે દિવસ દરમિયાન તીવ્ર તડકો હોવા છતાં ઠંડીનો અહેસાસ ચોક્કસ થશે. જ્યારે, લઘુત્તમ તાપમાન થોડું ઘટી શકે છે. હવામાન હવે સૂકું રહેશે. 25 તારીખ સુધી કોઈ વરસાદની શક્યતા નથી.

# ભાગવત જે વંદે ભારતથી મેરઠ પહોંચ્યા, તેના પર પથ્થરમારો...

(એજન્સી) મેરઠ | તા. 20

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના સરસંઘચાલક મોહન ભાગવત જે વંદે ભારત એક્સપ્રેસથી મેરઠ પહોંચ્યા, તેના પર હરદોઈમાં પથ્થરમારો કરવામાં આવ્યો. પથ્થરમારાથી ટ્રેનની એક બારીનો કાચ તૂટી ગયો.

ઘટના ગુરુવારે બપોરે લગભગ 3.20 વાગ્યે બની, જ્યારે ટ્રેન દિલ્હી તરફ જઈ રહી હતી. સંઘ પ્રમુખ સુરક્ષિત છે. ટ્રેન પર પથ્થરમારો કોણે કર્યો? તેની તપાસ હરદોઈ GRP કરી રહી છે. GRP બે કારણો માની રહી છે. પહેલું- બાળકો ટ્રેક પાસે ક્રિકેટ રમી રહ્યા હતા, બોલ લાગવાથી આવું થયું. બીજું- તોફાની બાળકે ટ્રેન પર પથ્થર ફેંક્યા હશે. મોહન ભાગવત રાત્રે 9 વાગ્યે મેરઠ સ્ટેશન પર સિક્યોરિટી વચ્ચે ઉતર્યા. તેઓ શતાબ્દીનગરના માધવકુંજમાં રોકાયા છે. અહીં તેઓ 20 અને 21 ફેબ્રુઆરીએ બે દિવસીય સંવાદ કાર્યક્રમમાં ભાગ લેશે. 28 જિલ્લાના પ્રબુદ્ધજનો સાથે વાતચીત કરશે. સાથે જ ખેલાડીઓ સાથે તેમના સામાજિક અનુભવોને લઈને વાતચીત પણ કરી શકે છે.

વારાણસીથી મેરઠ સુધી ચાલતી વંદે ભારત એક્સપ્રેસ બપોરે 1.50 વાગ્યે લખનઉના પ્લેટફોર્મ નંબર ચાર પરથી મેરઠ માટે રવાના થઈ. ટ્રેન હરદોઈમાં કોતવાલી દેહાતના કૌઢા ગામ પાસે બલોખર ફાટક નજીક પહોંચી હતી, ત્યારે એક કોચની બારી પર જોરદાર પથ્થર આવીને વાગ્યો. જોરદાર અવાજ સાથે કાચ તૂટી ગયો.

# પ્રિયંકા ગાંધીએ કહ્યું- ગૌરવ ગોગોઈ સાચા રસ્તે છે

## હિમંતા ચૂંટણીથી ડર્યા, તેથી આરોપો લગાવી રહ્યા છે; પરિવારને રાજકારણમાં ઘસડવું ખોટું

(એજન્સી) ગુવાહાટી | તા. 20

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ શુક્રવારે કહ્યું કે ગૌરવ ગોગોઈ અને તેમના પરિવારને 'પાકિસ્તાન લિંક'ના આરોપોમાં ઘસડવું ખોટી રાજનીતિ છે.

પ્રિયંકાએ કહ્યું કે આસામના સીએમ ચૂંટણી પહેલા ડરી ગયા છે, તેથી આવા આરોપો લગાવી રહ્યા છે. તેમને અંગત આરોપોને બદલે રાજ્યના વિકાસ પર વાત કરવી જોઈએ.

પ્રિયંકાએ કહ્યું- ગૌરવજી અને તેમના પરિવારને જે રીતે નિશાન બનાવવામાં આવી રહ્યા છે, તેનાથી સ્પષ્ટ છે કે આ ખોટી રાજનીતિ છે. આસામની જનતા જાણે છે કે બીજી તરફના લોકો તેમનાથી ગભરાયેલા છે. તેઓ સાચા રસ્તે ચાલી રહ્યા છે. આ તેમના માટે સન્માનની વાત છે. પ્રિયંકા ગાંધીનો આજે આસામ પ્રવાસનો બીજો દિવસ છે. સવારે તેઓ ગુવાહાટી નજીક સોનાપુર સ્થિત જુબિન ક્ષેત્ર પહોંચ્યા. ગાયક જુબિન ગર્ગને શ્રદ્ધાંજલિ આપી. આ પછી તેમણે મીડિયા સાથે વાતચીત કરી.

મુખ્યમંત્રીએ જણાવવું જોઈએ કે તેમણે આસામના વિકાસ માટે શું કર્યું છે. આસામની યુવા પેઢીને નોકરી અને રોજગારની જરૂર છે.

જ્યાં-જ્યાં ભાજપની સરકાર છે, ત્યાં ચૂંટણી પહેલાં મહિલાઓને પૈસા આપવામાં આવે છે, પરંતુ શું તેમને પાંચ વર્ષ સુરક્ષા મળી? કેટલી મહિલાઓને રોજગાર મળ્યો અને કેટલીને આત્મનિર્ભર બનાવવામાં આવી?

રાજ્યની સંપત્તિ જનતાના હાથમાંથી નીકળીને 'એક પરિવાર' પાસે જઈ રહી છે અને યોજનાઓનો ઉપયોગ માત્ર ચૂંટણીલક્ષી ફાયદો લેવા માટે કરવામાં આવી રહ્યો છે. પ્રિયંકા ગાંધીએ તે મુદ્દે પણ પ્રતિક્રિયા આપી, જેમાં કહેવાય છે કે કોંગ્રેસે હિમંતા બિસ્વા સરમાને મુખ્યમંત્રી બનાવ્યા ન હતા. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી બનવા માટે ઘણા પરિબળો નક્કી કરે છે. જો તેઓ દસ વર્ષથી મુખ્યમંત્રી બનવા માટે રડી રહ્યા છે, તો મારે બીજું કંઈ કહેવાની જરૂર નથી. પ્રિયંકા ગાંધીએ આસામ વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્ય સરકાર વિરુદ્ધ 20 મુદ્દાઓની ચાર્જશીટ જાહેર કરી. આ ચાર્જશીટ આસામ પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવી છે.

કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસ સાંસદ ગૌરવ ગોગોઈએ કહ્યું કે પ્રિયંકા ગાંધી આસામની જનતાની ભાવનાઓ સમજવા આવ્યા છે અને કોંગ્રેસ પાર્ટી આગામી ચૂંટણી માટે સંપૂર્ણપણે તૈયાર છે. આસામ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ ગૌરવ ગોગોઈએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું- હિમંતાએ બોરાને કોંગ્રેસના છેલ્લા હિંદુ નેતા ગણાવ્યા છે. હિમંતા 'આસામના જિન્ના' છે, તેમણે નેતાઓને 'હિંદુ સર્ટિફિકેટ' આપવાનું બંધ કરવું જોઈએ.

ગોગોઈએ એમ પણ કહ્યું- ભાજપમાં જોડાનારા નેતાઓ પોતાની પાર્ટી માટે બિનજરૂરી બની જાય છે. આવું જ કંઈક આસામ કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ ભૂપેન કુમાર બોરાનું થશે.

## દિલ્હીમાં ચાલી રહેલી AI સમિટની પ્રશંસા કરી; રાહુલે તેને PR તમાશો ગણાવ્યો હતો

# શશિ થરૂરે કહ્યું-મોટા કાર્યક્રમોમાં અવ્યવસ્થા થઈ શકે

(એજન્સી) નવી દિલ્હી | તા 20

કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે દિલ્હીમાં ચાલી રહેલી AI સમિટમાં ગલગોટિયા યુનિવર્સિટી વિવાદ પર કહ્યું કે સમિટમાં પહેલા કેટલાક દિવસો ખૂબ સારા રહ્યા, કેટલીક ગરબડ થઈ છે, પરંતુ મોટા કાર્યક્રમોમાં આવી સમસ્યાઓ થઈ શકે છે.

તેમણે ઈવેન્ટની પ્રશંસા કરતા કહ્યું કે જે વાત પ્રભાવશાળી રહી તે રાષ્ટ્રપતિઓ, વડાપ્રધાનો અને વિશ્વના નેતાઓની હાજરી હતી. તેઓ બધા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડેવલપમેન્ટમાં એક નવી સંકલિત દુનિયા જોવાની ઈચ્છાના એક મજબૂત સંદેશ સાથે આવ્યા હતા.

થરૂરે નારાયણ ગુરુ પર પોતાની નવી પુસ્તકના લોન્ચ ઈવેન્ટ પછી એક રિપોર્ટરના સવાલ પર ગુરુવારે આ વાત કહી. તેમની આ ટિપ્પણી રાહુલ ગાંધીના નિવેદનના એક દિવસ પછી આવી. રાહુલે AI સમિટને અવ્યવસ્થિત PR તમાશો ગણાવ્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે ત્યાં ચીની પ્રોડક્ટ્સ બતાવવામાં આવી રહ્યા હતા.

ઘણા નેતાઓ AI ડેવલપમેન્ટમાં એક નવી સંકલિત દુનિયા જોવાના મજબૂત સંદેશ સાથે આવ્યા છે, જ્યાં સમાજ પર અસર જ મુખ્ય સિદ્ધાંત હશે. ભારતમાં વ્યસ્તતાએ સ્પષ્ટપણે આ ક્ષેત્રમાં ડ્રાઈવનું નેતૃત્વ કર્યું છે.

જ્યાં સુધી ફ્રેન્ચ રાફેલની વાત છે, તેના કેટલાક ભાગો ભારતમાં બનાવવામાં આવી રહ્યા છે. આ ડીલનો એક ખૂબ જ મહત્વપૂર્ણ પાસું છે કારણ કે તે સંરક્ષણને મજબૂત કરવાનો એક ભાગ છે.

ભારત માટે સંરક્ષણ એટલા માટે જરૂરી નથી કે આપણે યુદ્ધમાં જવા માંગીએ છીએ, પરંતુ એટલા માટે કે આપણે નથી ઈચ્છતા કે બીજા એવું વિચારે કે આપણે એટલા નબળા છીએ કે તેઓ યુદ્ધમાં જવા માટે લલચાઈ શકે.

આ ખરેખર એક રક્ષણાત્મક સંરક્ષણ છે, અને અમે આ માટે કામ કરી રહ્યા છીએ અને હું આ પર સરકારને સમર્થન આપું છું.

આગામી ફિલ્મ કેરળ સ્ટોરી 2 પર થરૂરે કહ્યું કે પહેલી ફિલ્મ, કેરળ સ્ટોરી, એક નફરત ફેલાવતી ફિલ્મ હતી. તેઓ કહી રહ્યા હતા કે હજારો લોકોનો ધર્મ બદલવામાં આવ્યો, જે સાચું નથી.

મને લાગે છે કે ઘણા વર્ષોમાં આવા લગભગ 30 કેસ થયા. આપણો દેશ ખૂબ મોટો છે. જો કોઈ કેસ અહીં-તહીં થાય છે, તો તેનો અર્થ એ નથી કે તમે તેને એક મોટી વાર્તામાં બદલી દો.

દિલ્હીમાં ચાલી રહેલી AI સમિટ દરમિયાન ગલગોટિયા યુનિવર્સિટીના સ્ટાફે ચીની રોબોટ અને કોરિયન ડ્રોનને પોતાનો પ્રોજેક્ટ ગણાવીને રજૂ કર્યા હતા. તેનો વીડિયો વાયરલ થયા બાદ વિવાદ ઊભો થયો હતો.

વિવાદ વધ્યા બાદ ગલગોટિયા યુનિવર્સિટીને ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ એક્સપોમાંથી બહાર કાઢી દેવામાં આવી હતી. આયોજકોએ પહેલા યુનિવર્સિટીના પેવેલિયનની વીજળી કાપી, પછી તાળું મારીને બેરિકેડિંગ કરી દીધી.

# દિલ્હી AI સમિટમાં પહોંચીને કોંગ્રેસી કાર્યકર્તાઓએ ટી-શર્ટ કાઢી નાખ્યા, નારા લગાવ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા. 20

દિલ્હી ખાતે ભારત મંડપમમાં ઈન્ડિયન યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓએ શુક્રવારે AI સમિટ 2026માં ભારત-અમેરિકા ટ્રેડ ડીલ સામે વિરોધ પ્રદર્શન કર્યું. કાર્યકર્તાઓએ ટી-શર્ટ કાઢીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ નારા લગાવ્યા હતા.

કોંગ્રેસ કાર્યકર્તાઓએ નારા લગાવતા કહ્યું- 'PM ઈઝ કોમ્પ્રોમાઈઝ્ડ'. કોંગ્રેસના કાર્યકરોના વિરોધ પ્રદર્શનના અનેક વીડિયો પણ સામે આવ્યા છે. આ વીડિયોમાં 15-20 કોંગ્રેસ કાર્યકરોની ભીડ હાથમાં સફેદ ટી-શર્ટ સાથે દેખાય છે.

આ ટી-શર્ટ પર PM મોદી અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ફોટા છે. તેમાં લખ્યું છે, 'PM ઈઝ કોમ્પ્રોમાઈઝ્ડ.' દિલ્હી પોલીસનું કહેવું છે કે તેઓ ઈન્ડિયન યુથ કોંગ્રેસના કાર્યકરો સામે કાયદેસરની કાર્યવાહી કરી રહ્યા છે. આ દરમિયાન, ભાજપે આરોપ લગાવ્યો કે કોંગ્રેસે ઈન્ટરનેશનલ સમિટમાં ભારતની છબી ખરાબ કરવાનું કાવતરું ઘડ્યું છે. ભાજપના સાંસદ સંબિત પાત્રાએ કહ્યું, 'આ કોઈ સંયોગ નહોતો, પણ એક પ્રયોગ હતો.' તેનું પ્લાનિંગ રાહુલ ગાંધીના ઘરે કરવામાં આવ્યું હતું, જ્યાં સોનિયા અને પ્રિયંકા પણ હાજર હતા.

અત્યાર સુધીમાં ચારથી પાંચ લોકોની અટકાયત કરવામાં આવી છે. પોલીસ એ તપાસ કરી રહી છે કે કોંગ્રેસના કાર્યકર્તાઓ ભારત મંડપમમાં અંદર કેવી રીતે આવ્યા કારણ કે એન્ટ્રી માટે પાસ અથવા QR કોડ ફરજિયાત કરવામાં આવ્યો છે. ઈન્ડિયન યુવા કોંગ્રેસે સોશિયલ મીડિયા પર પ્રદર્શનનો વીડિયો શેર કર્યો અને લખ્યું - AI સમિટના ચમકતા સ્ટેજ પાછળ સત્યને દબાવી શકાતું નથી. જ્યારે કોર્પોરેટ હિતને દેશ હિતથી ઉપર જોવામાં આવે છે.

## લોક સાહિત્યકાર દેવાયત ખવડને સાણંદ કોર્ટની મોટી રાહત

અમદાવાદ | અમદાવાદ જિલ્લાની સાણંદ કોર્ટ દ્વારા દેવાયત ખવડના પક્ષમાં એક મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવવામાં આવ્યો છે. ચાંગોદર પોલીસ સ્ટેશનની હદમાં નોંધાયેલા 8 લાખ રૂપિયાની છેતરપિંડીના કેસમાં કોર્ટે દેવાયત ખવડને સંપૂર્ણપણે નિર્દોષ જાહેર કર્યા છે. આ કાયદાકીય વિવાદની શરૂઆત બરાબર એક વર્ષ પહેલા થઈ હતી, જ્યારે ડાયરાના કાર્યક્રમમાં ગેરહાજર રહેવા બાબતે બંને પક્ષો વચ્ચે ગંભીર ઘર્ષણ સર્જાયું હતું. ડિસેમ્બર 2025 માં થયેલા પરસ્પર સમાધાન અને કોર્ટમાં રજૂ કરાયેલા પુરાવાઓને આધારે આ કેસમાંથી મુક્તિ મળી છે.

# સિટી એક્સપ્રેસ

SATURDAY 21 FEBRUARY-2026

AHMEDABAD


## શિક્ષણ ક્ષેત્રે સુધારો: હવે ફિક્સ પગારનો અનુભવ ગણાશે માન્ય

ગાંધીનગર | ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે રાજ્યની સરકારી યુનિવર્સિટીઓમાં ફરજ બજાવતા હજારો અધ્યાપકોના હિતમાં એક ક્રાંતિકારી અને ઐતિહાસિક નિર્ણય જાહેર કર્યો છે. લાંબા સમયથી ચાલી આવતી વિસંગતતાઓને દૂર કરવા માટે વિભાગે સત્તાવાર પરિપત્ર બહાર પાડીને સ્પષ્ટ કર્યું છે કે, હવેથી અધ્યાપક સહાયક તરીકેના 5 વર્ષના ફિક્સ પગારના સમયગાળાને શૈક્ષણિક અનુભવ તરીકે સ્વીકારવામાં આવશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ ઉચ્ચ શિક્ષણમાં વર્ષોથી સેવા આપતા વિદ્વાન અધ્યાપકોને અન્યાય થતો અટકાવવાનો અને તેમને વહેલી તકે બઢતીની તકો પૂરી પાડવાનો છે.



# આપ રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજી આવતીકાલથી બે દિવસના ગુજરાત પ્રવાસે

## સ્થાનિક સ્વરાજની ચૂંટણી મુદ્દે કેજરીવાલજી અને ભગવંત માન સાહેબ પ્રદેશ નેતૃત્વ સાથે મિટિંગ કરશે

(એજન્સી) અમદાવાદ | તા.20

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજી અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાહેબ આવતીકાલથી ગુજરાત પ્રવાસે પધારી રહ્યા છે. આ મુદ્દે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય નેતા અરવિંદ કેજરીવાલજી અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાહેબ આવતીકાલે 21 ફેબ્રુઆરીએ પોતાના બે દિવસના ગુજરાત પ્રવાસે પધારી રહ્યા છે. આમ આદમી પાર્ટીએ સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે ચૂંટણી સમિતિની જાહેરાત કરી દીધી છે અને મજબૂતીથી ચૂંટણી તરફ આગળ વધી રહી છે. આવતીકાલે અરવિંદ કેજરીવાલજી અમદાવાદ



એરપોર્ટ ખાતે પધારશે અને મીડિયાને સંબોધન કરશે. ત્યારબાદ અરવિંદ કેજરીવાલજી અને ભગવંત માન સાહેબ આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતૃત્વ સાથે સંગઠન મુદ્દે મહત્વપૂર્ણ બેઠક કરશે. વધુમાં AAP નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, ત્યારબાદ રવિવારે 22 ફેબ્રુઆરીએ ભાવનગરમાં આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકીની આગેવાનીમાં જે માંધાતા ગ્રુપના સમૂહ લગ્નનું આયોજન થઈ રહ્યું છે, તેમાં અરવિંદ કેજરીવાલજી અને ભગવંત માન સાહેબ હાજરી આપશે. ત્યારબાદ વલ્લભીપુર તાલુકાના પછે ગામમાં મુરલીધર મંદિરની પ્રતિષ્ઠામાં પણ અરવિંદ કેજરીવાલજી અને ભગવંત માન સાહેબ હાજરી આપશે અને દર્શન કરશે. સાથે સાથે અરવિંદ કેજરીવાલજી અને ભગવંત માન સાહેબ જાણીતા વક્તા રમેશભાઈ ઓઝાની કથાનું રસપાન પણ કરશે.

# પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી અને હરિદ્વાર વચ્ચે હોળી સ્પેશિયલ ટ્રેન

(એજન્સી) અમદાવાદ | તા.20

પશ્ચિમ રેલવે દ્વારા આવનારા હોળી તહેવાર દરમિયાન મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને સાબરમતી-હરિદ્વાર વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે જ અસારવા થી આગ્રા કેન્ટ માટે પણ સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવી રહી છે. આ વિશેષ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

### ટ્રેન નંબર 09425/09426 સાબરમતી-હરિદ્વાર-સાબરમતી સ્પેશિયલ (10 ફેરા)



ટ્રેન નંબર 09425 સાબરમતી-હરિદ્વાર સ્પેશિયલ 23 ફેબ્રુઆરી અને 02, 09, 16, 23 માર્ચ 2026ના રોજ સાબરમતીથી સાંજે 18:45 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 20:30 વાગ્યે હરિદ્વાર પહોંચશે. તે જ રીતે ટ્રેન નંબર 09426 હરિદ્વાર-સાબરમતી સ્પેશિયલ 24 ફેબ્રુઆરી અને 03, 10, 17, 24 માર્ચ 2026ના રોજ હરિદ્વારથી રાત્રે 21:45 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે રાત્રે 22:30 વાગ્યે સાબરમતી પહોંચશે. માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, પિંડવાડા, જવાઈ બાંધ, ફાલના, રાની, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધીનગર-જયપુર, બાંદીકુઈ, અલવર, રેવાડી, ગુડગાંવ, દિલ્હી કેન્ટ, દિલ્હી, ગાઝિયાબાદ, મેરઠ, મુઝફ્ફરનગર અને રૂડકી સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં એસી 2-ટિયર, એસી 3-ટિયર, સ્લીપર તથા સામાન્ય વર્ગના કોચ રહેશે.

### ટ્રેન નંબર 01920/01919 અસારવા-આગ્રા કેન્ટ- અસારવા સ્પેશિયલ (60 ફેરા)

ટ્રેન નંબર 01920 અસારવા-આગ્રા કેન્ટ સ્પેશિયલ 19 ફેબ્રુઆરીથી 30 માર્ચ 2026 સુધી (મંગળવાર અને બુધવાર સિવાય) અસારવાથી દરરોજ બપોરે 14:50 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે 07:45 વાગ્યે આગ્રા કેન્ટ પહોંચશે. તે જ રીતે ટ્રેન નંબર 01919 આગ્રા કેન્ટ-અસારવા સ્પેશિયલ 18 ફેબ્રુઆરીથી 29 માર્ચ 2026 સુધી (સોમવાર અને મંગળવાર સિવાય) આગ્રા કેન્ટથી દરરોજ સાંજે 18:10 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે 11:10 વાગ્યે અસારવા પહોંચશે. માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન હિંમતનગર, શામળાજી રોડ, ડુંગરપુર, સેમારી, જાવર, ઉદયપુર સિટી, રાણા પ્રતાપનગર, માવલી, ચંદેરિયા, માંડલગઢ, બૂંધી, કેશોરાય પાટણ, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, રૂપબાસ અને ફતેહપુર સીકરી સ્ટેશનો પર રોકાશે.ટ્રેન નંબર 09425 માટે બુકિંગ 21 ફેબ્રુઆરી 2026થી મુસાફર આરક્ષણ કેન્દ્રો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે તથા ટ્રેન નંબર 01920 માટે બુકિંગ ચાલુ છે. ટ્રેનોના સમયપત્રક, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

### ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ - 2026ને પગલે ગુજરાત સરકારની પહેલ

# ધોલેરા SIRમાં 250 મેગાવટ ગ્રીન AI રેડી ડેટા સેન્ટર કેમ્પસ માટે નવી દિલ્હીમાં MOU થયા

(એજન્સી) અમદાવાદ | તા.20

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી નવી દિલ્હીમાં યોજાઇ રહેલી ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ 2026 અંતર્ગત ગુજરાતે AI ક્ષેત્રે એક મહત્વપૂર્ણ એમ.ઓ.યુ. કર્યા છે.આ સમિટમાં ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એક્ટિવિટી અન્વયે ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને લાર્સન એન્ડ ટુબ્રો વ્યોમાં વચ્ચે આ એમ.ઓ.યુ. ધોલેરા SIR ખાતે 250 મેગા વોટના હાઈ પર સ્કેલ, ગ્રીન AI રેડી ડેટા સેન્ટરની સ્થાપના માટે કરવામાં આવ્યા છે. વન, પર્યાવરણ અને સાયન્સ -ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની વિશેષ ઉપસ્થિતિમાં થયેલા એમ.ઓ.યુ. દ્વારા L & T વ્યોમાં રૂ. 25 હજાર કરોડનું રોકાણ આ પ્રોજેક્ટમાં કરશે તેમજ સંભવત: 2028 સુધીમાં પ્રોજેક્ટ કાર્યરત થઈ જશે. આ એમ.ઓ.યુ. ગુજરાતને AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લાઉડ કમ્પ્યુટિંગ, એડવાન્સ્ડ એનાલિટિક્સ



**L & T વ્યોમા 25 હજાર કરોડનું રોકાણ પ્રોજેક્ટમાં કરશે - સંભવત: 2028 સુધીમાં પ્રોજેક્ટ કાર્યરત થશે**

અને સસ્ટેનેબલ ડિજિટલ ઈકોસિસ્ટમ માટે અગ્રણી હબ તરીકે સ્થાપિત કરવાના સહિયારા વિઝન તથા ગુજરાત IT/ITeS નીતિ (2022-27) સાથે સુસંગત છે. ધોલેરા SIRનો આ પ્રસ્તાવિત કેમ્પસ ઉચ્ચ અસરોવાળા રોકાણોને પ્રોત્સાહિત કરશે, નવીનતા આધારિત વિકાસને મજબૂત બનાવશે તેમજ કન્સ્ટ્રક્શન, કમિશનિંગ અને લાંબા ગાળાના ઓપરેશન્સમાં રોજગારીની નોંધપાત્ર તકોનું સર્જન કરશે. પ્રોજેક્ટ તે સંલગ્ન ઈકોસિસ્ટમના વિકાસથી પરોક્ષ રોજગારીનું સર્જન પણ થશે, તે ભવિષ્યના ડિજિટલ ટ્રાન્સફોર્મેશનના ચાલકબળ તરીકે ગુજરાતની ભૂમિકાને વધુ સુદ્દઢ બનાવશે. આ એમઓયુ મુજબ, L&T વ્યોમા જમીનની યોગ્યતા, માળખાગત સુવિધાઓની સજ્જતા, ઉપલબ્ધતા ક્ષેત્રો (અવેલેબિલિટી ઝોન્સ) અને ટકાઉપણાના પરિમાણોને આવરી લઈને સંભાવનાઓનું વિગતવાર મૂલ્યાંકન કરશે, ગુજરાત સરકાર પોતાના સંબંધિત વિભાગો મારફતે એક સક્ષમ માળખા સાથે પ્રોજેક્ટને સરળ બનાવશે. આ સીમાચિહ્નરૂપ એમઓયુ હાઈપરસ્કેલ AI ડેટા સેન્ટરની સજ્જતાને સક્ષમ કરીને ભવિષ્યના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગુજરાતના નેતૃત્વને વેગ આપશે. તેમજ ગ્લોબલ ક્લાઉડ અને AI કંપનીઓને આકર્ષિત કરવાની રાજ્યની ક્ષમતામાં વધારો કરશે, AI ટ્રેનિંગ અને એડવાન્સ્ડ એનાલિટિક્સ જેવા ઉભરતા કાર્યબોજને સહયોગ તેમજ નવીનીકરણ, ઉચ્ચ મૂલ્યની નોકરીઓ અને ટકાઉ આર્થિક વિકાસ માટે એક સ્થિતિસ્થાપક પણ ઈકોસિસ્ટમનું નિર્માણ કરશે.

## માળખાગત સર્વાંગી વિકાસ સાધતુ લોકાભિમૂખ બજેટ : મુકેશ દોશી

રાજકોટ : તા. 20

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમના સ્થાપક અને રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશ દોશીએ ગુજરાત રાજ્યના સતત પાંચમી વાર રાજ્યના અત્યાર સુધીના ઈતિહાસના સૌથી મોટા લોકભિમુખ સમતોલ બજેટ રજૂ કરનાર નાણામંત્રી કનુભાઈ દેસાઈના બજેટને આવકારી અભિનંદન આપતા જણાવેલ છે કે નાણામંત્રીએ અસંખ્ય પ્રજા કલ્યાણની યોજનાઓ ગુજરાતીની પ્રજાની સુખાકારી અને સર્વાંગી વિકાસ માટે જાહેરાત કરી છે. જેમાં શિક્ષણ ઉધ્યોગ આરોગ્ય અને માળખાગત સુવિધાઓ પર ભાર મુકેલ છે સૌરાષ્ટ્રના પાટનગર રજકોટમાં એક હજાર બેડની હોસ્પિટલ નિર્માણ, નવી બે હજાર આંગણવાડીઓ, ઓલિમ્પિકની તૈયારીના ભાગરૂપે સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગરીબ અને મધ્યમ વર્ગ માટે આવાસો, પરિવહન માટે નવીબસો, પ્રવાસન વર્ષની જાહેરાત, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ, દિવ્યાંગોને ટ્રાયસિકલ વ્હીલચેર માટે વિશેષ ેગવાઈ, સેટેલાઈટ ટાઉન, શહેરી વિકાસ માટે વિશેષ ફાળવણી, નમો પુસ્તકાલય, સ્કૂલ ઓફ એક્સેલન્સ સહિતની જાહેરાતો વિકસિત ગુજરાતના સંકલ્પને સાકાર કરનારું બની રહેશે તેમ અંતમાં મુકેશ દોશીએ જણાવેલ છે.

# ખેડૂતોને ટ્રેક્ટર માટે સહાય આપવામાં ગુજરાત દેશભરમાં અગ્રેસર

(એજન્સી) ગાંધીનગર | તા.20

વિધાનસભામાં ધારાસભ્યશ્રી દ્વારા રાજ્યમાં ટ્રેક્ટર સહાય યોજના અંગે પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ગુજરાતના કૃષિ યાંત્રીકીકરણના વધતા વ્યાપ અને સરકારની ખેડૂતલક્ષી નીતિઓની વિગતો રજૂ કરી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખેતીમાં શ્રમ ઘટાડવા અને ઉત્પાદકતા વધારવા માટે ટ્રેક્ટર એક અનિવાર્ય સાધન છે અને ગુજરાત સરકાર ખેડૂતોને આ દિશામાં મહત્તમ સહાય કરી રહી છે. કૃષિ મંત્રીશ્રીએ ગૃહમાં ગૌરવપૂર્વક જણાવ્યું હતું કે, ગુજરાતમાં કૃષિ યાંત્રીકીકરણને વેગ આપવા માટે એજીઆર-૫૦ (ટ્રેક્ટર સહાય યોજના)ની શરૂઆત વર્ષ ૨૦૧૧-૧૨માં રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવી હતી. શરૂઆતમાં આ યોજના માત્ર રૂ. ૫૫ કરોડની જોગવાઈથી શરૂ થઈ હતી, જેનો મુખ્ય ઉદ્દેશ્ય વાવેતર અને ઉત્પાદનમાં વધારો કરી ખેતીને આધુનિક બનાવવાનો હતો. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આ યોજનાના વ્યાપમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં આ યોજના માટે બજેટમાં રૂ. ૮૦૦ કરોડ સુધીની જોગવાઈ કરવામાં આવી છે. નોંધનીય છે કે, સમગ્ર દેશમાં ટ્રેક્ટર ઘટક માટે આટલી મોટી રકમની જોગવાઈ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે, તેમ તેમણે ઉમેર્યું હતું.આ ઉપરાંત ટ્રેક્ટરની ખરીદીમાં સહાયની મર્યાદા પણ વધારીને રૂ. ૧ લાખ કરવામાં આવી છે. વિગતવાર માહિતી આપતાં તેમણે કહ્યું કે, છેલ્લા ૫ નાણાકીય વર્ષ દરમિયાન રાજ્યના કુલ ૨,૦૧,૬૦૫ ખેડૂત લાભાર્થીઓને ટ્રેક્ટરની ખરીદી માટે કુલ રૂ. ૧,૧૯૧.૯૪ કરોડની નાણાકીય સહાય સીધી તેમના બેંક ખાતામાં ચૂકવવામાં આવી છે.

# દિવસ દરમિયાન CAની ઓફિસમાં નોકરી, સાંજે પોલીસનો વેશ



**CAની ઓફિસમાં નોકરી કરતો શખસ સાંજે 'નકલી પોલીસ' બની જતો, બોડકદેવ પોલીસે ઝડપી પાડ્યો**

(એજન્સી) અમદાવાદ | તા.20

અમદાવાદમાં ટ્રાફિક પોલીસનો રોફ જમાવી વાહનચાલકોને અટકાવી દસ્તાવેજોની તપાસ કરતા એક નકલી પોલીસનો પર્દાફાશ થયો છે. બોડકદેવ પોલીસ સ્ટેશન દ્વારા ભરત સેનવા નામના શખસની ધરપકડ કરવામાં આવી છે, જે પોલીસ અધિકારી હોવાનો ઢોંગ કરી નાગરિકોને પરેશાન કરતો હતો.મળતી માહિતી અનુસાર, એન ડિવિઝન ટ્રાફિક પોલીસના કર્મચારીઓ હેબતપુર ચાર રસ્તા નજીક ફરજ પર હતા. આ દરમિયાન ટ્રાફિક ઓછો હોવાથી કોન્સ્ટેબલ અને TRB જવાનો રસ્તાની બાજુમાં ઊભા હતા. ત્યારે તેમની નજર એક શખસ પર પડી જેણે ખાખી પેન્ટ અને પોલીસ જેવા જ બૂટ પહેરેલા હતા. તે આવતા-જતા વાહનચાલકોને રોકીને તેમની પાસેથી ડ્રાઈવિંગ લાઈસન્સ અને ગાડીના કાગળો માંગતો હતો. તેનું વર્તન શંકાસ્પદ લાગતા અસલી ટ્રાફિક પોલીસે તેની પાસે જઈને આઈકાર્ડ માંગ્યું, પરંતુ તે કોઈ પણ સત્તાવાર દસ્તાવેજ રજૂ કરી શક્યો નહીં. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જે વિગતો સામે આવી છે તે ચોંકાવનારી છે. આરોપીનું નામ ભરત સેનવા છે અને તે વિજાપુર તાલુકાનો વતની છે. તે છેલ્લા 13 વર્ષથી અમદાવાદના પ્રહલાદનગર વિસ્તારમાં એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA)ની ઓફિસમાં નોકરી કરે છે. તે દરરોજ સવારે રિક્ષામાં વડાસનથી અમદાવાદ નોકરીએ આવતો હતો. ઓફિસનો સમય (10 થી 6) પૂરો થયા પછી તે ખાખી પોશાક પહેરીને રસ્તા પર ઉભો રહી જતો હતો અને પોલીસ હોવાની છાપ ઉભી કરી વાહનચાલકોને રોકતો હતો. એન ડિવિઝન ટ્રાફિક કોન્સ્ટેબલની ફરિયાદના આધારે બોડકદેવ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આરોપીએ અત્યાર સુધીમાં કેટલા વાહનચાલકોને રોક્યા છે અને શું તેણે કોઈની પાસેથી ડરાવી-ધમકાવીને પૈસા પડાવ્યા છે? શું આ માત્ર સત્તા દર્શાવવાનો શોખ હતો કે પછી આર્થિક ઉઘરાણીનું મોટું કૌભાંડ?

## ભાલના પ્રખ્યાત ચણાની બજારમાં ધમાકેદાર એન્ટ્રી

ભાલ | ગુજરાતના પ્રખ્યાત ભાલ પંથકના ખેડૂતો માટે લાંબા સમયની રાહનો અંત આવ્યો છે. આજથી ધંધુકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે ચણાની જાહેર હરાજીનો વિધિવત અને ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો છે. ચણાની નવી આવક શરૂ થતા જ માર્કેટ યાર્ડ ખેડૂતો અને વેપારીઓની ચહલપહલથી ગુંજી ઉઠ્યું હતું.આજના પ્રથમ દિવસની હરાજી પ્રસંગે ધંધુકા APMCના ચેરમેન તથા વાઈસ ચેરમેન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સંસ્થાના ડિરેક્ટરો, અગ્રણી વેપારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતોની હાજરીમાં શાસ્ત્રોક્ત વિધિ બાદ હરાજીની શરૂઆત કરવામાં આવી હતી. હરાજીના પ્રથમ દિવસે જ બજારમાં અંદાજે 210 ક્વિન્ટલ ચણાની આવક નોંધાઈ હતી. ખેડૂતોને તેમની મહેનતના સારા ભાવ મળી રહેતા સંતોષ જોવા મળ્યો હતો.

# અમદાવાદ શહેરમાં ફરી એકવાર બોગસ કોલ સેન્ટર ઝડપાયું

## ટેલિગ્રામ ડેટાથી ગૂગલ વોઈસ સુધી... અમદાવાદમાં સાયબર ઠગાઈનો નવો ખુલાસો

(એજન્સી) અમદાવાદ | તા.20

અમદાવાદ શહેરમાં ફરી એકવાર બોગસ કોલ સેન્ટર સામે આવ્યું છે. અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં પોલીસને મળેલી બાતમીના આધારે રંગ અવધૂત સોસાયટીમાં રેડ કરી ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવતા કોલ સેન્ટરનો ભાંડાફોડ કરવામાં આવ્યો છે. પોલીસે મુનાફખાન પઠાણ અને સકલૈન સિપાઈ નામના બે આરોપીની ધરપકડ કરી છે. તપાસ દરમિયાન 6 મોબાઈલ, 2 લેપટોપ, 2 પેન ડ્રાઈવ તેમજ બનાવટી લોન એપ્રુવલ લેટર સહિતના પુરાવા જપ્ત કરવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસ મુજબ આરોપી



મુનાફખાન ટેલિગ્રામ મારફતે વિદેશી નાગરિકોનો ડેટા મેળવતો હતો. ત્યારબાદ ગૂગલ વોઈસ એપ ઈન્સ્ટોલ કરીને પોતાને "લિબેટ્રી લોન ફાઈનાન્સ" કંપનીના અધિકારી તરીકે રજૂ કરતો અને વિદેશી નાગરિકોને કોલ, મેસેજ અને ઈમેઈલ દ્વારા સંપર્ક કરતો. આરોપીઓ બનાવટી લોન મંજૂરી પત્ર મોકલી પીડિતોના બેંક એકાઉન્ટના ID અને પાસવર્ડ મેળવી લેતા. ચેક ડિપોઝિટ થયા બાદ રૂપિયા ઓનલાઈન માધ્યમથી વોલમાર્ટ અને અન્ય સ્ટોરના ગિફ્ટ કાર્ડ તેમજ USDT દ્વારા ભારતમાં મંગાવતા. છેલ્લા છ મહિનાથી આ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ હોવાની માહિતી સામે આવી છે.હાલ પોલીસે બંને આરોપીઓને ઝડપી વધુ પૂછપરછ શરૂ કરી છે અને આ ઠગાઈમાં અન્ય કોણ સંકળાયેલા છે તેની તપાસ ચાલી રહી છે.

## સતત બીજા દિવસે ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી

અમદાવાદ | ઉત્તર ગુજરાત, પૂર્વ રાજસ્થાનથી લઈને મધ્ય ઉત્તર પ્રદેશ સુધીમાં આકાર પામેલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે, આજે શુક્રવારે પણ ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો કમોસમી વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગે કરી છે. ગઈકાલ ગુરુવારના રોજ પણ હવામાન વિભાગે આગાહી કરી હતી કે, ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવો કમોસમી વરસાદ વરસવાની સંભાવના છે. જો કે હવામાન વિભાગે, કમોસમી વરસાદની સાથે કેટલાક વિસ્તારોમાં ઝડપી તોફાની પવન ફુંકાવાની પણ આગાહી કરી હતી. આજે શુક્રવારે પણ હવામાન વિભાગે, ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં, હળવો કમોસમી વરસાદ વરસવાની આગાહી કરી છે.

# અમદાવાદ પ્લેન ક્રેશમાં દાઝેલા અજય પરમારનો એર ઈન્ડિયા સામે ગંભીર આક્ષેપ

(એજન્સી) અમદાવાદ | તા.20

અમદાવાદમાં 12મી જૂન 2025ના રોજ એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં બચેલા અને ગંભીર રીતે દાઝેલા પીડિત અજય પરમારે એરલાઈન્સ કંપની સામે ગંભીર આક્ષેપો કરતા ચકચાર મચી ગઈ છે. તેણે દાવો છે કે કંપનીએ તેની મજબૂરીનો ફાયદો ઉઠાવી, વકીલ કે પરિવારની ગેરહાજરીમાં દબાણ પૂર્વક દસ્તાવેજો પર સહી કરાવી લીધી છે. મળતી માહિતી અનુસાર, 12મી જૂનના રોજ જ્યારે અજય પરમાર મોપેડ લઈને જમવા જઈ રહ્યા હતા, ત્યારે પ્લેન ક્રેશની ઘટના બની હતી. આ અકસ્માતમાં તેનું મોપેડ સળગી ગયું હતું અને તે 23 ટકા જેટલા દાઝી ગયો હતો. અકસ્માત બાદ તેણે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સતત બે મહિના સુધી સારવાર લીધી હતી. પીડિત અજય પરમારના જણાવ્યાનુસાર, લગ્નના માત્ર એક જ મહિના બાદ આ દુર્ઘટના ઘટી હતી. શારીરિક અક્ષમતાને કારણે પત્ની પણ જતી રહી છે અને હાલ તેમની પાસે કોઈ રોજગારી નથી. અજય પરમારે દાવો કર્યો કે, મોપેડના ખર્ચના બિલ પર સહી કરાવવાના બહાને તેની પાસે 'ફુલ એન્ડ ફાઈનલ' સેટલમેન્ટના દસ્તાવેજો પર સહી કરાવી લેવામાં આવી. વકીલ કે પરિવારને જાણ કર્યા વગર જ દસ્તાવેજો પડાવી લેવાયા. તેમણે કહ્યું કે, 'મને દસ્તાવેજ સમજાયો નહોતો.'

# ગુજરાતની સૌથી લાંબી રેલવે ટનલનું 40% કામ પૂર્ણ, 2028માં દોડશે પ્રથમ ટ્રેન

(એજન્સી) અમદાવાદ | તા.20

તારંગા-અંબાજી-આબુ રોડ રેલવેનો 2,798.16 કરોડના પ્રોજેક્ટમાં ગુજરાતની સૌથી મોટી 1,830 મીટરની ટનલની 40 ટકા કામગીરી પૂર્ણ થઈ છે. આ કામગીરી 24 કલાક યુદ્ધના ધોરણે આધુનિક મશીનરીની મદદથી 11.5 મહિનામાં 683 મીટર ટનલ તૈયાર કરાઈ છે. જ્યારે 60 ટકા ટનલ પૂર્ણ કરતા એક વર્ષનો સમય લાગશે. આ પ્રોજેક્ટ શરૂ થતાં ઉત્તર ગુજરાત સહિત ગુજરાત, રાજસ્થાનના લોકોને કનેક્ટિવિટી સરળતાથી મળશે. તારંગા-અંબાજી-આબુ



રોડ સુધીના 11.65 કિલોમીટરના નવો રેલવે લાઈન પ્રોજેક્ટ અંતર્ગત પોશીના તાલુકાના ધ્રોવફળો પાસે ગુજરાતની સૌથી લાંબી રેલવે ટનલ નિર્માણ પામી રહી છે. રેલવે સૂત્રોના જણાવ્યા મુજબ, આ ટનલ ગુજરાતની સૌથી લાંબી ટનલ છે. જેની કુલ લંબાઈ 1,830 મીટર રહેશે. ટનલને બનાવવા માટે મુખ્ય ઈજનેરે જણાવ્યું કે, કામ દરમિયાન અનેક પડકાર આવે છે પરંતુ અંદર કામ કરતા મોટાભાગના લોકો અનુભવી હોવાથી ખાસ વાંધો આવતો નથી.

### 2028માં પ્રથમ ટ્રેન દોડાવાશે

તારંગા અંબાજી આબુ રેલવે લાઈન પ્રોજેક્ટને 2026-27 સુધી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રખાયો છે. રેલવે સૂત્રોનું માનીએ તો અંદાજે 2028માં પ્રથમ રેલવે પાટા ઉપર દોડાવી ટેસ્ટિંગ કરવામાં આવશે.

### ટનલની 60 ટકા કામગીરી પૂર્ણ કરતા હજુ એક વર્ષ લાગશે

ટનલમાં એક મિનિટ રહેવું અઘરું હોવાથી વેન્ટિલેશન મશીન મૂકાયું છે. જેમ ટનલની અંદર જઈએ તેમ ગરમી વધુ લાગે છે અને ઓક્સિજન ઓછું થતું જાય છે. જેથી 1 મિનિટ પણ રહેવું અઘરું હોય છે. જેના માટે મોટું વેન્ટિલેશન મશીન મૂકાયું છે, જેથી ગરમ હવા બહાર આવે અને તાજી હવા અંદર આવે છે અને આ મશીન 24 કલાક ચાલુ રહે છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...